અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
'કન્નપ્પા'નો ફર્સ્ટ લૂક રિલીઝ... અક્ષય ભગવાન શિવની ભૂમિકા ભજવશે, કાજલ પાર્વતીના...

પેજ-09
સુરેશ રૈનાએ કહ્યું- સૂર્યા ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાં હોવો જોઈએ



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 16.00 |
| સુરત | 31.00 | 18.00 |

પેજ 5




દેશના 64 વર્ષ જૂના આવકવેરા કાયદામાં થશે ફેરફાર ? સરકાર રજૂ કરી શકે છે...


21 JANUARY-2025 TUESDAY


મુકેશ અંબાણી શપથ ગ્રહણ પહેલા ટ્રમ્પને મળ્યા, રિલાયન્સ ફાઉન્ડેશને આ...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77073.44 | ▲ | 454.11 |
| નિફ્ટી | 23344.75 | ▲ | 141.55 |
| સોનું | 78557.00 | ▼ | 466.00 |
| ચાંદી | 91452.00 | ▼ | 150.00 |


વર્ષ-14 । અંક-064 । વિક્રમ સંવત-2081 । પોષ વદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લીધા... જેડી વાન્સ ઉપરાષ્ટ્રપતિ બન્યા

# ટ્રમ્પનો થયો રાજ્યાભિષેક, રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા

(એજન્સી) વોશિંગ્ટન | તા.20

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વખત શપથ લીધા. તેઓ ભારતીય સમય મુજબ સોમવારે રાત્રે 10:30 વાગ્યે યુએસ પાર્લામેન્ટ કેપિટોલ હિલ ખાતે શપથ ગ્રહણ કર્યા. યુએસ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જોન રોબર્ટ શપથ લેવડાવ્યા. પહેલા ટ્રમ્પે જેડી વાન્સ ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. કડકડતી ઠંડીને કારણે 40 વર્ષ પછી શપથ ગ્રહણ સમારોહ ઈન્ડોરમાં રાખવામાં આવ્યો છે. હાલમાં રાજધાનીનું તાપમાન માઈનસ 5 ડિગ્રી સેલ્સિયસ છે. 1985માં રોનાલ્ડ રીગનનો શપથ ગ્રહણ યુએસ કેપિટોલ હિલ ખાતે થયો હતો. ટ્રમ્પ તેમની પત્ની મેલાનિયા સાથે વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. અહીં તેમનું સ્વાગત રાષ્ટ્રપતિ જો બાઈડન દ્વારા કરવામાં આવ્યું હતું.



## ડોનાલ્ડ ટ્રમ્પે કરી મોટી જાહેરાત


### બાઈડેનના બધા આદેશો 24 કલાકમાં રદ કરવામાં આવશે...

ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહ ભારતીય સમય મુજબ સવારે 10:30 વાગ્યે થયા. શપથ લેતા પહેલા ટ્રમ્પે પોતાનું વલણ બતાવ્યું હતું. તેમણે જાહેરાત કરી છે કે જો બિડેનના બધા જ ઓર્ડર 24 કલાકની અંદર રદ કરવામાં આવશે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે તેઓ શપથ લેતાની સાથે જ 100 મહત્વપૂર્ણ ફાઈલો પર હસ્તાક્ષર કરશે. શપથ લીધા પછી ટ્રમ્પ શું કરવાના છે તેનું ચિત્ર પણ સ્પષ્ટ થઈ રહ્યું છે. તેમણે તેમની ટીમને રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે ફોન કોલ માટે તૈયારી કરવા કહ્યું છે

### ટ્રમ્પ પત્ની મેલાનિયા સાથે વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા,

અમેરિકાના ચૂંટાયેલા નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની પત્ની મેલાનિયા સાથે વ્હાઈટ હાઉસ પહોંચ્યા. અહીં તેમનું સ્વાગત રાષ્ટ્રપતિ જો બાઈડન દ્વારા કરવામાં આવ્યું હતું.

### પુતિને ટ્રમ્પને અભિનંદન આપ્યા



રશિયાના રાષ્ટ્રપતિ પુતિને ટ્રમ્પને અભિનંદન આપ્યા અને કહ્યું કે તેઓ યુક્રેન અને પરમાણુ હથિયારો મુદ્દે વાતચીત માટે અમે તૈયાર છીએ. યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મરે ટ્રમ્પને શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું, કે 'યુનાઈટેડ કિંગડમ અને અમેરિકા વચ્ચે વિશેષ સંબંધ છે.

**દિગ્ગજો હાજર રહ્યા :** ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ઘણા ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિઓ, યુએસ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયાધીશોએ હાજરી આપી હતી. ડોનાલ્ડ ટ્રમ્પનો પરિવાર પણ શપથ ગ્રહણ સમારોહમાં પહોંચ્યો હતો.

**ટ્રમ્પની શપથવિધિ અગાઉ અમેરિકામાં કુદરતનો કેર, લોકોને ઘરોમાં જ રહેવા અપીલ :** 20મી જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તાવાર રીતે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બનશે અને શપથવિધિ કરશે. અમેરિકાના સમય અનુસાર બપોરે 12 વાગ્યે તેઓ શપથ લેશે. જોકે શપથવિધિ અગાઉ અમેરિકામાં કુદરતનો કેર જોવા મળી રહ્યો છે. જેના કારણે ટ્રમ્પે સમર્થકોને રસ્તા પર ઉજવણી ન કરવા અપીલ પણ કરી છે. કડકડતી ઠંડીના કારણે 40 વર્ષ બાદ અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની શપથવિધિ ખુલ્લા આકાશ નીચે નહીં પણ રોટુંડા હૉલમાં યોજાશે. અગાઉ 1985માં પણ ઈનડોર શપથવિધિ યોજાઈ હતી. અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પની જીત બાદથી જ દુનિયાભરના દેશોના રાજકારણ પર તેજીથી ફેરબદલ થઈ રહ્યા છે. એવામાં ટ્રમ્પે કહ્યું છે કે ખુરશી સંભાળતા જ તેઓ 100 મહત્વપૂર્ણ ફાઈલો પર સહી કરશે.

**અમેરિકામાં ફરી શરુ થઈ ગયું ટિક-ટોક, ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઑર્ડર પાસ કર્યો :** અમેરિકામાં ટિક-ટોકની સર્વિસ ફરી શરુ થઈ ગઈ છે. ટિક-ટોકની પેરન્ટ કંપની બાઈટડાન્સ દ્વારા રવિવારે તેમની સર્વિસને અમેરિકામાં બંધ કરી દેવામાં આવી હતી. જોકે ડોનાલ્ડ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઑર્ડર પાસ કરીને ફરી સર્વિસ શરુ કરી દીધી છે. ટિક-ટોક દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માનવામાં આવ્યો છે. ટિક-ટોકના સર્વિસ પ્રોવાઈડરને જરૂરી તમામ માહિતી આપી હતી અને તેમને સાંત્વના પણ આપી હોવાથી સર્વિસને ફરી શરુ કરવામાં આવી છે. આ વિશે કંપનીએ સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે 'અમે પ્રેસિડન્ટ ટ્રમ્પનો આભાર માનીએ છીએ કે તેમણે અમને જરૂરી તમામ માહિતી આપી છે. આ સાથે જ એ વાતની ખાતરી આપી છે કે તેમના સર્વિસ પ્રોવાઈડરને કોઈ પણ પેનલ્ટી ભરવી નહીં પડે.

---

**કોર્ટે કહ્યું- આ રેરેસ્ટ ઓફ ધ રેર કેસ**

## કેરળમાં 24 વર્ષની યુવતીને કોર્ટે ફાંસીની સજા આપી

### યુવતીએ 2022માં બોયફ્રેન્ડને આયુર્વેદિક ટોનિકમાં ઝેર ભેળવીને પીવડાવ્યું હતું



(એજન્સી) નવી દિલ્હી | તા.20

કેરળના તિરુવનંતપુરમની જિલ્લા અદાલતે સોમવારે 24 વર્ષીય યુવતીને મૃત્યુદંડની સજા સંભળાવી છે. ઓક્ટોબર 2022માં યુવતીએ તેના બોયફ્રેન્ડને આયુર્વેદિક ટોનિકમાં ઝેર ભેળવીને પીવડાવી દીધું અને તેને મારી નાખ્યો હતો.

યુવતીના લગ્ન બીજે નક્કી થયા હતા, એટલે તેણે બોયફ્રેન્ડથી પીછો છોડાવવા માટે તેને મારી નાખ્યો. તેના કાકા નિર્મલાકુમારણ નાયરને હત્યામાં સાથ આપવા અને પુરાવા નષ્ટ કરવાના મામલે દોષી ઠરાવવામાં આવ્યો છે, તેને 3 વર્ષની સજા ફટકારવામાં આવી છે. પુરાવાના અભાવે યુવતીની માતાને છોડી દેવામાં આવી છે.

સજા સંભળાવ્યા બાદ દોષિત ગ્રીષ્માને મહિલા જેલ અને સુધાર ગૃહ અટ્ટાકુલંગારામાં લઈ જવામાં આવી હતી.

ગ્રીષ્માના વકીલે કહ્યું- તે શિક્ષિત છે અને તેનાં માતા-પિતાની એકમાત્ર પુત્રી છે. તેનો અત્યાર સુધી કોઈ ગુનાહિત રેકોર્ડ નથી. આવી સ્થિતિમાં સજા ઘટાડવી જોઈએ.

કોર્ટે 586 પાનાંના પોતાના નિર્ણયમાં કહ્યું કે ગુનાની ગંભીરતાને જોતા આરોપીની ઉંમર અને અન્ય સંજોગોને ધ્યાનમાં લેવાની જરૂર નથી. ગ્રીષ્માએ પ્લાનિંગ સાથે શેરોનની હત્યા કરી હતી. ધરપકડ બાદ તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો જેથી તપાસને વાળવામાં આવે.

**સજા ફટકારતા કોર્ટે કહ્યું...**

**આ રેયરેસ્ટ ઓફ ધ રેર કેસ છે. યુવતીએ તે વ્યક્તિને દગો આપ્યો જે તેને પ્રેમ કરતો હતો અને તેનાથી સમાજમાં સારો મેસેજ નથી ગયો. સજા સંભળાવ્યા બાદ દોષિત ગ્રીષ્માને મહિલા જેલ અને સુધાર ગૃહ અટ્ટાકુલંગારામાં લઈ જવામાં આવી હતી.**

---

### ઘટનાના 164 દિવસ બાદ સિયાલદહ કોર્ટે સંભળાવી સજા; કોર્ટે કહ્યું- આ 'રેરેસ્ટ ઓફ ધી રેર'કેસ નથી

# કોલકાતા રેપ-મર્ડર કેસ : સંજય રોયને આજીવન કેદની સજા

(એજન્સી) કોલકાતા | તા.20

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ-હોસ્પિટલમાં 8-9 ઓગસ્ટની રાત્રે ટ્રેઈની ડૉક્ટર યુવતી પર રેપ અને હત્યાના દોષિત સંજય રોયને આજીવન કેદ (મૃત્યુ સુધી જેલ)ની સજા ફટકારવામાં આવી છે. સિયાલદહ કોર્ટના જજ અનિર્બાન દાસે સોમવારે બપોરે 2.45 કલાકે સજા સંભળાવતાં કહ્યું, આ 'રેરેસ્ટ ઓફ ધી રેર' કેસ નથી. મૃત્યુદંડ આપી શકાય નહીં. જસ્ટિસ દાસે પશ્ચિમ બંગાળ સરકારને પીડિત પરિવારને 17 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે, જોકે પરિવારે એને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. બપોરે 12:30 વાગ્યે ચુકાદો આપતાં પહેલાં કોર્ટે દોષિત સંજય, સીબીઆઇ અને પીડિતાના પરિવારની વાતો સાંભળી હતી. સંજયને કહ્યું- તું કયા ગુનામાં દોષિત છે એ તને જણાવવામાં આવ્યું છે. કોર્ટે 18 જાન્યુઆરીએ સંજયને દોષિત જાહેર કર્યો હતો. ઘટનાના 164મા દિવસે (20 જાન્યુઆરી) સજા અંગે 160 પાનાંનો ચુકાદો આપવામાં આવ્યો હતો. સીબીઆઈ અને પીડિતાના પરિવારે ફાંસીની સજાની માગ કરી હતી.

### સંજયે કોર્ટમાં કહ્યું, 'મેં ગુનો કર્યો નથી'



સંજયે કોર્ટમાં કહ્યું, 'મેં ગુનો કર્યો નથી, ન તો બળાત્કાર કે ન હત્યા. ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તમે બધું જોયું છે. હું નિર્દોષ છું. મેં તમને પહેલેથી જ કહ્યું હતું કે મને ત્રાસ આપવામાં આવ્યો હતો. તેઓ જે ઈચ્છતા હતા એના પર સહી કરાવી હતી.

**સંજયના પરિવારે કહ્યું :**
ભલે તેને ફાંસી આપવામાં આવે. અમે નિર્ણય સામે અપીલ નહીં કરીએ. સંજયની માતાએ કહ્યું હતું કે હું તે છોકરીનાં માતા-પિતાનું દર્દ સમજું છું, મારી પણ દીકરીઓ છે.

### 'હું કોર્ટના નિર્ણયથી સંતુષ્ટ નથી...' સજા પર મુખ્યમંત્રી મમતા બેનર્જી



મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે પહેલા દિવસથી જ અમે ગુનેગારને મૃત્યુદંડની માંગ કરી રહ્યા છીએ અને હવે પણ તે જ માંગ કરી રહ્યા છીએ. જો કેસ અમારા હાથમાં હોત, તો અમે ઘણા સમય પહેલા જ આ કેસમાં મૃત્યુદંડનો આદેશ આપ્યો હોત, પરંતુ કેસની તપાસ અમારી પાસેથી છીનવી લેવામાં આવી અને સીબીઆઈને સોંપવામાં આવી. અમને ન્યાય જોઈએ છે, આવા ગુનેગારોને ફાંસી આપવી જોઈએ. હું કોર્ટના આદેશથી સંતુષ્ટ નથી.

---

# રાહુલ ગાંધીને 'સુપ્રીમ' રાહત

**શાહ અંગે ટિપ્પણી : માનહાનિના કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર સ્ટે**

(એજન્સી) નવી દિલ્હી | તા.20



માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી ગઈ છે. સુપ્રીમ કોર્ટે આગામી આદેશ સુધી ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર સ્ટે લગાવી દીધો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠે કેસ રદ કરવાની માગ કરતી રાહુલ ગાંધીની અરજી પર ઝારખંડ સરકાર અને ફરિયાદી પાસેથી જવાબ પણ માગ્યો છે. સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન રાહુલ ગાંધી તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ એ વાત પર પ્રકાશ પાડ્યો હતો કે, ફરિયાદ કોઈ ત્રીજા પક્ષ દ્વારા દાખલ કરવામાં આવી હતી અને માનહાનિના ગુનાના કેસમાં આવું કરવું સ્વીકાર્ય નથી. સિંઘવીએ પૂછ્યું કે, જો તમે પીડિત વ્યક્તિ નથી તો ફરિયાદ નોંધાવવા માટે પ્રોક્સી કેવી રીતે મેળવી શકો છો?

### સુપ્રીમ કોર્ટે ઝારખંડ સરકાર અને નવીન ઝાને નોટિસ મોકલી

બીજી તરફ માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની અરજી પર સુપ્રીમ કોર્ટે ઝારખંડ સરકાર અને ફરિયાદી ભાજપ કાર્યકર નવીન ઝાને નોટિસ મોકલી છે. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે ભાજપ નેતા નવીન ઝાએ રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી અને આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધીએ 18 માર્ચ, 2018ના રોજ ભાજપની ટીકા કરતું ભાષણ આપ્યું હતું અને અમિત શાહ પર હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો અને તેમને ખુની કહ્યા હતા.

---

## સોપોરમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં જવાન શહીદ

(એજન્સી) જલોરા | તા.20

બારામુલ્લા જિલ્લાના જલોરા ગામમાં કાશ્મીર પોલીસ, ભારતીય સેના અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન એક સૈનિક ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલ જવાનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. રવિવારે સુરક્ષા દળો અને પોલીસે સોપોરના જલોરા ગામમાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન દરમિયાન એક છુપાયેલા ઠેકાણાનો પર્દાફાશ કર્યો હતો. આ ગામ સોપોરથી થોડાક કિલોમીટર દૂર છે. એન્કાઉન્ટર ત્યારે શરૂ થયું જ્યારે આતંકવાદીઓએ સોપોર પોલીસની સાથે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ની 22 રાષ્ટ્રીય રાઈફલ્સ, 179મી બટાલિયન પર ગોળીબાર કર્યો.

---

**પાર્થિવ દેહ માટે પિતાની ભાવુક અપીલ**

## અમેરિકામાં 26 વર્ષીય ભારતીય યુવકની હત્યા

### મૂળ હૈદરાબાદના રવિ તેજાની વોશિંગ્ટનમાં ગોળીમારીને હત્યા કરાઈ : હુમલાખોરો ફરાર



(એજન્સી) નવી દિલ્હી | તા.20

અમેરિકામાં મૂળ ભારતીયો પર હુમલા સતત વધી રહ્યા છે. 20 જાન્યુઆરીએ અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં ભારતીય યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. યુવક મૂળ હૈદરાબાદનો હતો અને વર્ષ 2022માં ડિગ્રી હાંસલ કરવા માટે અમેરિકા ગયો હતો. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ યુવક ત્યાં નોકરી શોધી રહ્યો હતો.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર યુવકનું નામ રવિ તેજા હતું અને તેનો પરિવાર હૈદરાબાદની ગ્રીન હિલ્સ કોલોનીમાં રહે છે. સોમવારે સવારે રવિના પરિવારને સૂચના મળી કે તેમના પુત્રને અજ્ઞાત હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી છે. કોણે અને કઈ પરિસ્થિતિમાં હુમલો કર્યો તેની હજુ સુધી જાણકારી પ્રાપ્ત થઈ શકી નથી. જોકે સ્થાનિક પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી દીધી છે.

### પોસ્ટ-ગ્રેજ્યુએશન કરવા માટે યુએસ ગયો હતો

ભારતમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા પછી, રવિ તેજા 2022 માં પોસ્ટ-ગ્રેજ્યુએશન કરવા માટે યુએસ ગયો હતો. અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તે ત્યાં સતત ઈન્ટરવ્યુ આપીને નોકરી શોધી રહ્યો હતો. તેજાના એક મિત્રએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે આવો દિવસ કોઈના નસીબમાં ન હોવો જોઈએ. તે ખૂબ જ આશાઓ સાથે અમેરિકા ગયો હતો અને હવે જુઓ કે તે કેવી રીતે પાછો ફરે છે.

**પિતાની ભાવુક અપીલ ...**

**મૂળ ભારતીય શિક્ષક શ્રીરામ સિંહની પણ હત્યા કરવામાં આવી હતી, તેઓ 40 વર્ષથી અમેરિકામાં જ સ્થાયી થયા હતા. રવિના પિતાએ રડતાં રડતાં સરકારને અપીલ કરી છે કે મારા પુત્રનો પાર્થિવ દેહ વહેલામાં વહેલી તકે ભારત લાવવામાં આવે. હું કશું કહી શકું તે પરિસ્થિતિમાં નથી.**

---

# હિમાચલ સહિત 3 રાજ્યોમાં હિમવર્ષા, 11માં ધુમ્મસ: દિલ્હીમાં 19 ટ્રેનો મોડી, અયોધ્યામાં શાળાઓ બંધ

(એજન્સી) નવી દિલ્હી | તા.20

જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશમાં સતત હિમવર્ષા થઈ રહી છે. બર્ફીલા પવનોને કારણે હિમાચલના ત્રણ શહેરોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. તાબોમાં સૌથી ઓછું તાપમાન માઈનસ 5 ડિગ્રી નોંધાયું હતું. આગામી 4 દિવસ સુધી અહીં હિમવર્ષા થવાની સંભાવના છે. આ સિવાય સોમવારે સવારે દેશના 11 રાજ્યોમાં ગાઢ ધુમ્મસ પણ છવાયું હતું. મધ્યપ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડ ઉપરાંત ઉત્તર પૂર્વના રાજ્યોમાં વિઝિબિલિટી ઘટી છે. દિલ્હીમાં ધુમ્મસના કારણે 19 ટ્રેનો મોડી પડી હતી.

બર્ફીલા પવનોને કારણે ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે નોંધાયું હતું. ઈટાવામાં પારો 5 ડિગ્રીએ પહોંચ્યો હતો. અયોધ્યામાં ઠંડીના કારણે 5મા ધોરણ સુધીની શાળાઓ બંધ રાખવામાં આવી હતી. તેમજ, 6 થી 12 સુધીની શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પંજાબમાં પણ કોલ્ડવેવના કારણે શિયાળાની અસર યથાવત છે. અમૃતસરમાં સોમવારે સવારે પારો 4.8 ડિગ્રી નોંધાયો હતો. હવામાન વિભાગે કહ્યું કે આગામી 24 કલાકમાં તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. બીજી તરફ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોલ્ડવેવની કોઈ એલર્ટ નથી, પરંતુ તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. એમપીના શહડોલમાં પારો 3.4 ડિગ્રીએ પહોંચી ગયો છે. રાજસ્થાનના 12 શહેરોમાં પારો 10 ડિગ્રીથી નીચે નોંધાયો હતો.



**શ્રીનગરમાં પારો 4.1 ડિગ્રી**
જમ્મુ-કાશ્મીરના ડોડામાં રવિવારે હિમવર્ષા બાદ સમગ્ર વિસ્તારમાં સફેદ ચાદર છવાઈ હતી. શ્રીનગરમાં 4.1 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તેમજ, ગુલમર્ગનું તાપમાન -1.6 ડિગ્રી, પહેલગામનું 0.6 ડિગ્રી, જમ્મુ શહેરમાં 16.6 ડિગ્રી અને કટરાનું તાપમાન 14.6 ડિગ્રી નોંધાયું હતું.

---

## મહારાષ્ટ્ર | કલ્યાણમાં પોલીસે ત્રણ બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ કરી

### ગેરકાયદેસર રીતે કેવી રીતે પ્રવેશ્યા? પોલીસ તપાસમાં

(એજન્સી) કલ્યાણ | તા.20

મહારાષ્ટ્રમાં બાંગ્લાદેશી નાગરિકોની ગેરકાયદેસર ઘૂસણખોરીનો મુદ્દો જોર પકડી રહ્યો છે. દરમિયાન, પોલીસ થાણે જિલ્લાના કલ્યાણ-ડોંબિવલી વિસ્તારમાં સતત દરોડા પાડી રહી છે. સોમવારે કલ્યાણની મહાત્મા ફુલે પોલીસે ત્રણ બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલી મહિલાઓના નામ પરવીન શેખ, ખાદીજા શેખ અને રીમા સરદાર છે. કહેવામાં આવી રહ્યું છે કે આ મહિલાઓ છેલ્લા ઘણા વર્ષોથી આ વિસ્તારમાં રહેતી હતી.મહાત્મા ફૂલે પોલીસને આ મહિલાઓના રહેઠાણ વિશે માહિતી મળી હતી. આ માહિતીના આધારે, પોલીસે તે સ્થળે દરોડો પાડ્યો અને ત્રણેય મહિલાઓને કસ્ટડીમાં લીધી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ત્રણેય મહિલાઓ ઘણા વર્ષોથી ભારતમાં ગેરકાયદેસર રીતે રહી રહી હતી. તેમની સામે ભારતીય દંડ સંહિતા અને વિદેશી નાગરિકતા અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાટે કહ્યું છે કે શિવાજીનગરમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને ઓળખવા માટે એક સર્વે કરવામાં આવશે. મહાત્મા ફૂલે પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર વિકાસ મડકેએ જણાવ્યું હતું કે પોલીસ ધરપકડ કરાયેલી બાંગ્લાદેશી મહિલાઓના કેસની તપાસ કરી રહી છે.


- વિસ્તૃત અહેવાલ પાના નં 11 પર

# જાફરાબાદના પત્રકાર ઉપર હુમલો થતાં પોલીસ ફરિયાદ

## દરિયાઈ ખાંડી ઉપર ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવતા હોય તે બાબતે અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ કરતા ઘણા તત્વો ને સારું ન લાગતાં પત્રકાર ઉપર રાગદ્વેષ રાખી જીવલેણ હુમલો કરાયો...



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ પત્રકાર દ્વારા દરિયાઈ ખાંડી ઉપર ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવતા હોય તે બાબતે અખબાર માં અહેવાલ પ્રસિદ્ધ કરતા ઘણા તત્વો ને સારું ન લાગતાં પત્રકાર ઉપર રાગદ્વેષ રાખી હુમલો કરતા સાતેક તત્વો ઉપર પત્રકાર દ્વારા લેખિત ફરિયાદ : માં ઘણા સમય પહેલા દરિયાઈ ખાડી ઉપર કોઈપણ પ્રકારની પરવાનગી વગર ખનન કરીને પાળા બાંધતા હોય તે બાબતની અખબાર માં પ્રેસ પ્રસિદ્ધ કરતા ઘણા ઘણા ખરા તત્વો દ્વારા આ બાબતની ધ્યાન ઉપર રાખી પત્રકાર ઉપર હુમલો કરવાની કોશિશ કરી હતી પત્રકાર ને કોઈ સાથે વ્યક્તિગત દુશ્મની નથી માત્ર કોઈ વ્યક્તિ માં ઘુસી ગયેલ અનૈતિક પ્રવૃત્તિનો વિરોધ કરે છે. કોઈ અધિકારી, રાજકીય કે સામાજિક આગેવાન કે અન્ય કોઈ નાગરિક પ્રત્યે રાગદ્વેષ રાખતા નથી તમામ સાથે સમદ્રષ્ટિ નો વ્યવહાર છે. ઘણી વખત અમુક અહેવાલો ના આધારે કોઈની નારાજગી નો સામનો કરવો પડે છે. પરંતુ સત્ય ને હમેશાં વળગી રહેવાનાં ધ્યેય સાથે બાંધછોડ કરવામાં આવી નથી તટસ્થતા, નિષ્ઠાના કારણે જ જનતા જનાર્દન સમર્થન કરે અને હંમેશા સહકાર આપતી રહે છે.

**સ્થાનિક પોલીસ સમક્ષ હુમલાખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માંગ**

આજના મૂડીવાદના માહોલમાં છેવાડાના માનવી માટે વિશાળ શક્તિ ધરાવતી સરકારની આંખ ખોલવા માટે સચોટ અહેવાલ પ્રેસ અખબાર માં પ્રસિદ્ધ થાય છે. ઘણી વખત દુષ્પ્રચાર નો પણ સામનો કરવો પડે છે. છતાં પણ છેવાડાના માનવી ના હિતમાં કે સર્વાંગી વિકાસ માટે સતત પ્રેસ પ્રસિદ્ધ થતા જ રહે છે. પણ સત્ય, નિષ્ઠા અને પ્રમાણિકતા પર ચાલવા માટે પત્રકાર ઉપર અનેક મુસીબતોનો, સામનો કરવો પડી રહ્યો છે. જેમાં જાફરાબાદ દરિયાઈ ખાંડી માં પાળા બાંધી ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવતા ઘણા વ્યક્તિઓ અને હીટાચી મશીન તથા ટ્રેક્ટર મારફતે દરિયાઈ જીવસૃષ્ટિ અને મેન્ગ્રુવ્સ વૃક્ષો અને દરિયાઈ પર્યાવરણ નું ખનન કરતા હોય તે સમયે પત્રકાર દ્વારા પ્રેસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી તે ઘણાં ખરાં તત્વો ને ન ગમતા પત્રકાર ઉપર રાગદ્વેષ રાખી અને પત્રકાર સાથે ફરતા મિત્રો સાથે પણ અવારનવાર આ તત્વો દ્વારા મારકુટ પણ કરવામાં આવી છે. તે બનાવા વિશે મરીન પોલીસ સ્ટેશન માં લેખિત અરજી પર આપવામાં આવી હતી તે સમયે મરીન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા અને મરીન પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર શ્રી ડી એસ ઈશરાણી સાહેબ દ્વારા ગંભીરતા લેતા તે તત્વો ઉપર કાયદેસરની કાર્યવાહી કરી હતી એવો જ બનાવા પત્રકાર કિશોરભાઈ આર. સોલંકી ઉપર કરવામાં આવેલ હોય આ બાબતે ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપવામાં આવી છે. તે લેખિત અરજી આપવામાં આવી છે.




થોડા જ દિવસોમાં ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે, આ બોર્ડની પરિક્ષાના દિવસોમાં વિદ્યાર્થીઓ અને તેના માતા - પિતા બંને માટે થોડા ચિંતાના દિવસો હશે. સમગ્ર વર્ષ દરમિયાન કરેલ મહેનતને જ્યારે ત્રણ કલાકના પેપરમાં પોતાની બુદ્ધિમતા અને મહેનતને કંડારવાનો અવસર આવે ત્યારે ઘણી વખત વિદ્યાર્થીઓ પરીક્ષાનો ભાર અનુભવે છે. વિદ્યાર્થીઓએ પરીક્ષાને ભાર ન ગણતા એક ઉત્સવ માનીને આયોજન મુજબ સ્વીકારવું જોઈએ. ઘણી વખત પરીક્ષાની ચિંતામાં જે અભ્યાસ કર્યો છે તે પણ ભૂલી જવાય છે, તેમજ નિષ્ફળ થવાના ડર માં કે વાલીઓની વિદ્યાર્થીઓ પ્રત્યેયની વધારે અપેક્ષાઓના પગલે વિદ્યાર્થી ખૂબ ચિંતા અનુભવે છે. સફળ કે નિષ્ફળ થવાના ડર ને બાજુ પર મૂકીને ફક્ત ને ફક્ત જે પણ મહેનત કરી છે, કે જે પણ અભ્યાસ કર્યો છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી ને શાંત ચિત્તે પરિક્ષા આપવી જોઈએ. આયોજન મુજબ તમારો અભ્યાસક્રમ પૂર્ણ કરી, ને મનમાં એક સંતોષ સાથે રહો કે મેં જે પરિક્ષાની તૈયારી કરી છે તેનું સારું અને સફળ જ પરિણામ આવશે. હકારાત્મક વિચાર સાથે તમારો અભ્યાસક્રમ અને દિનચર્યા ગોઠવો. આ પરિક્ષાએ માત્ર ને માત્ર તમારા જીવનનો એક નાનો ભાગ છે. તેને એક અવસર જાણી ઉજવવો જોઈએ.

**સ્વામી વિવેકાનંદજીએ પણ ખૂબ સરસ કહ્યું છે..**

**' Everything is easy, when you are Busy But nothing is easy, when you are lazy.'**

જો તમે આયોજન મુજબ શાંત ચિત્તે આળસને ત્યજીને પરિક્ષાના અવસરને વધાવી જાણશો તો ચોક્કસ પણે તમે સફળતા પ્રાપ્ત કરશો જ..તો, Arise, Awake, And stop not until the goal is Reached

- નંદની વાસાણી
દેશલપર (વાંઢાય) કચ્છ

## બેડમિન્ટન સ્પર્ધામાં 12મી વખત ચેમ્પિયન બની નેરકર મામાએ ફરી ઈતિહાસ રચ્યો



ડાંગ | તા.20

હાલમાં ગુજરાત રાજ્યમાં જિલ્લા કક્ષાની રમતમાં વ્યસ્ક રમતવીરો માટે યોજાયેલ ખેલમહાકુંભના બેડમિન્ટન સ્પર્ધામાં આહવાનાં નેરકર મામાએ ઈતિહાસ રચ્યો છે. તેઓ સતત 12મી વખત જિલ્લા કક્ષાએ ચેમ્પિયન બન્યા છે. ડાંગ જિલ્લાની જિલ્લા કક્ષાએ યોજાયેલ બેટમીન્ટન સ્પર્ધામાં 78 વર્ષીય નેરકર મામાએ ઈતિહાસ રચ્યો છે.તેઓ સતત 12મી વખત ચેમ્પિયન બન્યા છે. સેમી ફાઈનલમાં તેમની સામે ખેલાડી તરીકે શાંતારામ રમ્યા હતાં. જેઓને બીજો નંબર પ્રાપ્ત થયો હતો. વિજેતા નેરકર મામા હવે રાજ્ય કક્ષાએ ડાંગ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. તેમજ રાષ્ટ્રીય કક્ષાએ યોજાનાર (દિવ્યાંગ) બેટમીન્ટન રમતમાં તેઓ પસંદગી પામશે તેવી શક્યતાઓ વર્તાઇ રહી છે. ત્યારે ડાંગ જિલ્લા બેટમીન્ટન ક્લબ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર પટેલ સ્મારક ભવન પાસે જૈનાચાર્ય હિમાચલસૂરીની પ્રતિમાનું અનાવરણ કર્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શાહીબાગ સ્થિત સરદાર પટેલ સ્મારક ભવન પાસે જૈનાચાર્ય હિમાચલસૂરીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. તદઉપરાંત આ સર્કલનું 'જૈનાચાર્ય હિમાચલસૂરિ સર્કલ' નું નામાભિધાન પણ મુખ્યમંત્રીએ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તકતી અનાવરણ કરીને કર્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મધ્ય ઝોનના શાહીબાગ વોર્ડમાં મધુરમ ટાવરથી હાથી સર્કલ સુધીના માર્ગનું પંન્યાસ રત્નાકરવિજય માર્ગ, સર્કિટ હાઉસ તથા પોસ્ટ ઓફિસ ક્વાર્ટર્સથી સિલ્વર પાર્ક સોસાયટી સુધીના માર્ગનું જૈનાચાર્ય હિમાચલસૂરિ માર્ગ નામાભિધાન કરવામાં આવ્યું છે, તેની તકતીઓનું અનાવરણ પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. આ અવસરે આયોજિત સભામાં મુનિ વિજય રવિશેખરસૂરીશ્વરએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર માન્યો હતો.

તેમણે કહ્યું કે, મેવાડ અને મારવાડમાં ગૌશાળા, હોસ્પિટલ, જૈન છાત્રાલયો, અને વિદ્યાલયોની સ્થાપના જેવા લોક કલ્યાણનાં અસંખ્ય કાર્યો કરનારા જૈનાચાર્ય હિમાચલસૂરિના નામને સરદાર પટેલ સ્મારક પાસેના સર્કલ અને રોડ સાથે જોડીને રાજ્ય સરકારે જૈનાચાર્યને યથાયોગ્ય સન્માન આપ્યું છે. આ પ્રસંગે અમદાવાદનાં મેયર પ્રતિમાબેન જૈન, ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા, હસમુખ પટેલ, દિનેશ કુશવાહા તેમજ જૈન શ્રાવકો અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં પોષણ ઉત્સવ: સ્વસ્થ ભારતનું સપનું સાકાર કરવા તરફ એક પગલું



માહિતી બ્યુરો | પાલનપુર

પાલનપુરના આઇ.સી.ડી.એસ ઘટક દ્વારા આયોજિત પોષણ ઉત્સવ-2024માં પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતાઓને 18 જાન્યુઆરી, 2025ના રોજ ઘટક કક્ષાના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણયુક્ત આહાર વિશે જાગૃત કરવાનો હતો. આ માટે આંગણવાડી કેન્દ્રો દ્વારા માતૃ શક્તિ, બાલ શક્તિ અને પુર્ણા શક્તિ જેવા પોષણ પૂરક આપવામાં આવે છે. મિલેટ (શ્રી અન્ન) જેવા પૌષ્ટિક અનાજનો ઉપયોગ કરીને પૌષ્ટિક વાનગીઓ બનાવવા પર ભાર મુકાયો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ મિલેટ અને સરગવા જેવા પૌષ્ટિક ખાદ્યનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી હતી. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સ્પર્ધકોને પ્રમાણપત્ર અને ઈનામો આપીને સન્માનિત કરાયા. બાળકોએ બાળગીતો રજૂ કર્યા હતા અને કિશોરીઓએ ટી.એચ.આર. પેકેટ વિશેના પોતાના અનુભવો શેર કર્યા હતા.

### રાજ્યભરમાં "શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫"નો આજથી પ્રારંભ

## તા. 25 જાન્યુઆરી સુધી રાજ્યભરની શાળાઓમાં યોજાશે વિવિધ પ્રવૃત્તિઓ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) અને શિક્ષણ વિભાગના સયુંકત ઉપક્રમે આજથી રાજ્યભરમાં "શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું છે. આજે બાઈસેગની વંદે ગુજરાત ચેનલ-૧ પરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રેરક સંદેશ સાથે શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫નો શુભારંભ કરાયો હતો.મુખ્યમંત્રી દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને વીડિયો સંદેશના માધ્યમથી પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપનની સમજ કેળવાય તે બાબત ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીએ સપ્તાહ દરમિયાન મોકડ્રીલ, નિદર્શન, તાલીમ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન શાળા કક્ષાએ કરવા જણાવ્યું હતું. સાથે જ તેમણે સમગ્ર સપ્તાહની સફળતાપૂર્વક ઉજવણી કરવા તમામ શાળાઓ અને GSDMAને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ શુભારંભ પ્રસંગે GSDMAના મુખ્ય કારોબારી અધિકારી અનુપમ આનંદ દ્વારા શાળા સલામતી સપ્તાહ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં પાંચ દિવસ એટલે કે, આગામી તા. ૨૫ જાન્યુઆરી સુધી યોજાનાર સપ્તાહ દરમિયાન શાળા સલામતી અંગેની દૈનિક પ્રવૃતિઓની રૂપરેખા સમજાવવામાં આવી હતી. શાળા સાલામતી સપ્તાહ-૨૦૨૫મા રાજ્યની તમામ ૩૩,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવશે. જેમાં લગભગ ૩૦૦૦ જેટલી શાળાઓમાં મેગા ઈવેન્ટ જેવી કે, ભૂકંપ, આગ અકસ્માત, પૂર, શોર્ટ સર્કિટ જેવા વિષયો ઉપર NDRF/SDRF/ફાયર બ્રિગેડનાં સહયોગથી મોકડ્રીલનું આયોજન કરવામાં આવશે.

## રાજ્યપાલના અધ્યક્ષસ્થાને જૂનાગઢ કૃષિ યુનિ.નો 20મો પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યપાલ અને જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૨૦મો પદવીદાન સમારંભ યોજાયો હતો. જેમાં કૃષિ ક્ષેત્રની વિવિધ વિદ્યાશાખામાં ૬૭ ગોલ્ડ મેડલ સાથે ૫૮૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાગૃહ ખાતે આયોજિત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવતાં તેમના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું કે, વિદ્યા પ્રાપ્તિ માટે ભારે તપસ્યા અને મહેનત બાદ પદવી પ્રાપ્ત કરીને સમાજ અને રાષ્ટ્ર વચ્ચે જઈ રહ્યા છો, ત્યારે સત્યના આચરણ



અને વ્યવહાર સાથે ધર્મ-કર્મ એટલે કે પોતાના માટે જે ઈચ્છીએ છીએ તે અન્ય માટે પણ ઈચ્છીએ. જવાબદારીપૂર્વક કર્મ કરવાને રાજ્યપાલએ ધર્મનું લક્ષણ ગણાવ્યું હતું.

રાજ્યપાલએ વિદ્યાર્થીઓને આજીવન વિદ્યા પ્રાપ્ત કરતા રહેવા અને અને વિદ્યાને પોતાના માટે સિમિત ન રાખતાં તેને સતત પરિસ્કૃત કરીને સમાજના કલ્યાણ માટે વહેંચવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણ-પ્રકૃતિ રક્ષણ માટે ઉચિત યોગદાન આપી માનવીય ગુણોને સતત વિકસિત કરવા પ્રાધાન્ય આપજો. તેમ પણ જણાવ્યું હતું. રાજ્યપાલએ પ્રાકૃતિક કૃષિની હિમાયત કરતાં કહ્યું કે, ૧૯૬૦ના દશકમાં જ્યારે હરિત ક્રાંતિની શરૂઆત થઈ ત્યારે એક એકરમાં ૧૩ કિલોગ્રામની રાસાયણિક ખાતર નાખવા માટેની ભલામણ હતી, પરંતુ આજે રાસાયણિક ખાતરના અંધાધુંધ ઉપયોગથી જમીન સખત અને બિન ઉપજાઉ બની રહી છે, સાથે જ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના જમીન અને પાકમાં અતિરેકભર્યા ઉપયોગથી લોકો ગંભીર રોગોના ભોગ પણ બની રહ્યા છે. તેઓએ સંયુક્ત રાષ્ટ્ર સંઘના એક રિપોર્ટને ટાંકતા કહ્યું કે, આગામી ૪૦-૫૦ વર્ષ સુધી કૃષિની આ જ સ્થિતિ રહી તો જમીન બિન ઉપજાઉ બની જશે.

## મહીસાગર જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાઇ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



મહીસાગર જિલ્લાના પ્રવાસન હસ્તક પ્રોજેક્ટ/સાઈટ પર થયેલ કામગીરીની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને યોજાઈ. બેઠકમાં જિલ્લાના કલેશ્વરી સાઈટ વિકાસ યોજનામાં વી આઈ પી ટેન્ટ, જનરલ ટેન્ટ તથા વિવિધ પાયાની સુવિધા, રૈયોલી ડાયનાસોર ફોસિલ પાર્કમાં કમ્પાઉન્ડ વોલનું કામ , માનગઢ હીલ ખાતે ચેકડેમનુ કામ તથા ૦૩ નવીન વન તલાવડી,સાતકુંડા પ્રોજેક્ટ વિકાસ કામોની અને કડાણા ડેમ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં અધિક નિવાસી કલેક્ટરશ્રી સી વી લટા, પ્રાયોજના વહીવટદાર શ્રી યુવરાજ સિધાર્થ,આયોજન અધિકારીશ્રી,પ્રાંત અધિકારીશ્રીઓ,નાયબ વન સરક્ષકશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ડાંગના વઘઇ તાલુકામાં બીએસએનએલ નેટવર્ક અસુવિધાને કારણે

## અનાજની ટ્રકો સસ્તા અનાજની દુકાનો સુધી પહોંચી શકતી નથી જે વહીવટી તંત્ર માટે શરમજનક બાબત

ડાંગ | તા.20

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લાનાં અંતરિયાળ ગામડાઓ આજે પણ ડીજીટલ યુગનાં વિકાસ માટે ફાંફા મારી રહ્યા છે.ડાંગ જિલ્લાનાં અંતરીયાળ ગામડાઓમાં બીએસએનએલની અસુવિધાઓથી ગરીબોને વલખા મારવાની નોબત ઉઠી છે.ડાંગ જિલ્લામાં અનાજ ભરેલ ટ્રક વઘઈ તાલુકાનાં ઝાવડા ગામ ખાતે સસ્તા અનાજની દુકાન પર જવા માટે નીકળે છે.પરંતુ સરકાર દ્વારા જીપીએસ સિસ્ટમ લાગુ કરવામાં આવેલ હોય જોકે બી.એસ.એન. એલ.સાથે જોડાયેલ આ જીપીએસ સિસ્ટમ ન ચાલતી હોવાનાં કારણે સસ્તા અનાજની દુકાન સુધી અનાજ પણ પહોંચી શકતુ ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.કારણ કે દુકાનની આસપાસ 100 મીટરના એરિયામાં કનેક્ટિવિટી આવતી નથી જેના કારણે ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાની અંદાજે 80% જેટલી સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો જથ્થો હજુ સુધી પહોંચી શક્યો નથી.

મહિનાનાં આખર 11 દિવસ બાકી છે.ત્યારે સંચાલકો ગરીબ પ્રજાને અનાજ કઈ રીતે આપે તે પ્રશ્ન બની ગયો છે.સરકાર દ્વારા ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે સસ્તા અનાજની દુકાનની સેવા આપેલ છે.ત્યારે આ સસ્તા અનાજની દુકાન સુધી અનાજ પહોંચાડતી ટ્રકમાં જીપીએસ સિસ્ટમ સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ છે. ત્યારે ડાંગ જિલ્લામાં આ જીપીએસ સિસ્ટમ બી.એસ.એન.એલ.સાથે જોડાયેલ છે. પરંતુ ડાંગ જિલ્લામાં મોટાભાગના ટાવરો સમયસર ચાલતા નથી અથવા બંધ હાલતમાં પડી ઘણા દિવસો સુધી ખોટકાઈ જાય છે. જેના કારણે ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાની અંદાજે 80% જેટલી સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો જથ્થો હજુ સુધી પહોંચ્યો નથી.

ડાંગ જિલ્લામાં ટાવરના અભાવે સસ્તા અનાજ ની દુકાને સુધી અનાજનો પુરવઠો પણ પહોંચી શક્યો નથી જે વહીવટી તંત્ર માટે ઘણી શરમજનક બાબત કહી શકાય તેમ છે.અનાજનો પુરવઠો હોવા છતાં પણ જો ગરીબ પ્રજાને અનાજ ન મળી શકે તો આ તંત્રની બેદરકારી નહીં તો શું કહી શકાય.ત્યારે આ સમગ્ર મામલાને લઈને વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય કામગીરી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

### ડિજિટલ ઈન્ડિયા કોમન સર્વિસ સેંટર, ડિજિટલ જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં

## કલેક્ટરના હસ્તે મોબાઈલ વાનને ફ્લેગ ઑફ અપાયું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ




ગ્રામીણ ભારતમાં ડિજિટલ વિભાજનને દૂર કરવા અને ડિજિટલ સેવાઓ દરેક નાગરિક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટેના નોંધપાત્ર પગલામાં, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય (MeitY) ડિજિટલ ઈન્ડિયા કોમન સર્વિસ સેન્ટર (DICSC) પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કલેકટર દ્વારા કલેકટર ઓફિસથી ભારત સરકાર નો પાયલોટ પ્રોજેક્ટ ડિજિટલ ઈન્ડિયા કોમન સર્વિસ સેંટર (Ministry of IT.Gov.in) ડિજિટલ યોજનાની જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મોબાઈલ વાન નું ફ્લેગ ઑફ કરવામાં આવ્યું. આ વાન દ્વારા ગાંધીનગર જિલ્લાના દરેક ગામમા સીએસસી દ્વારા ભારત સરકાર ની સેવાઓ જેવી કે, આધાર કાર્ડ,ઈશ્રમ કાર્ડ, રાશન કાર્ડ ekyc, ખેડૂત રજીસ્ટ્રેશન વગેરે સેવાઓ ગામમાં જ આપવામાં આવશે.

## ડીસા ખાતે શૈક્ષણિક વહીવટી અધિવેશન-2025ની ઉજવણી



માહિતી બ્યુરો | પાલનપુર

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને ગુજરાત રાજ્ય શિક્ષણ સેવા વર્ગ-૩ કર્મચારી મંડળ, બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે ડીસા ખાતે "શૈક્ષણિક વહીવટી અધિવેશન-૨૦૨૫"નું આયોજન કરાયું હતું. ડીસા એંજલ્સ સ્કૂલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વ શિક્ષણ મંત્રીશ્રી કિર્તિસિંહ વાઘેલા, સંયુક્ત નિયામકશ્રી કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગર ડૉ. એમ.જી.વ્યાસ સહિત જિલ્લાના શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૦૦% પરિણામ મેળવનાર શાળાઓ અને શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આગામી બે મહિનામાં તમામ શિક્ષક ભરતી પૂર્ણ કરવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. હિતેશ પટેલએ શિક્ષણને ડિજિટલ બનાવવા અને ડેટા આધારિત માહિતીના મહત્વ પર ભાર મૂક્યો હતો. સરકારી શિક્ષક સંઘ બનાસકાંઠા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૪૫૦ જેટલા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા શિક્ષકોને આ અધિવેશનમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ચાણસ્મા | ધોરણ 5ના બાળકોની CET અંતર્ગત અનુભવ કસોટીનું આયોજન કરાયું



નીતિન ઠાકર | ચાણસ્મા

ધોરણ 5માં CETના વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવ મળી રહે તે માટે ચાણસ્મા તાલુકાના કુલ 1670 બાળકોની અનુભવ કસોટીનુ આયોજન સમગ્ર તાલુકામાં બપોરે 12:00 થી 2:30 કલાક દરમિયાન કરવામાં આવ્યું. આ કસોટીનું ઓપનિંગ કેશણી પ્રા.શાળા માં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ચેતનરાજ પાબુવંશી, ચાણસ્મા બી.આર.સી. કો.ઓ પંકજકુમાર પટેલ, ઝીલિયા સી.આર. સી.કો.ઓ રાકેશકુમાર પરમાર, ઝીલિયા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય જિતેન્દ્રકુમાર પટેલ , ગંગેટ પ્રા.શાળાના શિક્ષકશ્રી બેચરભાઈ પટેલ અને સમગ્ર પ્રોજેક્ટ દરમિયાન દાન પૂરું પાડનાર દાતાશ્રી સાવનકુમાર શાહ દ્વારા કરવામાં આવ્યું. શાળામાં પધારેલ મહેમાનોનું સ્વાગત કેશણી પ્રા.શાળાના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રો દ્વારા કરવામાં આવ્યું.

## ડાંગ જિલ્લાના યુવાનો ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં ઝળહળ્યા

સુશીલ પવાર | ડાંગ

કેરળ રાજ્યનાં કોટાયામ જિલ્લાના ઈન્ડોર સ્ટેડિયમમાં JKMO ઈન્ડિયા મારફતે 1ST KANCHO SASAKI CUP 2025 ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપ નું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમા ગુજરાતમાથી JKMO GUJARAT તરફથી ડાંગ જિલ્લામાંથી 1. સુનિલભાઈ સી. ગામીત 2. મયુરભાઈ પી. ગામીત,3. કુણાલ જી. બાગુલ,4. સુનિલ સોમલું વાડુ, 5.સંકેત રામુ ગાવીત ,6. સતીષ સંતોષ ચૌધરી ,7. ફિરોઝ ટી. ચૌધરી 8.અમિત કમનસીંગ પવાર, 9. નિતેશ તાનું બાગુલ ,10. નિખિલ રાઠોડ એમ કુલ 10 યુવાનોએ ભાગ લીધો હતો.જેમા તમામે KATA અને KUMMITE માં ઉત્તમ પ્રદર્શન કર્યું હતુ.અને KUMMITE ફાઈટિંગ ઓપન કેટેગરી 21 વર્ષથી ઉપર 75 KG થી ઉપર અને 84 KG થી નીચે મેન્સ માં એડવોકેટ સુનિલ ગામીત ને ગોલ્ડ મેડલ તથા 41 KG થી ઉપર અને 60 KG થી નીચે




મેન્સમાં કુણાલ જી. બાગુલને સિલ્વર મેડલ, સુનિલ સોમલું વાડુ, સંકેત રામુ ગાવીત,સતીષ સંતોષ ચૌધરી ને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો.આ ટુર્નામેન્ટમાં ભારત, રશિયા, કુવૈત, શ્રીલંકા વગેરે દેશના લોકોએ ભાગ લીધો હતો અને ગુજરાત વતી ડાંગના આ યુવાનોએ દેશ અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. જેમાં JKMO GUJARAT ના ચીફ ઈન્સ્ટ્રક્ટર બી.મેથ્યુ સર દ્વારા સઘન પ્રેક્ટિસ અને માર્ગદર્શન પૂરૂ પાડ્વામાં આવ્યું હતુ.આ સફળતા બદલ આ યુવાનોને ચારેકોરથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સુરતમાં 4 વર્ષની બાળકી પર દુષ્કર્મ:, લોહીલુહાણ બાળકી રડતી રડતી ઘરે પહોંચી...

# ઘરઆંગણે રમતી માસૂમને ઉઠાવી જતો નરાધમ CCTVમાં કેદ

(એજન્સી) બારડોલી | તા.20

સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં એક ચકચારી ઘટના સામે આવી છે. એક ગામની સોસાયટીમાં રહેતા શ્રમજીવી પરિવારની 4 વર્ષની બાળકી ઘરઆંગણે રમી રહી હતી, ત્યારે 45 વર્ષના શખ્સે બાળકી સાથે વહાલનું નાટક કરી તેને ઉઠાવી લીધી હતી. આરોપી બાળકીને અડધો કિલોમીટર દૂર આવેલા પોતાના રૂમમાં લઈ ગયો હતો, જ્યાં તેણે બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. લગભગ એક કલાક બાદ બાળકી રડતી રડતી ઘરે પહોંચી હતી. પરિવારે જોયું કે બાળકીના ગુપ્તાંગમાંથી લોહી નીકળી રહ્યું હતું, જેથી તાત્કાલિક કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવીના આધારે ગણતરીની કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો હતો.

મળતી માહિતી મુજબ, સુરત જિલ્લામાં વધુ એકવાર બાળકી પીંખાઇ છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના એક ગામની એક સોસાયટીમાં રહેતા શ્રમજીવી પરિવારની બાળકી ઘરઆંગણે રમી રહી હતી. તે દરમિયાન એક હવસનો વરુ આવ્યો અને બાળકી પર નજર બગાડી હતી. જે બાદ તેણે વહાલનું નાટક કરી બાળકીને ઊંચકી લીધી હતી અને અડધો કિ.મી દૂર પોતાની રૂમમાં લઈ ગયો હતો. જ્યાં તેણે પોતાની કાળાં કરતૂત કરી માસૂમ બાળકીને પીંખી નાખી હતી. જે બાદ તે ત્યાંથી ભાગી ગયો હતો.

લોહીલુહાણ હાલતમાં બાળકી રડતી રડતી ઘરે પહોંચી એક કલાક બાદ બાળકી રડતી રડતી ઘરે આવતા પરિવારે તપાસ કરતાં બાળકીના ગુપ્તાંગના ભાગેથી લોહી નીકળતું હતું. પોતાની બાળકીની સ્થિતિ જોઈને પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આ ઘટનાને લઈને પરિવારજન તરત કડોદરા જીઆઈડીસી પોલીસમથક ખાતે દોડી ગયા હતા. ઘટનાને ગંભીરતાથી લઈને કડોદરા જીઆઈડીસી પોલીસ સાથે-સાથે સુરત જિલ્લા એલસીબીની ટીમ પણ તપાસના જોડાઈ હતી. પોલીસે આરોપી સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી સીસીટીવીના આધારે ગણતરીની કલાકોમાં જ આરોપીને ઝડપી તેની કડક પૂછપરછ હાથ ધરી છે.



### પોતાનાં બાળકોને ઘરની બહાર રમતાં મૂકવામાં ડરી રહ્યા છે

ધોળા દિવસે બજારમાં ફરી રહેલા હવસના વરુને લઈને હવે વાલીઓ પણ ભયમાં મુકાયા છે. હાલ તો સ્થાનિકો પોતાના ઘરની બહાર પોતાનાં બાળકોને રમતાં મૂકવામાં પણ ડરી રહ્યા છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો કર્યો છે. સ્થાનિક રહીશો પોતાનાં બાળકોને ઘરની બહાર રમવા મોકલતા ડરી રહ્યા છે. સ્થાનિકોએ આરોપી સામે કડક કાર્યવાહીની માગ કરી છે.

### સુરતમાં સ્કૂલ રિક્ષાચાલકનું 4 વર્ષની બાળકી પર દુષ્કર્મ

નાની બાળકીઓને સ્કૂલે મોકલતાં માતા-પિતાએ ચેતવા જેવા કિસ્સામાં સુરતમાં સામે આવ્યો છે, જેમાં ખટોદરા વિસ્તારમાં રહેતી ચાર વર્ષની બાળકીને રોજ સ્કૂલે મૂકવા-લેવા જતો રિક્ષાચાલક તેની સાથે રોજ અડપલાં કરતો હતો. ગતરોજ તો તેણે બાળકીને ઝાડીઝાંખરાંમાં લઈ જઈ દુષ્કર્મ પણ ગુજાર્યું હતું. બાળકીના પિતાએ આ અંગે ફરિયાદ નોંધાવતાં પોલીસે ત્રણ સંતાનના પિતા એવા નરાધમ રિક્ષાચાલક મુત્તલીબ શેખની ધરપકડ કરી છે. બાળકીએ ઘરે આવીને જ્યારે પોતાનાં માતા-પિતાને કહ્યું કે 'ચાચા બહોત ગંદે હૈ, મેરે સાથે ગંદા કામ કરતા હૈ' ત્યારે માતા-પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ મામલે ખટોદરા પોલીસે દુષ્કર્મ અને પોક્સોની કલમો અંતર્ગત ગુનો નોંધી આરોપી મુત્તલીબ શેખની ધરપકડ કરી હતી.

### 16 ડિસેમ્બરે પણ 10 વર્ષની માસૂમ પર દુષ્કર્મ બાદ મોત

16 ડિસેમ્બર, 2024ના ભરૂચના ઝઘડિયામાં 10 વર્ષીય બાળકી પર થયેલા દુષ્કર્મે દિલ્હીના નિર્ભયાકાંડની યાદ અપાવી હતી. આ બાળકીનું સોમવારે વડોદરાની સયાજી હોસ્પિટલમાં 180 કલાક બાદ મોત થયું હતું. પીડિતાને 23 ડિસેમ્બરના રોજ બે કાર્ડિયાક અરેસ્ટ આવ્યા હતા. બાળકી સાથે ખૂબ બર્બરતાપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ICUમાં દાખલ હતી, જેને સોમવારે બપોરે 2 વાગ્યે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો.

---

### સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ

## પોલીસ સ્ટેશન સામે છરી સાથે રીલ્સ બનાવતા 2 યુવક ઝડપાયા

(એજન્સી) ગોંડલ | તા.20

મકરસંક્રાંતિના દિવસે ગોંડલમાં બે યુવકે જાહેર સ્થળો પર છરી સાથે વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાઈરલ કરતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જયદીપ ભાયાભાઈ ભાલારા અને ભાવેશ



ગોરધનભાઈ ગોહેલ નામના બંને યુવકે માંડવીચોક પોલીસ સ્ટેશન અને સરકારી હોસ્પિટલ નજીક છરી સાથે વીડિયો બનાવ્યા હતા. પોલીસે બંને આરોપીની તપાસ કરતા તેમની પાસેથી લોખંડની ધારવાળી 12 ઈંચની બે છરી કબજે કરી હતી. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને પોલીસે બંને યુવક સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-35(3)(6) હેઠળ કાર્યવાહી કરી છે અને જરૂર પડે ત્યારે હાજર રહેવા માટે નોટિસ આપી છે. આ કેસમાં PI એ.સી. ડામોર, હેડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, યુવરાજસિંહ ગોહિલ, પોલીસ કોન્સ્ટેબલ જયસુખભાઈ સોરિયા અને ભાવેશભાઈ સાસિયાની ટીમે સફળ કામગીરી કરી છે. આ ઘટના સોશિયલ મીડિયાના દુરુપયોગ અને જાહેર સ્થળો પર હથિયાર સાથે વીડિયો બનાવવાના ગંભીર પરિણામો અંગે ચેતવણીરૂપ છે.

## અંબાજીથી પરત ફરતા યુવકનું કરુણ મોત:સંઘના યાત્રિકોને ચા-નાસ્તો કરાવતી વખતે પૂરઝડપે આવતી કારે અડફેટે લીધો, ચાલક ફરાર

વિસનગર | હસનપુર ગામ નજીક એક દર્દનાક અકસ્માતમાં અમદાવાદના યુવકનું મોત નિપજ્યું છે. અમદાવાદના ટાટા એડવાન્સ મિલની ચાલી શાહીબાગ વિસ્તારના રહેવાસી કમલેશભાઈ કાળીદાસ ઠાકોર તેમના ત્રણ મિત્રો સાથે અંબાજીની યાત્રાએથી પરત ફરી રહ્યા હતા.

હસનપુર ગામ નજીક રસ્તામાં પગપાળા સંઘના યાત્રિકો જોવા મળ્યા, જેમને મદદરૂપ થવાના ઉમદા હેતુથી કમલેશભાઈ અને તેમના મિત્રો વિસનગરથી ચા-નાસ્તો લઈને આવ્યા હતા. તેઓએ રોડની સાઈડમાં તેમની હેરિયર ગાડી (GJ.01. WV.4595) પાર્ક કરી, પાર્કિંગ લાઈટ ચાલુ કરી સંઘના યાત્રિકોને ચા-નાસ્તો કરાવી રહ્યા હતા. આ દરમિયાન કમલેશભાઈ ગાડી નજીક ઊભા હતા ત્યારે ખેરાલુ તરફથી પૂરઝડપે આવી રહેલી એક કાર (GJ.18.ED.1710)એ તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કમલેશભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા. દશરથભાઈને અકસ્માતની જાણ થતાં તેઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા. તેમણે વિસનગર તાલુકા પોલીસ મથકમાં ફરાર થયેલા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## ઉશ્કેરાયેલા ટોળાનો પોલીસ પર પથ્થરમારો, મહિલા ચીફ ઓફિસર સાથે ઘર્ષણમાં ઊતર્યા, ઉત્પાદકોએ કહ્યું- અમને મારી નાખો

# હાલોલમાં પ્લાસ્ટિક બેગ ફેક્ટરીઓ પર દરોડા

હાલોલ | હાલોલ ઔદ્યોગિક વસાહતમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક કેરીબેગનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ સામે આજે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસરની આગેવાનીમાં મામલતદાર, જીપીસીબી અને પોલીસની સંયુક્ત ટીમે પ્રતાપપુરા દુનિયા અને સાતરોટા વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. એ દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો અને મહિલા ચીફ ઓફિસર સાથે પણ ઘર્ષણમાં ઊતર્યા હતા. ઉશ્કેરાયેલા ઉત્પાદકોએ કહ્યું હતું કે અમને મારીને ફાંસીએ ચડાવી દો. પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે વધારાનો પોલીસકાફલો પણ તહેનાત કરવામાં આવ્યો હતો. હાલોલ ઔદ્યોગિક વસાહતમાં આવેલા પ્રતાપપુરા દુનિયા અને સાથરોટાના વિસ્તારોમાં સરકારની ગાઈડલાઈનનો ભંગ કરી ગેરકાયદે ધમધમતા પ્લાસ્ટિકનાં ઝભલાં બનાવતી કંપનીઓ પર આજે હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસરે હાલોલ મામલતદાર, જીપીસીબી અને પોલીસની ટીમોને સાથે રાખીને છાપા માર્યા હતા. કેટલીક બંધ ફેક્ટરીઓ અને કંપનીઓનાં તાળાં તોડી ફેક્ટરીમાંથી 15 અને 20 માઈક્રોનના પ્લાસ્ટિકનાં ઝભલાં જપ્ત કરવાની કાર્યવાહી કરી હતી. એ દરમિયાન કેટલાક ઉત્પાદકતાઓએ લોકટોળાં ભેગાં કરી સરકારી કર્મચારીઓ અને પોલીસ સાથે સંઘર્ષ કરતાં મામલો ઉગ્ર બન્યો હતો અને વધુ પોલીસ બોલાવવાની ફરજ પડી છે.

હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકરે જણાવ્યું હતું કે સવારે 8 વાગ્યાથી આ મિશન ચાલુ થયું છે. અત્યારસુધીમાં 50 હજાર કિલો પ્લાસ્ટિક અમે પકડી લીધું છે. આ કાર્યવાહી હજુ પણ ચાલુ છે. કેન્દ્ર સરકારની નોટિફિકેશન મુજબ 20 માઈક્રોનથી નીચેનાં પ્લાસ્ટિકનાં ઝભલાં ઉત્પાદન કરવા પર સદંતર પ્રતિબંધ ફરમાવાયો છે. પર્યાવરણને ધ્યાને લેતાં સરકારે 2022 બાદ આ નોટિફિકેશન જાહેર કર્યું હતું, એમ છતાં હાલોલ ઔદ્યોગિક 700થી વધુ પ્લાસ્ટિકનાં ઝભલાં બનાવતી ફેક્ટરી અને કંપનીમાં પર્યાવરણ માટે જોખમી અને ઘાતક એવા 15 અને 20 માઈક્રોનાં પ્લાસ્ટિકના ઝભલાંનું ઉત્પાદન કરવામાં આવી રહ્યાં છે.



### મુખ્ય ગેટ પર તાળાં લગાવી અંદર ઉત્પાદન

જીપીસીબી દ્વારા આવા યુનિટો પર છાપા મારીને એને ક્લોઝર આપવામાં આવે છે, પરંતુ યેન કેન પ્રકારેણ આ યુનિટો પુનઃ શરૂ થઈ જાય છે. ઔદ્યોગિક વસાહતમાં આવા યુનિટો તેમના મુખ્ય ગેટની બહાર તાળાં લગાવીને અંદર ઉત્પાદન કરતા હોવાથી તેઓ સામે કાર્યવાહી કરી શકાતી નથી. આજે હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસરે ત્રણ ગામના વિસ્તારોમાં અલગ-અલગ ટીમો બનાવી મામલતદાર જીપીસીબી અને પોલીસને સાથે રાખી આવા બંધ ફેક્ટરીઓનાં તાળાં તોડીને તપાસ કરી હતી. એમાં આવી અનેક ફેક્ટરીઓ અને કંપનીઓમાંથી 10 માઈક્રોનાં પ્લાસ્ટિકનાં ઝભલાં મળ્યા હતા.

### ફેક્ટરી ઉત્પાદકોનો પોલીસ પર પથ્થરમારો

આ સમગ્ર કામગીરી કરવામાં આવી રહી હતી એ સમયે ગોધરા રોડ ઉપર બંસલ મોલની બાજુમાં કંપનીઓ અને ફેક્ટરીઓના ઉત્પાદકોએ લોકટોળું એકત્ર કરી પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો, સાથે જ રોડની અંદર આવેલી કંપનીઓ પર કાર્યવાહી કરી રહેલાં મહિલા ચીફ ઓફિસર સાથે ઘર્ષણમાં ઊતર્યા હતા. મોટી સંખ્યામાં લોકટોળું એકત્ર થઈ જતાં પોલીસે બળપ્રયોગ કર્યો હતો. ઘટનાને પગલે વધુ પોલીસ બોલાવવાની પણ ફરજ પડી છે.

## દીપડી પાંજરામાં ઝડપાઈ:તાલાલાના રાયડી ગામમાં ખેડૂત પર હુમલો કરનાર દીપડીને વન વિભાગે કરી કાબૂમાં

(એજન્સી) ગીર સોમનાથ (વેરાવળ) | તા. 20

તાલાલા તાલુકાના રાયડી ગામમાં ખેડૂત પર હુમલો કરનાર દીપડી અંતે વન વિભાગની ટીમે સફળતાપૂર્વક પકડી પાડી છે. આ ઘટના 18 જાન્યુઆરી 2025ના રોજ બપોરે 3 વાગ્યે બની હતી, જ્યારે સ્થાનિક રહેવાસી મેઘજીભાઈ મેપાભાઈ બાબરીયા તેમની વાડીથી બાજુની વાડીએ ચા પીવા જઈ રહ્યા હતા.

તુવેરના ખેતરમાંથી અચાનક દીપડીએ મેઘજીભાઈ પર હુમલો કર્યો હતો. તેમની બૂમાબૂમથી આસપાસના લોકો દોડી આવ્યા અને દીપડીને ભગાડી મૂકી હતી. ઈજાગ્રસ્ત મેઘજીભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તાલાલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં વન વિભાગના આરએફઓ વઘાસીયાએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. વનપાલ પ્રવીણ કે. વાળા, ફોરેસ્ટ ગાર્ડ પિયુષ વાળા, જમોડભાઈ અને લેબર ટ્રેકર સ્ટાફની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરતાં વિસ્તારમાં 4 પાંજરા ગોઠવ્યા હતા. ગણતરીના કલાકોમાં જ દીપડી પાંજરામાં સપડાઈ ગઈ હતી. આ સફળતાથી ગામલોકોમાં ફેલાયેલો દીપડીનો ભય દૂર થયો છે. પકડાયેલી દીપડીને સાસણ ખાતેના રેસ્ક્યૂ સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે.



### સફેદ વાઘની જોડી બાદ આફ્રિકન પ્લેન ઝિબ્રાનું આગમન, નવા મહેમાનો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

# જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં નવું આકર્ષણ

(એજન્સી) જૂનાગઢ | તા. 20

જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં સફેદ વાઘની જોડી બાદ સૌપ્રથમ વાર આફ્રિકન પ્લેન ઝિબ્રાનું આગમન થયું છે. જામનગરના રાધે કૃષ્ણ ટેમ્પલ એલીફંટ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી આ આફ્રિકન પ્લેન ઝિબ્રાની જોડીને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં ભેટ આપવામાં આવી છે. જે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય અને વન વિભાગ ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત છે.

સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના નિયામક અક્ષય જોશીના જણાવ્યા અનુસાર, સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીના નિયમ મુજબ ક્વોરન્ટાઈન સમયગાળો પૂર્ણ થયા બાદ આ ઝિબ્રાની જોડીને પ્રવાસીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી છે. આ નવા મહેમાનો સક્કરબાગ ઝૂના પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

આફ્રિકાના બોત્સ્વાના પ્રદેશમાં જોવા મળતા આ પ્લેન ઝિબ્રા, ગ્રીવ્સ ઝિબ્રા કરતાં નાના અને માઉન્ટેન ઝિબ્રા કરતાં મોટા કદના હોય છે. તેમની મુખ્ય ઓળખ તેમના શરીર પરના સ્પષ્ટ સફેદ-કાળા પટ્ટા છે. આ પ્રજાતિની ખાસિયતોમાં ગરદન પર ટૂંકા અને ઊભા વાળ, ઘટ્ટ ગુચ્છાદાર પૂંછડી અને મજબૂત પગનો સમાવેશ થાય છે. નર ઝિબ્રાનું વજન 210થી 322 કિલોગ્રામ અને માદાનું વજન 175થી 250 કિલોગ્રામ જેટલું હોય છે.

સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ અને પ્રદ્યુમ્ન પાર્ક રાજકોટ વચ્ચે ભારત સરકારનાં સેંટ્રલ ઝૂ ઓથોરીટી ની પરવાનગી મુજબ એનીમલ એક્સચેંજ પ્રોગ્રામ હેઠળ સક્કરબાગ પ્રાણીસંગહાલય જૂનાગઢમાંથી એક જોડી સિંહ (એક નર, એક માદા) પ્રદ્યુમન પાર્ક રાજકોટને આપવામાં આવ્યા હતા. જેના બદલામાં પ્રદ્યુમન પાર્ક રાજકોટ તરફથી એક જોડી સફેદ વાઘ (એક નર, એક માદા) સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને આપવામાં આવ્યા હતા. ત્યારબાદ સેંટ્રલ ઝુ ઓથોરીટીની માર્ગદર્શીકા અનુંસાર સફેદ વાઘની જોડીને નિયત સમય માટે ક્વોરંટાઈન ફેસેલીટીમાં રાખવાનો સમય પૂર્ણ થયા બાદમુલાકાતીઓ માટે જંગલ સફારી રૂટ પર મુકવામાં આવ્યા હતા.

સફેદ વાઘ એ ભારતીય ઉપખંડનાં પશ્ચિમ બંગાળ રાજ્યમાં આવેલા સુંદરવન વન વિસ્તારમાં જોવા મળે છે. સફેદ વાઘ સામાન્ય વાઘની જેમ જ હોય છે. પરંતુ ફક્ત શરીરમાં આવેલા 'મેલાનીન' અભિરંજકની ઊણપને લીધે સફેદ દેખાય છે. સફેદ વાઘની આંખનો કલર બ્લૂ તથા પગના પંજાનો કલર ગુલાબી હોય છે. સફેદ વાઘનું સામાન્ય વાઘ કરતાં શરીર વજનદાર હોય છે, જેની લંબાઈ નાકથી પૂંછડી સુધી 9.8 ફૂટથી 10 ફૂટ સુધીની હોય છે.

## RTEમાં બાળકોને એડમિશન અપાવવા દસ્તાવેજો સાથે ચેડાં કર્યાં; 68 વિદ્યાર્થીનાં નામ સાથે DEOનો સ્કૂલોને પત્ર...

# ખોટી આવક દર્શાવનાર વાલીઓ સામે ગુનો નોંધાશે

(એજન્સી) સુરત | તા. 20

RTEમાં પોતાના બાળકો માટે પ્રવેશ મેળવવા સુરતમાં કેટલાક વાલીઓએ દસ્તાવેજો સાથે ચેડાં કરી આવક ઓછી બતાવી પ્રવેશ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે કારસ્તાનની ગણતરીના સમયમાં પોલ ખુલી ગઈ હતી. જેથી હવે સુરતમાં પ્રથમવાર RTE હેઠળ ખોટી આવક બતાવીને પ્રવેશ મેળવનાર વાલીઓ સામે ફોજદારી કાર્યવાહી માટે સુરત જિલ્લા શિક્ષણ અધિકારીએ તમામ શાળાઓને આદેશ કર્યા છે.

આ કાર્યવાહી માટે સુરત જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીથી પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે અને દરેક શાળાઓને વિદ્યાર્થીઓના નામ દીઠ જાણકારી આપી ફોજદારી કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી છે. ખોટી આવક અને જાણકારી આપ્યા બાદ RTE હેઠળ પ્રવેશ મેળવનાર 100થી વધુ વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવ્યા છે. સુરત જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથ પરમારે આ વિદ્યાર્થીઓને શાળામાં ફી ભરવા માટે સૂચના આપી હતી. એટલું જ નહીં, આ તમામ 100 જેટલા વિદ્યાર્થીઓના વાલીઓને તેમની વાત રજૂ કરવા માટે હિયરિંગ માટે બોલાવવામાં આવ્યા હતા. વાલીઓને તક આપવામાં આવી હતી કે તેઓ પોતાની વાત મૂકી શકે.

આટલું જ નહીં, શાળા તરફથી RTE હેઠળ એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓના પ્રોફાઈલ ચેક કરવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગના લોકો કરોડપતિ છે અને લક્ઝુરીયસ કાર તેમજ મકાનમાં રહે છે તે જાણવા મળ્યું હતું. જેના કારણે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તમામ એડમિશન રદ કરવામાં આવ્યા હતા.



### 100માંથી અત્યારસુધીમાં 68 વિરુદ્ધ પરિપત્ર

RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે ખોટા દસ્તાવેજો અને જાણકારી આપનાર વાલીઓ સામે હવે સુરતમાં પ્રથમવાર ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા આ માટે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. 100માંથી અત્યાર સુધીમાં 68 વિદ્યાર્થીઓના વાલીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે DEO કચેરી દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. બાકીના 32 વિદ્યાર્થીઓના નામ સાથે પણ આગામી દિવસોમાં પરિપત્ર શાળાઓને મોકલવામાં આવશે.

### શાળાના શિક્ષકો, સ્ટાફની પણ સંડોવણી

અત્રે ઉલ્લેખનીય છે કે RTE હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ખાનગી રીતે શાળાઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં શાળાના શિક્ષકો અને સ્ટાફના લોકો સામેલ હતા. આ તપાસ દરમિયાન 100થી વધુ આવા વિદ્યાર્થીઓ મળ્યા હતા, જેમના ઝીંગાના તળાવ, સંચાના કારખાના, કરોડો રૂપિયાના મકાન અને લક્ઝુરીયસ કાર હતા.

## પ્રેમીએ ગર્ભવતી બનાવી તરછોડતા સગીરાનો આપઘાતનો પ્રયાસ

(એજન્સી) સુરત | તા. 20

સુરતના વરાછા વિસ્તારમાં રહેતી કિશોરીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી યુવકે અવારનવાર શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ દરમિયાન કિશોરી ગર્ભવતી થઈ ગયા બાદ યુવકે અન્ય જગ્યાએ પોતાના લગ્ન કરી નાખ્યાં હતાં અને કિશોરી સાથે લગ્નની ના પાડી દીધી હતી. જોકે ત્યારબાદ યુવકે તેને આત્મહત્યા કરવા માટે મજબૂર કરી હતી. ભોગ બનનાર કિશોરીએ આઘાતમાં ત્રીજા માળેથી પડતું મૂકી આત્મહત્યાની કોશિશ કરી છે.હાલમાં તેને હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવી છે. બનાવને પગલે ભોગ બનનાર કિશોરીની બહેને વરાછા પોલીસ મથકમાં યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર અને આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે, મૂળ ગીર સોમનાથના વતની અને હાલમાં વરાછા વિસ્તારમાં ચોપાટી સામે આવેલ ઘનશ્યામનગરમાં રહેતા સોહમ સાદુળભાઈ ગોહિલે સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ મારફતે વરાછા વિસ્તારમાં જ રહેતી એક 17 વર્ષીય કિશોરી સાથે મિત્રતા કરી હતી. કિશોરી અને તેની મોટી બહેન વરાછા વિસ્તારમાં એક રૂમમાં એકલા જ રહીને એમ્બ્રોડરીના ખાતામાં કામ કરી પરિવારને આર્થિક મદદ કરે છે.

## દીકરી ઊઠીને રડવા લાગતા પિતાએ પિત્તો ગુમાવ્યો, પત્નીને માર મારી બહેન સાથે મળી ઉંદર મારવાનો પાવડર પીવડાવ્યો

(એજન્સી) સુરત | તા. 20

સુરતના ઉમરવાડામાં રહેતી પરિણીતાને બળજબરીથી ઉંદર મારવાનો પાઉડર પીવડાવી પતિ અને નણંદે હત્યાની કોશિશ કરી હતી. હાલ આ પરિણીતાને સ્મીમેરમાં સારવાર ચાલી રહી છે. આ બનાવની ફરિયાદ થતાં પૂણા પોલીસે ગુનો નોંધી મહિલાના પતિ અને નણંદની ધરપકડ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દીકરી ઊઠીને રડવા લાગતા પિતાએ ઉશ્કેરાય ને પત્નીને માર માર્યો હતો અને ત્યારબાદ બહેન સાથે મળીને તેને ઉંદર મારવાનો પાવડર પીવડાવી દીધો હતો.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ નવા કમેલા દરવાજા સ્થિત ઉમરવાડાનાં સંજય નગરમાં રહેતી અને મૂળ યુ.પીની 25 વર્ષીય તસ્લીમા આકીબ યુસુફ બન્સારીએ પુણા પોલીસ સ્ટેશનમાં પતિ આકીબ યુસુફ અન્સારી અને નણંદ રોશનબેન ઈકરાર અબ્દુલ ફૈઝૂમ અન્સારી (બંને રહે., સંજય નગર ઝૂંપડપટ્ટી, નવા કમેલા દરવાજા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. તેણે તેની ફરિયાદમાં જણાવ્યા મુજબ તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા આકીબ સાથે થયા હતાં. લગ્ન બાદ તે પતિ સાથે સુરતમાં રહેતી હતી. જ્યારે તેની નણંદનું સગપણ તેના સગાભાઈ કસબુદીન સાથે થયું હતું.

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુના કામો કરાયા પૂર્ણ

## સુજલામ સુફલામ યોજના ગુજરાતમાં સફળ છે , ગુજરાતમાં ૯૪૮૦ તળાવોને ઊંડા કરાયા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

જળ સંચય અને જળ સિંચાઈ આજના સમયની જરૂરીયાત છે. જેને ધ્યાને રાખી રાજ્યમાં જળ સંગ્રહ માટે 'સુજલામ સુજલામ' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનના ફલશ્રુતિરૂપે છેલ્લા બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેના થકી પાણીદાર ગુજરાતનું નિર્માણ થયું છે.'ખેતી માટે પાણી' અને 'ઘર- ઘર સુધી શુદ્ધ પેયજળ' પહોંચાડવાના ઉમદા આશયથી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૩માં 'સુજલામ સુફલામ' યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના આજે અન્ય રાજ્યો માટે આદર્શ મોડલ બન્યું છે. વડાપ્રધાનમંત્રીએ આપેલો 'સુજલામ સુફલામ'નો વિચાર આજે વટવૃક્ષ બની ચૂક્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર આ અભિયાનને મહાઅભિયાન બનાવી 'જળ એ જ જીવન'ની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. વર્ષ ૨૦૨૩માં ૨૩,૭૨૫ અને વર્ષ ૨૦૨૪માં ૯,૩૭૪ કામો એમ કુલ ૩૩,૦૯૯ કામો પૂર્ણ થયા છે.ઉપરાંત વર્ષ ૨૦૨૩માં ૨૧,૪૨૫ લાખ ઘન ફૂટ અને વર્ષ ૨૦૨૪માં ૧૧,૫૨૩ લાખ ઘન ફૂટ એમ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૨,૯૪૮ લાખ ઘન ફૂટ પાણી સંગ્રહ શક્તિમાં વધારો થયો છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૬,૭૬૫ કિ.મી. અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ કિ.મી. એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૯,૩૮૧ કિ.મી. નેહરો અને કાંસની સાફ સફાઈ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં ૭,૫૦૪ અને વર્ષ ૨૦૨૪માં ૧,૯૭૬ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૯,૪૮૦ તળાવોને ઊંડા કરાયા છે.



### ચેકડેમોને પણ કરાયા રીપેર

સાથે જ, વર્ષ ૨૦૨૩માં ૫,૧૫૯ અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૭,૭૭૫ ચેકડેમ ડિસીલ્ટીંગના કામો થયા છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧,૦૨૯ અને વર્ષ ૨૦૨૪માં ૮૮૫ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૧,૯૧૪ ચેકડેમ રિપેરિંગના કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.આ અભિયાન થકી રાજ્યમાં સુકા પડેલા વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સમસ્યા હલ થવાની સાથે સાથે વર્ષ ૨૦૨૪માં ૭.૪૯ લાખ માનવદિનની રોજગારી પણ ઉત્પન્ન થઈ છે તેમ, પાણી પૂરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.

## હજુ આગામી સમયમાં ઠંડી વધે તેવી શક્યતા

### 24 કલાકમાં લઘુત્તમ તાપમાન સવા ડિગ્રી વધતાં ઠંડી ઘટી : સિઝનલ બિમારી વધી



ભાવનગર : ભાવનગર શહેર-જિલ્લામાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં વધારો થતા અને પવનની ઝડપ ઘટતા ઠંડી ઘટી છે તેથી ભાવનગર શહેરીજનોની સાથોસાથ જિલ્લાવાસીઓને પણ રાહત થઈ છે. જો કે, હાલ એકાદ સપ્તાહથી ઠંડીની અસર ઘટી છે પરંતુ આગામી દિવસોમાં ફરી એક વખત તિવ્ર ઠંડી પડે તેવી શક્યતા જણાઈ રહી છે. જો કે, ઠંડીમાં સતત વધ-ઘટના કારણે સિઝનલ બિમારીના દર્દીઓની સંખ્યા વધી હોવાનું જાણવા મળેલ છે. ભાવનગર શહેર અને જિલ્લામાં જાન્યુઆરી માસના પ્રારંભથી ઠંડીનો ચમકારો વધ્યો હતો. અને બીજા સપ્તાહમાં ઠંડીનો પારો સતત નીચે ગગડતાં શહેરીજનોની સાથે ગોહીલવાડવાસીઓએ પણ તિવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો. હાડ ધ્રુજાવતી ઠંડીની સાથોસાથ પવનની ઝડપ પણ વધુ રહેતાં લોકો ગરમ વસ્ત્રોના સહારે રહેવાની ફરજ પડી હતી. જો કે, આ સમય દરમિયાન રાત્રિના ૧૦ કલાક બાદ રસ્તા પર કુદરતી કર્ફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. આ પણ અધુરૂં હોય તેમ ઠંડીના કારણે શરદી- ઉધરસ જેવી સિઝનલ બિમારીના દર્દીઓની સંખ્યામાં પણ સતત વધારો જોવા મળ્યો છે અને હાલ તેમાં પણ ઉતરોત્તર વધારો થઈ રહ્યો હોવાનું તબીબી સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું. દરમિયાનમાં આજે સાંજે પુરા થયેલાં ૨૪ કલાકના અંતે આજે નોંધાયેલાં ભાવનગરના તાપમાનમાં ગતરોજની સરખામણીએ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. જેમાં ભાવનગર શહેર-જિલ્લામાં આજે મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૬.૪ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે આજે ભેજનું પ્રમાણ ૩૮ ટકા અને પવનની ઝડપ ૮ કિલોમીટર પ્રતિકલાક નોંધાઈ હતી. જો કે, આજની સરખામણીએ ગત શનિવારે ભાવનગર શહેર અને જિલ્લાનું મહત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૫.૮ ડિગ્રી નોંધાયુ હતુ, જયારે ભેજનું પ્રમાણ ૫૬ ટકા અને પવનની ઝડપ ૮ કિલોમીટર પ્રતિકલાક નોંધાઈ હતી.

## ભાલેજ ગામમાંથી 885 કિલો ગૌમાંસ સાથે ગેરકાયદે ચાલતું કતલખાનું ઝડપાયું

(એજન્સી) આણંદ | તા.20

ભાલેજ ગામમાંથી ગેરકાયદે ચાલતું કતલખાનું ઝડપાયું છે. આણંદ એલસીબીના દરોડામાં ૮૮૫ કિલો ગૌમાંસ સાથે ચાર શખ્સો પણ ઝડપાયા છે. જ્યારે ૧૦ ગૌવંશને કતલથી બચાવી લેવાયા પણ છે. ત્યારે પોલીસે ગૌમાંસ, પશુ કલત કરવાની સામગ્રી સહિત રૂા. ૬.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવા સાથે ૯ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.આણંદના ભાલેજ ગામમાં કુરેશી મહોલ્લામાં રહેતા કાદરભાઈ મહમદભાઈ કુરેશી અને ઈસાકભાઈ સિદીકભાઈ કુરેશી (આણંદવાળા) મળતિયાઓ સાથે મળી ગૌવંશની કતલ કરી ગૌમાંસ વેચાણનો ધંધો કરતા હતા. જ્યાં આણંદ એલસીબીએ રેડ પાડી ૧૦ ગૌવંશને કતલથી બચાવી લીધા હતા. દરોડા દરમિયાન રૂા. ૧.૭૭ લાખનું ૮૮૫ કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કરાયો હતો. પોલીસે કાદરભાઈ ઉર્ફે કાદરહાજી મહમંદભાઈ કુરેશી, જીલાનીભાઈ રબ્બાનીભાઈ કુરેશી, મુસ્તુફા રસુલભાઈ કુરેશી, સકિલભાઈ સિકંદરભાઈ કુરેશી તમામ રહે. કુરેશ મહોલ્લા, ભાલેજવાળાને ઝડપી પાડયા છે. ગેરકાયદે કતલખાનામાંથી વજનકાંટા સહિત પશુને કતલ કરવાની સામગ્રી સહિત કુલ રૂા. ૬.૬૩ લાખનો મુદ્દામાલ પણ પોલીસે જપ્ત કર્યો છે. જ્યારે ઈસાકભાઈ સિદ્દીકભાઈ કુરેશી (રહે. આણંદ પોલસન ડેરી રોડ), મુસ્તકીમભાઈ ઉર્ફે બાટલી મહેબુબભાઈ કુરેશી (ભાલેજ), મહેબુબભાઈ કમાલભાઈ શેખ (અલીણા, તા. મહુધા) અને હસન ઉર્ફે ભાઈ ઉર્ફે કઠલાલલી મુસ્તુફા કુરેશી ભાલેજવાળાને ફરાર જાહેર કરી ૯થી વધુ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.



દરોડામાં ચાર શખ્સો ઝડપાયા, પાંચ શખ્સો ફરાર

## મેવાસા નજીકથી દોઢ લાખનો દારૂ ભરેલી કાર ઝડપાઈ

(એજન્સી) ભાવનગર | તા.20

ભાવનગરના સનેસ ગામથી મેવાસા ગામ જતા રોડ ઉપર ચામુંડા માતાજીના મંદિર પાસે આવેલ બાવળની કાંટમાંથી લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરેલી કાર ઝડપી લીધી હતી.પોલીસે સ્થળ પરથી દારૂ કાર મળી રૂ.૫.૨૩ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.જ્યારે બુટલેગર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ભાવનગર, એલસીબી. પોલીસ સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન બાતમી મળેલ કે,અગાઉ ઈંગ્લીશ દારૂના ગુનામાં પકડાયેલ હર્ષદ ઉર્ફે જર્મન ભીમજીભાઇ ગુજરીયા એ પોતાના કબ્જાની સફેદ કલરની નંબર પ્લેટ વગરની સ્વીફટ કારમાં બહારથી ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી આ કાર સાથે ભાવનગર સનેસ ગામથી મેવાસા ગામ જતા રોડ ઉપર, ચામુંડા માતાજીના મંદિર પાસે આવેલ બાવળની કાંટમાં ઉભેલ છે. જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ દરોડો કરી તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂની ૮૫૦ બોટલ મળી આવતા પોલીસે કબજે લીધી હતી.લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂની બોટલ ૮૫૦ રૂ.૧,૨૩,૨૫૦ ,કાર કિંમત રૂ.૪,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૫,૨૩,૨૫૦ નો મુદ્દામાલનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.પરંતુ હર્ષદ ઉર્ફે જર્મન ભીમજીભાઇ ગુજરીયા નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.નાસી છૂટેલા હર્ષદ ઉર્ફે જર્મન વિરૂધ્ધ ભાવનગર, વેળાવદર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

બોટાદ પોલીસે ત્રણ શખ્સની જુગારના કેસમાં ધરપકડ કરી હતી

## આરોપીઓને માર મારવા મામલે બોટાદના તત્કાલીન ડીવાયએસપી.વિરુદ્ધ કાર્યવાહીનો કોર્ટનો આદેશ

(એજન્સી) બોટાદ | તા.20

બોટાદ પોલીસે ચાર વર્ષ પહેલાં જુગારધારાની કલમ હેઠળ ઝડપેલા ત્રણ આરોપીને તત્કાલીન ડી.વાય.એસ.પી. દ્વારા પટ્ટા વડે માર મારી રૂપિયાની માંગણી કરી હતી અને રૂપિયા ન આપે તો વધુ માર મારવાની ધમકી આપી હતી.આ મામલે જુગાર કેસમાં ઝડપાયેલા ત્રણ વ્યક્તિએ કોર્ટમાં કરેલી ફરિયાદની સુનાવણી બાદ બોટાદના સેકન્ડ એડિશનલ જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એ તત્કાલીન ડી. વાય.એસ.પી.વિરુદ્ધ આઇ.પી.સી કલમ ૩૨૩,૫૦૪ અને ૫૦૬(૧) મુજબ કાર્યવાહી કરવા આદેશ કર્યો છે.

આ કેસ અંગે પ્રાપ્ત વિગત અનુસાર બોટાદ પોલીસ મથકના તત્કાલીન પી.એસ.આઇ. કરમટીયા અને સ્ટાફ દ્વારા ગત.તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ સાંજના સમયે પાળીયાદ રોડ પર આવેલ શુભમ કોમ્પ્લેક્સની એક ઓફિસમાં દરોડો પાડી જનક્સિંહ ભગવાનભાઈ ગોહિલ,વિપુલભાઈ જગુભાઈ ખુમાણ અને યશપલસિંહ ઘનશ્યામસિંહ ગોહિલની જુગારધારાની કલમ ૪ અને ૫ મુજબ ધરપકડ કરી હતી.ધરપકડ બાદ ત્રણેય આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા ત્રણેય દ્વારા ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સમક્ષ તત્કાલીન ડી.વાય.એસ.પી. રાજદીપસિંહ નકુમ રાત્રિના પોલીસ સ્ટેશને આવ્યા હતા. અને રૂ.પાંચ લાખની માંગણી કરી ગાળો આપી પટ્ટા વડે માર મારી ઈજા પહોંચાડી હતી.કોર્ટે ત્રણેયને સાંભળીને સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યા હતા,ત્યાર બાદ ત્રણેય જામીન ઉપર મુક્ત થયા હતા.કોર્ટ સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં સમાધાન માટે દબાણ કરીને પોલીસ દ્વારા તેમના પરિવારના સભ્યોને પણ ખોટા કેસમાં ફસાવી દીધા હતા.

## રાતવેળાએ ગાડીમાં આવેલા શખ્સોએ યુવકને મારમારીને ખુનની ધમકી આપી

(એજન્સી) ગાંધીનગર | તા.20

ઉતરાયણ અને વાસી ઉતરાયણના દિવસે થયેલી બોલાચાલી અને બબાલોના પડઘા હજુ પણ પડી રહ્યાં છે. આવા એક કિસ્સામાં વાસી ઉતરાયણના દિવસે ધાબા પર મોટેથી સ્પીકર વગાડવાની વાતે થયેલી માથાકુટનું સમધાન થઇ ગયું હોવા છતાં ગત રાતવેળાએ ગાડીમાં આવેલા ચાર શખ્શોએ ચરેડી છાપરા પાસે યુવક પર હુમલો કરીને ગડદા પાટુનો માર મારી ખુન કરી નાંખવાની ધમકી આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૃ કરી છે. સેક્ટર ૨૮માં ચરેડી છાપરા વિસ્તારમાં રહેતા આશીફ ઈમ્તિયાઝ અશરફ મલેક નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પેથાપુરમાં રહેતા રોહિત મુન્નાભાઇ બલોચ, રોહિત ઉર્ફે નેનીયો મહેન્દ્રભાઇ રાઠોડ, હિતેશ ઉર્ફે બાદશાહ શ્રીમાળી અને નિર્ભય સોલંકીનાં નામ આપ્યા છે. પોલીસ સમક્ષની ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે વાસી ઉતરાયણના દિવસે ફરિયાદી આશીફ તેના મિત્રના ઘરે જીઆઇડીસી ત્રણ માળિયામાં પતંગ ઉડાડવા ગયો હતો. ત્યારે ધાબા પર મુકેલા સ્પીકર આરોપી રોહિત બલોચે બંધ કરવાનું કહેતાં બોલાચાલી થઇ હતી.

## પીકઅપ ડાલામાં તીજોરીની આડમાં લઈ જવાતો 3.28 લાખનો દારૂ ઝડપાયો

(એજન્સી) આણંદ | તા.20

બોરસદ શહેરથી તારાપુર હાઈવે તરફ જતા ટી પોઈન્ટ પાસેથી પીકઅપ ડાલામાં તીજોરી અને લાકડાના બોક્સમાં ભરીને લઈ જવાતો દારૂનો જથ્થો બોરસદ શહેર પોલીસે ઝડપી પાડયો હતો. રૂા. ૩.૨૮ લાખના દારૂની ૫,૨૩૨ બોટલો સહિત રૂા. ૭.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવરની અટકાયત કરવા સાથે ત્રણ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.બોરસદ શહેર પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન વાસદ તરફથી સીક્સ લાઈન હાઈવે ઉપર થઈ તારાપુરથી સૌરાષ્ટ્ર તરફ પીકઅપ ડાલામાં તીજોરી અને લાકડાના બંધ બોક્સમાં દારૂનો જથ્થો લઈ જવાતો હતો. ત્યારે પોલીસ બોરસદ શહેરથી તારાપુર જતા હાઈવેના ટી પોઈન્ટ પાસે ઉભી હતી. ત્યાં પીકઅપ ડાલું આવતા તેને ઉભું રાખી તપાસ કરતા તીજોરી અને લાકડાના બોક્સમાં રૂા. ૩.૨૮ લાખની દારૂની ૫,૨૩૨ ક્વાટરિયા ઝડપાયા હતા. પોલીસે પીકઅપ ડાલુ, રોકડ, મોબાઈલ, તીજોરી સહિત રૂા. ૭.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા શખ્સ અને અન્ય બે મોબાઈલધારકો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## ગીલોલથી ગાડીઓના કાચ તોડી ચોરી કરતી છારા ગેંગના બે આરોપી ઝડપાયા

(એજન્સી) આણંદ | તા.20

ડીસમીસ કે છરાવાળી ગીલોલથી ગાડીઓના કાચ તોડી આંતર જિલ્લામાં ચોરીના ગુનાઓને અંજામ આપતી કુખ્યાત છારા ગેંગના બે આરોપીઓને રૂા. ૫૧ હજારના મુદ્દામાલ સાથે આણંદ એલસીબીએ ઝડપી પાડયા હતા. આણંદ- બોરસદ રોડ જીટોડિયા બંધન પાર્ટી પ્લોટ પાસેથી બે શખ્સોને બાઈક સાથે આણંદ એલસીબીની ટીમે ઝડપી પાડયા હતા. પૂછપરછ દરમિયાન બંનેએ બીજા સાથીદારો સાથે મળી વાહનોના કાચ તોડી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. ઝડપાયેલા જયતીભાઈ નારણભાઈ દીદાવાલા (રહે. મહાજનીયાવાસ, એસટી વર્કશોપ સામે, નરોડા, અમદાવાદ) અને ધનપાલ જયંતીભાઈ ઈંદ્રેકર પાસેથી બાઈક, મોબાઈલ સહિત રૂા. ૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝડપાયેલા શખ્સોએ તારાપુર, હિંમતનગર, ચિલોડા અને ગાંધીનગરના મુખ્ય માર્ગો પર ગાડીઓના કાચ તોડી ચોરી કર્યાના સાત જેટલા ગુનાઓની કબૂલાત કરી હતી. ઉપરાંત બંને શખ્સો બેથી ત્રણ ગુનાઓમાં નાસતા ફરતા હોવાનું પણ જાણવા મળ્યું છે.

## પેરોલ જમ્પ કરી ફરાર આરોપીને પોલીસે ઝડપી જેલ હવાલે કર્યો

### આઠ મહિના અગાઉ પેરોલ પર છૂટયા બાદ પરત ફર્યો ન હતો : ઘેધુ ચોકડી પાસેથી પકડાયો



માણસા : વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનના મર્ડરના ગુનાનો આરોપી મહેસાણા જેલમાં સજા કાપી રહ્યો હતો જે આઠ મહિના અગાઉ પેરોલ પર છૂટયો હતો જે બાદ પરત ફર્યો ન હતો જેને માણસા પોલીસે આઠ મહિના બાદ માણસા તાલુકાના ઘેધુ ચોકડી પાસેથી ઝડપી મહેસાણા જેલ હવાલે કરી દીધો છે. માણસા પોલીસ ઈન્સ્પેક્ટરે અને સર્વેલન્સ સ્કોવર્ડના તથા ઈટાદરા બીટના માણસો પેટ્રોલીંગમાં હતા દરમિયાન બાતમી હકિકત મળેલ કે વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનના ગુનાનો આરોપી જશવંત ઉર્ફે હરેશ વિષ્ણુભાઈ લાલાભાઈ રાવળ હાલ રહે કાંઠા ગામ હુડકોમાં, રામાપીરના મંદિર પાસે મૂળ રહે. ઉદલપુર તાલુકો વિસનગર, મહેસાણા જીલ્લા જેલ ખાતેથી પેરોલ રજા પર છુટી છેલ્લા આઠ મહિનાથી પેરોલ જમ્પ કર્યો હતો. મહેસાણા જિલ્લા જેલના કાચા કામના કેદીને ઘેધુ ચોકડી ખાતે આવેલો હોવાની હકિકત મળતા હકિકત આધારે આરોપીને શોધી કાઢી પકડી અટક કરી મહેસાણા જિલ્લા જેલ હવાલે મોકલી આપ્યો હતો.

## બોડેલીનાં પાણેજ પાસે હિટ એન્ડ રન, કાર ચાલકે ટક્કર મારતાં જમાઈ અને નાની સાસુનું ઘટનાસ્થળે મોત

(એજન્સી) બોડેલી | તા.20

રાજ્યમાં વધતી જતી હિટ એન્ડ રન ઘટનાઓના લીધે અવાર-નવાર નિર્દોષ લોકોને જીવ ગુમાવવાનો વારો આવે છે. ત્યારે છોટા ઉદેપુરના બોડેલી નજીક વધુ હિટ એન્ડ રનની ઘટના સર્જાઇ હતી. જેમાં બેફામ ગતિએ આવી રહેલી કારે બાઈક ચાલકને અડફેટે લેતાં નાની સાસુ અને જમાઈનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે નાના સસરાને ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતકોની ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધી હતી. અને અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર બોડેલીના પાણેજ પાસે એક કાર ચાલકે બાઈક પર સવાર જમાઈ પોતાના નાના સાસુ અને નાના સસરાને લઈને જઈ રહ્યો હતો. ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલી ઈકો કારના ચાલકે ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કર વાગતાં બાઈક સવાર ત્રણેય લોકો ફંગોળાઈને નીચે પટકાયા હતા.

### આડેધડ પાર્કિંગ વેપારીઓની સાથે ગ્રાહકો અને સ્થાનિકો પરેશાન

## સેક્ટર-૬ના કોમર્શિયલ કોમ્પલેક્સ પાસે રોડ પર ટુ વ્હિલરોનો અડિંગો

(એજન્સી) ગાંધીનગર | તા.20

ગાંધીનગર શહેરના સેક્ટર-૬માં સૌથી વધુ ઝુપડપટ્ટી અને દબાણો છે તે તો ખુદ કોર્પોરેશને પણ તેના સર્વે બાદ સ્વિકાર્યું છે અને હાલ દબાણ હટાવો ઝુંબેશ ચાલી પણ રહી છે ત્યારે સે-૬માં અપના બજાર પાછળના ભાગે અસામાજિક તત્વો પાર્કિંગ પ્લેસ પચાવીને બેસી ગયા છે તો કોમર્શીયલ કોમ્પલેક્સ પાસેના રોડ પર ટુ વ્હિલરો પાર્ક કરીને રોડ બ્લોક કરી દેવામાં આવે છે જેનાથી વેપારીઓ અને ગ્રાહકો હેરાન થઇ ગયા છે. ગાંધીનગરના સેક્ટર-૬માં ઝુંપટપટ્ટી હટાવવા માટે તંત્ર દોડી રહ્યું છે. કોર્પોરેશનની દબાણ હટાવો ઝુંબેશ અંતર્ગત આ ઝુંપડપટ્ટીમાં બુલડોઝર ફેરવવામાં આવી રહ્યા છે તો અહીં લારી ગલ્લાના દાબણો પણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે જો કે, તંત્ર દ્વારા હાલ ફક્ત રોડ સાઇડના દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે જેના કારણે પાર્કિંગ પ્લેસ દબાઇને બેસી ગયેલા લારી-ગલ્લાના દાબણકારો જૈસે થૈ સ્થિતિમાં છે. એટલુ જ નહીં, સે-૬માં અપના બજાર પાછળના પાર્કિંગ પ્લેસ તો જાણે આ દબાણકારોને ભાડે આપી દિધો હોય તેમ મોટી જગ્યા રોકીને ત્યાં વેપલો કરવામાં આવી રહ્યો છે એટલુ જ નહીં, અહીં અસામાજિક તત્વો દ્વારા રાત્રે ખાટલા પાથરીને જગ્યા રોકી રાખવામાં આવે છે. કોમર્શીયલ કોમ્પલેક્સ પાસે 'સી' આકારમાં આરસીસી રોડ બનાવવામાં આવ્યો છે જેની વચ્ચે પાર્કિંગ પ્લેસ હોવા છતા પણ અહીં ટુ વ્હિલર પાર્ક નહીં કરીને કોમર્શીયલ કોમ્પલેક્સ પાસેના રોડ ઉપર જ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો દ્વારા ટુ વ્હિલર પાર્ક કરવામાં આવે છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારૂં ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**કર્ક (ડ,હ)**
ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાસ્થ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**સિંહ (મ,ટ)**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ)**
ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો.

**તુલા (ર,ત)**
વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**વૃશ્ચિક (ન,ય)**
જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**ધન (ભ,ધ,ફ)**
તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**મકર (ખ,જ)**
બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ

**કુંભ (ગ,શ,સ)**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**ITCના મૂલ્યમાં પણ ઘટાડો થયો છે**

### ઈન્ફોસિસ ટોપ લૂઝર, રિલાયન્સની વેલ્યૂ ₹79,773 કરોડ વધી; ગયા અઠવાડિયે 759 પોઈન્ટ તૂટ્યો સેન્સેક્સ

# 10 કંપનીઓમાં 6ની વેલ્યૂ ₹1.71 લાખ કરોડ ઘટી



(એજન્સી) મુંબઈ તા 20

માર્કેટ કેપિટલાઈઝેશનની દૃષ્ટિએ ગયા સપ્તાહના ટ્રેડિંગમાં દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 6ના માર્કેટ કેપમાં રૂ. 1.71 લાખ કરોડનો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન ટેક કંપની ઈન્ફોસિસ સૌથી વધુ ગુમાવનાર હતી. કંપનીનું માર્કેટ કેપ રૂ. 62,948 કરોડ ઘટીને રૂ. 7.54 લાખ કરોડ થયું છે. ટેક સર્વિસ પૂરી પાડતી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS)નું મૂલ્ય પણ રૂ. 50,599 કરોડ ઘટ્યું છે. હવે કંપનીનું માર્કેટ કેપ 14.93 લાખ કરોડ રૂપિયા છે. આ સિવાય હિન્દુસ્તાન યુનિલિવર (HUL), ICICI બેંક, HDFC બેંક અને ITCના મૂલ્યમાં પણ ઘટાડો થયો છે. રિલાયન્સનું મૂલ્ય 79,773 કરોડ વધીને 17.61 લાખ કરોડ થયું તે જ સમયે મૂલ્યાંકનના સંદર્ભમાં દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ 79,773 કરોડ રૂપિયા વધીને 17.61 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. તે જ સમયે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)નું માર્કેટ કેપ રૂ. 18,697 કરોડ વધીને રૂ. 6.82 લાખ કરોડ પર પહોંચી ગયું છે. આ સિવાય લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) અને ભારતી એરટેલના મૂલ્યમાં પણ વધારો થયો છે.ગયા સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવારે (17 જાન્યુઆરી) સેન્સેક્સ 423 પોઈન્ટના ઘટાડા સાથે 76,619ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પણ 109 પોઈન્ટ ઘટીને 23,201ના સ્તરે બંધ રહ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16 વધ્યા અને 14 ઘટ્યા. માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના કુલ બાકી શેરનું મૂલ્ય છે, એટલે કે તે તમામ શેર જે હાલમાં તેના શેરધારકો પાસે છે. કંપનીના જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને શેરની કિંમત દ્વારા ગુણાકાર કરીને તેની ગણતરી કરવામાં આવે છે. નિફ્ટીના 50 શેરોમાંથી 29 વધ્યા અને 21 ઘટ્યા. જ્યારે એક શેર કોઈ ફેરફાર વગર બંધ રહ્યો હતો. NSE સેક્ટરલ ઈન્ડેક્સમાં ખાનગી બેન્કિંગ સેક્ટરમાં સૌથી વધુ 2.17%નો ઘટાડો નોંધાયો હતો. ગયા સપ્તાહે સેન્સેક્સ 759 પોઈન્ટ્સ અને નિફ્ટી 228 પોઈન્ટ્સ તૂટ્યો હતો.

### 5 ફેબ્રુઆરી સુધી બિડ કરી શકશે રોકાણકારો; લઘુત્તમ રોકાણ ₹14,700

# એરિસિનફ્રા સોલ્યુશન્સનો IPO 3 ફેબ્રુઆરીએ ખુલશે

(એજન્સી) મુંબઈ તા 20

પ્રારંભિક જાહેર ઓફર એટલે કે એરિસિનફ્રા સોલ્યુશન્સ લિમિટેડનો IPO 3 ફેબ્રુઆરીએ ખુલશે. રોકાણકારો આ ઈસ્યુ માટે 5 ફેબ્રુઆરી સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 10 ફેબ્રુઆરીએ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. કંપની આ ઈસ્યુ દ્વારા કુલ 600 કરોડ એકત્ર કરવા માગે છે. આ માટે, એરિસિનફ્રા સોલ્યુશન્સ 600 કરોડના 2,85,71,428 નવા શેર ઈશ્યૂ કરશે. કંપનીના હાલના રોકાણકારો અથવા પ્રમોટર્સ ઓફર ફોર સેલ એટલે કે OFS દ્વારા એક પણ શેર વેચશે નહીં. જો તમે પણ તેમાં પૈસા રોકવાનું વિચારી રહ્યા છો, તો અમે તમને જણાવી રહ્યા છીએ કે તમે તેમાં કેટલું રોકાણ કરી શકો... લઘુત્તમ અને મહત્તમ કેટલી રકમનું રોકાણ કરી શકાય છે?

એરિસિનફ્રા સોલ્યુશન્સે IPO પ્રાઈસ બેન્ડ 200-210 પર સેટ કર્યો છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 70 શેર માટે બિડ કરી શકે છે. જો તમે IPO ના ઉપલા પ્રાઈસ બેન્ડ પર 210 પર 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,700 નું રોકાણ કરવું પડશે.



તે જ સમયે, છૂટક રોકાણકારો મહત્તમ 13 લોટ એટલે કે 910 શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ 1,91,100નું રોકાણ કરવું પડશે. રિટેલ રોકાણકારો માટે ઈશ્યૂનો 10% અનામત કંપનીએ IPO ના 75% ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIB) માટે અનામત રાખ્યા છે. આ સિવાય, 10% શેર રિટેલ રોકાણકારો માટે અનામત છે અને બાકીનો 15% શેર બિન-સંસ્થાકીય રોકાણકારો (NII) માટે આરક્ષિત છે. એરિસિનફ્રા સોલ્યુશન્સની સ્થાપના 2021માં કરવામાં આવી હતી એરિસિનફ્રા સોલ્યુશન્સ લિમિટેડની સ્થાપના 2021માં કરવામાં આવી હતી, જે B2B કંપની છે. આ કંપની કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓને મટિરિયલ અને ફાઈનાન્સ મેનેજમેન્ટની ખરીદીમાં મદદ કરે છે. કંપનીના ગ્રાહકોમાં કેપેસિટી ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, જે કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, ઈએમએસ લિમિટેડ, એસપી સિંગલ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે કોઈ કંપની પ્રથમ વખત તેના શેર સામાન્ય જનતા માટે જારી કરે છે, ત્યારે તેને પ્રારંભિક જાહેર ઓફરિંગ એટલે કે IPO કહેવામાં આવે છે. કંપનીને તેનો બિઝનેસ વધારવા માટે પૈસાની જરૂર છે. આવી સ્થિતિમાં કંપની બજારમાંથી લોન લેવાને બદલે કેટલાક શેર લોકોને વેચીને અથવા નવા શેર જારી કરીને નાણાં એકત્ર કરે છે. આ માટે કંપની IPO લાવે છે. કંપની આ ઈસ્યુ દ્વારા કુલ 600 કરોડ એકત્ર કરવા માગે છે. આ માટે, એરિસિનફ્રા સોલ્યુશન્સ 600 કરોડના 2,85,71,428 નવા શેર ઈશ્યૂ કરશે. કંપનીના હાલના રોકાણકારો અથવા પ્રમોટર્સ ઓફર ફોર સેલ એટલે કે OFS દ્વારા એક પણ શેર વેચશે નહીં. જો તમે પણ તેમાં પૈસા રોકવાનું વિચારી રહ્યા છો, રિટેલ કંપનીએ IPO ના 75% ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIB) માટે અનામત રાખ્યા છે.

# સ્વિચ મોબિલિટીએ સ્વિચ એલઈવી8 રજૂ કર્યું

### ઈલેક્ટ્રિક લાઈટ કોમર્શિયલ વ્હિકલ્સમાં એક ગેમ-ચેન્જર

(એજન્સી) નવી દિલ્હી તા 20

હિન્દુજા ગ્રુપનો ભાગ સ્વિચ મોબિલિટી લિમિટેડે મિડ-માઈલ લોજીસ્ટીક્સની જરૂરિયાતોને પૂરી કરવા 7.2ટી કેટેગરીમાં ક્રાંતિકારી ઈલેક્ટ્રિક લાઈટ કોમર્શિયલ વ્હિકલ (ઈએલસીવી) સ્વિચ એલઈવી8 (SWITCH leV8) રજૂ કર્યું છે. તેની મુખ્ય વિશેષતામાં ટકાઉપણા તથા સંચાલકીય કાર્યક્ષમતા સાથે ડિઝાઈન કરવામાં આવેલ સ્વિચ એલઈવી8 ભારતમાં લોજીસ્ટીક્સ સેક્ટર એટલે કે પરિવહન ક્ષેત્રમાં પરિવર્તન લાવવા માટેની સંપૂર્ણ કાર્યક્ષમતા ધરાવે છે. સ્વિચ મોબિલિટીના ઈએલસીવી પોર્ટફોલિયોમાં સ્વિચ એલઈવી8નો એક મજબૂત ઉમેરો છે, જે કાર્ગો ટ્રાન્સપોર્ટેશનમાં ઈષ્ટત્તમ કાર્યદેખાવ, મજબૂતી અને ટકાઉપણા માટે તૈયાર કરવામાં આવેલ છે. અત્યાધુનિક ટેકનોલોજીથી લિથિયમ બેટરી કેમિસ્ટ્રીની વિશેષતા એલઈવી8 એક વખતના ચાર્જીંગ એટલે કે સિંગલ ચાર્જથી 250 કિમીની પ્રભાવશાળી રેન્જ પૂરી પાડે છે. તેની બહુમૂખી ડિઝાઈન કન્ટેઈનર સ્પેશના 830 ક્યુબિક ફૂટ સુધીની અનુકૂળતા પૂરી પાડે છે, જે લોજીસ્ટીક્સની જરૂરિયાતોને પૂરી કરવા માટે ઉત્તમ છે. પ્રતિ કલાક 80 કિમીની ટોપ સ્પીડ અને ફાસ્ટ-



ચાર્જીંગની ક્ષમતા સાથે તે કામગીરીમાં તબદિલી તથા કોઈ જ પ્રકારના અવરોધથી મુક્ત સ્થિતિને સુનિશ્ચિત કરે છે, મોર્ડન બિઝનેસની જરૂરિયાતોને પૂરી કરે છે. બિલકુલ સરળ મેનેન્યુવેરાબિલિટી માટે ઈલેક્ટ્રો-હાઈડ્રોલિક પાવર સ્ટીયરિંગ (ઈએચપીએસ), ડ્રાઈવર કેન્દ્રિત એસી કેબિન, ઝુકાવ સાથેનું સ્ટીયરિંગ અને સ્લાઈડિંગ એન્ડ રિક્લાઈનિંગ સીટ્સ જેવી વિશેષતા સાથે સ્વિચ એલઈવી8ને બિલકુલ આરામદાયક તથા એર્ગોનોમિક એક્સિલેન્સ રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રસંગે સ્વિચ મોબિલિટીના ચેરમેન શ્રી ધીરજ હિન્દુજાએ જણાવ્યું હતું કે "સ્વિચ એલઈવી8 રજૂ કરવામાં આવેલ છે તે ક્લિન ટ્રાન્સપોર્ટેશનને લગતા ઉકેલ રજૂ કરવાના એક પ્રણેતા તરીકેની અમારી સંપૂર્ણ કટિબદ્ધતાને રજૂ કરે છે. આ વાહન નવીનત્તમ અને પર્યાવરણને અનુકૂળ એવા ઉકેલો પૂરા પાડવાના અમારા દ્રષ્ટિકોણને રજૂ કરે છે, તે આધુનિક પરિવહનની માંગને પૂરી કરવા ઉપરાંત પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય એટલે કે ગ્રીનર ફ્યુચરમાં નોંધપાત્ર યોગદાન આપી શકાશે. એલઈવી8 સાથે સ્વિચ મોબિલિટી ઈલેક્ટ્રિક મોબિલિટી સેક્ટરમાં નવીનિકરણ તથા પર્યાવરણને અનુકૂળ વિકાસ કરવામાં એક અગ્રેસર તરીકેની તેની ભૂમિકાની પૃષ્ટિ કરે છે."

## માર્કેટ લીલા નિશાનમાં બંધ, સેન્સેક્સ 454ના વધારા સાથે 77,022 અંકે બંધ

(એજન્સી) મુંબઈ તા 20

કારોબારી સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે બપોરે 3.30 કલાકે પણ શેરબજાર લીલા નિશાનમાં બંધ થયુ છે. સેન્સેક્સ 454.92 પોઈન્ટના વધારા સાથે 77,022 અંક પર બંધ થયુ છે. જ્યારે 133.65 પોઈન્ટના વધારા સાથે નિફ્ટી 23,336 અંક પર બંધ થયો.

સપ્તાહના પહેલા દિવસે બજારમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સેન્સેક્સ, નિફ્ટી વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યા હતા. આજે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખરીદી જોવા મળી. બેંકિંગ, પીએસઈ, મેટલ શેરોમાં ખરીદી જોવા મળી. જ્યારે ઊર્જા, તેલ અને ગેસ સૂચકાંકો વધારા સાથે બંધ થયા.

ઓટો અને આઈટી સેક્ટરમાં દબાણ : મોટી બેંકોની સાથે, આજે નાના સરકારી અને NBFCS શેરોમાં મજબૂત એક્શન જોવા મળી રહી છે. બજાજ ફાઈનાન્સ અને કેનફિન હોમના શેરમાં 3 ટકાથી વધુનો વધારો થયો છે. IOB, કેનેરા, UCO જેવી બેંકોમાં પણ 5 ટકાનો વધારો થયો છે. જોકે, ઓટો અને આઈટીમાં થોડું દબાણ જોવા મળી રહ્યું છે.

**ટ્રમ્પનું માર્કેટ સાથે શું કનેક્શન ?**

ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરી, સોમવાર સાંજે બીજી વખત યુએસ રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કરવા જઈ રહ્યા છે. 6 નવેમ્બરના રોજ, જ્યારે ટ્રમ્પે યુએસ ચૂંટણી જીતી ત્યારે સેન્સેક્સ 901.50 પોઈન્ટ વધીને 80,378 ના સ્તરને પાર કરી ગયો હતો જ્યારે નિફ્ટી 270 પોઈન્ટથી વધુ વધ્યો હતો.

## રાષ્ટ્રીય જળમાર્ગો પર મુખ્ય ઈન્ફ્રા અપગ્રેડ માટે IWDC બેટ, પાંચ વર્ષમાં 50,000 કરોડનું રોકાણ કરશે

કાઝીરંગા: ઈનલેન્ડ વોટરવેઝ ડેવલપમેન્ટ કાઉન્સિલ (IWDC), ભારતમાં અંતર્દેશીય જળમાર્ગોના પ્રચાર અને પ્રચાર પર નીતિવિષયક ચર્ચા માટે સર્વોચ્ચ બેઠક, રાષ્ટ્રીય જળમાર્ગો પર માળખાકીય સુવિધાઓને વેગ આપવા માટે મોટી જાહેરાતો જોવા મળી. પોર્ટ્સ, શિપિંગ અને વોટરવેઝ (MoPSW) મંત્રાલય હેઠળના જળમાર્ગોના વિકાસ માટેની નોડલ એજન્સી, ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) દ્વારા આયોજિત IWDCની બીજી બેઠકમાં આગામી પાંચ વર્ષમાં 50,000 કરોડથી વધુના રોકાણની જાહેરાત કરવામાં આવી હતી. આ



સંદર્ભમાં, આજે અહીં 1400 કરોડથી વધુના મૂલ્યના 21 આંતરિક જળમાર્ગ રાજ્યોમાં શ્રેણીબદ્ધ નવી પહેલોની જાહેરાત કરવામાં આવી હતી. આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા કરવામાં આવી હતી. IWDC ની શરૂઆત આજે કાઝીરંગાના કોહોરા ખાતે આસામના મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા સરમા અને કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા પરંપરાગત દીપપ્રાગટ્ય સમારોહ સાથે થઈ હતી. આ બેઠકમાં MoPSW ના કેન્દ્રીય રાજ્ય મંત્રી શાંતનુ ઠાકુર, ગોવાના બંદર મંત્રી, એલેક્સો સિક્વેરા, આસામના પરિવહન મંત્રી જોગેન મોહન દ્વારા મંત્રી સ્તરની સહભાગિતા પણ જોવા મળી હતી; મણિપુરના પરિવહન મંત્રી, ખાશિમ વશુમ; જમ્મુ અને કાશ્મીરના પરિવહન પ્રધાન, સતીશ શર્મા; મિઝોરમના વાહનવ્યવહાર મંત્રી પુ વનલલહલાના અને અરુણાચલ પ્રદેશના પરિવહન મંત્રી ઓજિંગ તાસિંગ અન્યો વચ્ચે. નદીના ઈકોસિસ્ટમ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા, વેપાર અને પર્યટનને પ્રોત્સાહન આપીને, કૌશલ્ય સંવર્ધન તાલીમો પૂરી પાડીને અને પરંપરાગત અપગ્રેડ કરીને દરિયાકાંઠાના સમુદાયોની સામાજિક-આર્થિક સુખાકારીમાં સુધારો કરવા માટે નદીના સામુદાયિક વિકાસ યોજનાના સ્વરૂપમાં એક મુખ્ય નીતિગત પહેલ શરૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય જળમાર્ગોના કિનારે રહેતા લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાના પ્રયાસમાં સમુદાયોની નદીઓનું જ્ઞાન.

### નાણાકીય સેવાઓ માટે ભારતનું સૌથી મોટું ડિજિટલ પ્લેટફોર્મ વિકસિત કરવા માટે ભારતી એરટેલ અને બજાજ ફાઈનાન્સે વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રવેશ કર્યું

(એજન્સી) નવી દિલ્હી તા 20

ભારતની સૌથી મોટી ટેલિકોમ સેવાઓ પ્રદાતા કંપની, ભારતી એરટેલ અને દેશની સૌથી મોટી ખાનગી-ક્ષેત્રની નોન-બેંકિંગ ફાઈનાન્શ્યલ કંપની (NBFC), બજાજ ફાઈનાન્સે એ નાણાકીય સેવાઓ પ્રદાન કરવા અને ગ્રાહકોને સેવાઓ પ્રદાન કરવામાં પરિવર્તન લાવવા માટે ભારતનું સૌથી મોટું ડિજિટલ પ્લેટફોર્મ વિકસિત કરવા માટે આજે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી. એક અદભુત ભાગીદારી એરટેલ સાથે સક્રિય રીતે જોડાયેલા 37 કરોડ ગ્રાહકો, 12 લાખ+ મજબૂત ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, અને બજાજ ફાઈનાન્સના વિવિધ ઉત્પાદનોની 27 શ્રેણીઓ અને 5,000+ શાખાઓ દ્વારા વિતરણ અને 70,000 ફિલ્ડ એજન્ટોને એકસાથે લાવે છે. શરૂઆતમાં એરટેલ બજાજ ફાઈનાન્સના રિટેલ ફાઈનાન્શ્યલ ઉત્પાદનોને, ગ્રાહકો માટે સરળ સીમલેસ અને સુરક્ષિત અનુભવ માટે તેની એરટેલ થેંક્સ એપ પર કરશે અને બાદમાં તેના રાષ્ટ્રવ્યાપી સ્ટોર્સના નેટવર્ક દ્વારા ઓફર કરશે. કંપનીઓની ડિજિટલ અસ્કયામતોની સંયુક્ત ક્ષમતાઓ એરટેલ અને બજાજ ફાઈનાન્સને નાણાકીય ઉત્પાદનો અને સેવાઓમાં નોંધપાત્ર રીતે અગ્રણી બનવામાં સક્ષમ બનાવશે.

# ટાટા એઆઈએ લાઈફે ભારતીય પરિવારોના ડ્રીમ વેડિંગ્સ સાકાર કરવા 'શુભ મુહૂર્ત' લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ તા 20

ભારતમાં લગ્નો વિધિઓ કરતાં વિશેષ છે - તે સંસ્કૃતિ, પ્રેમ અને ખુશીઓ વહેંચવાની ભવ્ય ઉજવણી છે અને પરિવારના સૌથી યાદગાર પ્રસંગોમાંનો એક છે. સાથે સાથે લગ્નો સામાજિક દરજ્જાની બાબત બની ગયા છે, જેના કારણે દિવસો અને ક્યારેક અઠવાડિયાઓ સુધી વિવિધ થીમ્સ અને ડેસ્ટિનેશન્સનો ઉદભવ થયો છે. પરિણામે આ પ્રસંગ માટે પૂરતું ભંડોળ સુનિશ્ચિત કરવા માટે થોડા મહિનાઓથી નહીં પરંતુ ઘણા વર્ષોના ઝીણવટભર્યા નાણાંકીય આયોજનની જરૂર પડે છે. ભૂતકાળથી ભારતીયો લગ્નના ખર્ચની તૈયારી માટે સોના, ફિક્સ્ડ ડિપોઝિટ અને અન્ય સમુદાયિક બચત પદ્ધતિઓ પર આધાર રાખતા આવ્યા છે. સ્થિરતા અને લાંબાગાળે સંપત્તિ સર્જન કરી આપતા રિયલ એસ્ટેટ અને બચતની પરંપરાગત યોજનાઓમાં રોકાણ પણ સામાન્ય બની ગયું છે. જો કે આ વિકલ્પોમાં ઘણીવાર અનુકૂળતા (ફ્લેક્સિબિલિટી) અથવા લાંબા સમયે સંપત્તિમાં નોંધપાત્ર વધારો કરવાની ક્ષમતા હોતી નથી.આ જ કારણોસર જીવન વીમાના સોલ્યુશન્સ ધ્યેયલક્ષી બચત માટે શિસ્તબદ્ધ અભિગમ પૂરો પાડે છે. તેમાં રહેલો સંપત્તિ સર્જન અને નાણાંકીય સલામતિનો સમન્વય સુનિશ્ચિત કરે છે કે બાળકની લગ્નની આકાંક્ષાઓ અણધાર્યા સંજોગોમાં પણ પૂરી થઈ જાય. ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ અને મૂડી બજાર માટેની કંપની જેફરીઝના એક અહેવાલમાં ભાર મુકવામાં આવ્યો કે 2024માં ભારતમાં 80 લાખથી વધુ લગ્નો થયા હતાં અને અંદાજિત રૂ. 10.7 લાખ કરોડના ખર્ચ સાથે ભારતીય લગ્ન પ્રણાલી વૈશ્વિક સ્તરે બીજા ક્રમે આવી હતી. ભારતીય લગ્નોનો સરેરાશ ખર્ચ આશરે રૂ. 12.5 લાખ હતો - જે બાળમંદિરથી સ્નાતક થવા સુધીના શિક્ષણના ખર્ચ કરતા બમણો હતો. ઘણીવાર રૂ. 1 કરોડથી વધુના ખર્ચ સાથે વૈભવી લગ્નોનો બજારમાં દબદબો છે. લગ્નના મહત્ત્વ અને ગ્રાહકો પર તેની નાણાંકીય અસરને ધ્યાનમાં રાખીને ભારતની અગ્રણી જીવન વીમા કંપનીઓમાંની એક ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ (ટાટા એઆઈએ) એ જીવન વીમાનું એક નવીન સોલ્યુશન 'શુભ મુહૂર્ત' રજૂ કર્યું છે.

# રિયલમીએ વિશ્વનો પહેલો કોલ્ડ-સેન્સિટિવ કલર-ચેન્જિંગ ફોન

(એજન્સી) નવી દિલ્હી તા 20

ભારતીય યુવાનોમાં સૌથી લોકપ્રિય સ્માર્ટફોન બ્રાન્ડ, રિયલમીએ આજે તેમના સ્માર્ટફોન અને AIOT પોર્ટફોલિયોમાં ગ્રાઉન્ડ-બ્રેકિંગ ઉત્પાદનો - ખૂબ અપેક્ષિત રિયલમી 14 પ્રો સિરીઝ 5G અને રિયલમી બડ્સ વાયરલેસ 5 ની જાહેરાત કરી. રિયલમી 14 પ્રો સિરીઝ 5G માં બે નવીન મોડલ શામેલ છે: રિયલમી 14 પ્રો 5G અને રિયલમી 14 પ્રો+ 5G. બંને ફોન પ્રખ્યાત ડેનિશ ડિઝાઈન સ્ટુડિયો, વેલ્યુર ડિઝાઈનર્સના સહયોગથી સાવચેતીપૂર્વક બનાવવામાં આવ્યા છે, જે વિશ્વના પ્રથમ કોલ્ડ-સેન્સિટિવ કલર ચેન્જિંગ સ્માર્ટફોનની રજૂઆતને ચિહ્નિત કરે છે. નવી પુનર્જીવિત રિયલમી નંબર સિરીઝની પ્રથમ ઓફર તરીકે,



રિયલમી 14 પ્રો સિરીઝ 5G નો હેતુ મિડ-રેન્જ સ્માર્ટફોન્સમાં ફ્લેગશિપ સુવિધાઓને લોકપ્રિય બનાવવાનો છે, અને ડિઝાઈન, ઈમેજિંગ અને પરફોર્મન્સમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરવાનો છે. રિયલમી 14 પ્રો સિરીઝ 5G એક ગ્રાઉન્ડબ્રેકિંગ ડિવાઈસ છે જેમાં ઉદ્યોગની પ્રથમ સુવિધાઓ છે. તેમાં વિશ્વનો પ્રથમ કોલ્ડ સેન્સિટિવ કલર ચેન્જિંગ ફોન છે. જ્યારે બંને મોડેલો 16C થી નીચે તાપમાનના સંપર્કમાં આવે છે ત્યારે રંગ બદલાય છે, પર્લ વ્હાઈટથી વાઈબ્રન્ટ બ્લૂમાં ફેરવાય છે. પર્યાવરણીય તાપમાનમાં ફરી વધારો થતાં પાછું પર્લ વ્હાઈટમાં ફેરવાઈ જાય છે. આ બ્રાન્ડ તેમના સેગમેન્ટમાં પહેલીવાર વેગન સ્વેડ લેધર પણ ઓફર કરે છે, જે ત્વચાને અનુકૂળ સ્પર્શ અને સોલીડ છતાં આરામદાયક ટેક્ચર આપે છે. સ્માર્ટફોનની સાથે, રિયલમી રિયલમી બડ્સ વાયરલેસ 5 ANC લોન્ચ કરી રહી છે. આ વાયરલેસ ઈયરબડ્સ બહેતર સાઉન્ડ ક્વોલિટી અને સીમલેસ વપરાશકર્તા અનુભવનું વચન આપે છે, જે બ્રાન્ડની ઉચ્ચ-ગુણવત્તાવાળા ઓડિયો ડિવાઈસેસની શ્રેણીને વધારે છે. લોન્ચ પર ટિપ્પણી કરતા, રિયલમીના પ્રવક્તાએ કહ્યું, 'અમે અમારી નવીનતમ નવીનતાઓ - રિયલમી 14 પ્રો સિરીઝ અને રિયલમી બડ્સ વાયરલેસ 5 ANC નું અનાવરણ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ. રિયલમી 14 પ્રો સિરીઝ 5G એ સીમાઓને આગળ વધારવા અને અમારા ગ્રાહકોને ઉદ્યોગ-પ્રથમ સુવિધાઓ આપવા માટેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. સ્નેપડ્રેગન 7s Gen 3 દ્વારા સંચાલિત, કોલ્ડ-સેન્સિટિવ કલર-ચેન્જિંગ ટેકનોલોજી સાથેના વિશ્વના પ્રથમ સ્માર્ટફોન સાથે, અમે રિયલમી બડ્સ વાયરલેસ 5 ANC પણ રજૂ કરી રહ્યા છીએ. જે સારી સાઉન્ડ ક્વોલિટી અને શ્રેષ્ઠ વપરાશકર્તા અનુભવ સાથે આવે છે.' રિયલમી 14 પ્રો+ 5G એ એક ગ્રાઉન્ડબ્રેકિંગ સ્માર્ટફોન છે જે વિશ્વના પ્રથમ કોલ્ડ- સેન્સિટિવ કલર ચેન્જિંગ ડિવાઈસ તરીકે અલગ પડે છે.

### બજેટ 1 ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે. સંસદ 10 માર્ચે ફરી શરૂ થશે અને 4 એપ્રિલ સુધી ચાલશે.

# દેશના 64 વર્ષ જૂના આવકવેરા કાયદામાં થશે ફેરફાર ? સરકાર રજૂ કરી શકે છે નવું બિલ



(એજન્સી) નવી દિલ્હી તા 20

નવો આવકવેરા કાયદો સંસદના બજેટ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ એક નવો કાયદો હશે, હાલના કાયદામાં સુધારો નહીં. હાલમાં કાયદા મંત્રાલય દ્વારા કાયદાના મુસદ્દા પર વિચારણા કરવામાં આવી રહી છે અને તેને બજેટ સત્રના બીજા ભાગમાં સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. બજેટ 2025માં સરકાર એક નવું આવકવેરા બિલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે. આનો અર્થ એ થયો કે આવકવેરા સંબંધિત દેશનો 64 વર્ષ જૂનો કાયદો બદલાઈ શકે છે. આ નવા બિલનો ઉદ્દેશ્ય હાલના આવકવેરા કાયદાને સરળ બનાવવાનો, તેને સમજી શકાય તેવો બનાવવાનો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે જુલાઈના બજેટમાં છ દાયકા જૂના આવકવેરા કાયદા, 1961ની છ મહિનાની અંદર વ્યાપક સમીક્ષાની જાહેરાત કરી હતી. આવકવેરા પર નવું બિલ આવશે સૂત્રોના જણાવ્યા અનુસાર, નવો આવકવેરા કાયદો સંસદના બજેટ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ એક નવો કાયદો હશે, હાલના કાયદામાં સુધારો નહીં. હાલમાં કાયદા મંત્રાલય દ્વારા કાયદાના મુસદ્દા પર વિચારણા કરવામાં આવી રહી છે અને તેને બજેટ સત્રના બીજા ભાગમાં સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. બજેટ સત્ર 31 જાન્યુઆરીથી 4 એપ્રિલ સુધી ચાલશે. પ્રથમ ભાગ (31 જાન્યુઆરી-13ફેબ્રુઆરી) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને સંબોધનથી શરૂ થશે, ત્યારબાદ 2024-25 માટે આર્થિક સર્વેક્ષણની રજૂઆત થશે. નાણાકીય વર્ષ 2025-26 માટેનું કેન્દ્રીય બજેટ 1 ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે. સંસદ 10 માર્ચે ફરી શરૂ થશે અને 4 એપ્રિલ સુધી ચાલશે. આવકવેરા કાયદા, 1961ની વ્યાપક સમીક્ષા માટે સીતારમણ દ્વારા બજેટમાં જાહેરાત બાદ CBDT એ સમીક્ષાની દેખરેખ રાખવા અને કાયદાને સંક્ષિપ્ત, સ્પષ્ટ અને સમજવામાં સરળ બનાવવા માટે એક આંતરિક સમિતિની રચના કરી હતી. આનાથી વિવાદો, મુકદ્દમા ઘટશે અને કરદાતાઓને વધુ કર નિશ્ચિતતા મળશે. આ ઉપરાંત, કાયદાના વિવિધ પાસાઓની સમીક્ષા કરવા માટે 22 ખાસ પેટા સમિતિઓની રચના કરવામાં આવી છે. આવકવેરા વિભાગને કાયદાની સમીક્ષા માટે 6,500 સૂચનો મળ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે જોગવાઈઓ અને પ્રકરણોમાં નોંધપાત્ર ઘટાડો થશે અને અપ્રચલિત જોગવાઈઓ દૂર કરવામાં આવશે. આવકવેરા અધિનિયમ, 1961માં હાલમાં લગભગ 298 કલમો અને 23 પ્રકરણો છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, પોષ વદ-07


# ટ્રમ્પ, વિશ્વ બેંક, IMF અને ભારત




આ વર્ષે બનેલી આર્થિક ઘટનાઓના પરિણામો અંગે વિશ્વભરમાં ઘણી ચિંતા છે. ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા પછી અમેરિકામાં કયા નીતિગત ફેરફારો થાય છે તેના પર ઘણું નિર્ભર રહેશે. ગયા અઠવાડિયે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) અને વિશ્વ બેંકે તેમના આર્થિક અંદાજો જાહેર કર્યા. તેમણે અનિશ્ચિતતાનો સંકેત આપ્યો જે આપણે યુએસ નીતિ પરિવર્તનોથી આગળ પણ જોતા રહીશું. બંને બહુપક્ષીય સંસ્થાઓ માને છે કે આ વર્ષે વૈશ્વિક વૃદ્ધિ સ્થિર રહેશે પરંતુ તેમના અંદાજો અલગ છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળનો અંદાજ છે કે 2025 માં વિશ્વ અર્થતંત્ર 3.3 ટકાના દરે વૃદ્ધિ પામશે, જ્યારે વિશ્વ બેંકનો અંદાજ છે કે વૃદ્ધિ દર 2.7 ટકા રહેશે. પરંતુ IMF એ પોતાના અંદાજમાં સ્પષ્ટપણે કહ્યું છે કે વિકાસ દર આ સદીના પહેલા બે દાયકા કરતા ઓછો રહેશે. વિશ્વ બેંકના મધ્યમ ગાળાના અંદાજો, ખાસ કરીને ઉભરતા બજારો અને વિકાસશીલ દેશો માટે, એક એવું ચિત્ર રજૂ કરે છે જે નીતિ નિર્માતાઓ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક વિકાસમાં 60 ટકા હિસ્સો ધરાવતા આ દેશો પ્રતિ વ્યક્તિ આવક સાથે એકવીસમી સદીના બીજા તબક્કામાં પ્રવેશ કરી રહ્યા છે અને તેમને વિકસિત દેશોના સ્તર સુધી પહોંચવામાં પહેલા કરતાં વધુ સમય લાગશે. . મધ્યમ ગાળામાં ધીમી વૈશ્વિક વૃદ્ધિના પરિણામો ભારતને પણ ભોગવવા પડશે. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલયના પ્રથમ આગોતરા અંદાજ મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનું અર્થતંત્ર 6.4 ટકાના દરે વૃદ્ધિ પામશે. આ ગયા નાણાકીય વર્ષમાં પ્રાપ્ત ૮.૨ ટકાની ગતિ કરતાં ઘણું ધીમું છે. અર્થશાસ્ત્રના વિદ્વાનો દલીલ કરે છે કે મહામારી પછી મજબૂત રિકવરી પછી ભારતીય અર્થતંત્ર તેના સામાન્ય વિકાસ દરમાં પાછું ફરી રહ્યું છે. આવી સ્થિતિમાં, મધ્યમ ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ વધારવા પર ધ્યાન આપવું પડશે. મધ્યમ ગાળાના વિકાસ દરની આગાહીઓ માત્ર પડકારજનક નથી, પરંતુ નજીકના ભવિષ્યમાં પણ ઘણા જોખમો છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે એમ પણ નિર્દેશ કર્યો છે કે: 'ટેરિફના નવા મોજાના રૂપમાં સંરક્ષણવાદી નીતિઓને વધુ તીવ્ર બનાવવાથી વેપાર તણાવ વધી શકે છે, રોકાણ ઘટી શકે છે, બજારની ક્ષમતા ઘટી શકે છે, વેપાર પ્રવાહમાં વિક્ષેપ પડી શકે છે અને પુરવઠા શૃંખલાઓમાં ખલેલ પહોંચી શકે છે. સાંકળમાં ઉથલપાથલ થઈ શકે છે.' 'આ મધ્યમ અને નજીકના ગાળામાં વૃદ્ધિને નુકસાન પહોંચાડી શકે છે.' અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્ર પાસેથી જે પ્રકારની નાણાકીય નીતિની અપેક્ષા રાખવામાં આવી રહી છે, તેની સાથે સંરક્ષણવાદી નીતિઓ પણ નજીકના ભવિષ્યમાં અમેરિકાના વિકાસ દરને વેગ આપી શકે છે. પરંતુ જો આનાથી રાજકોષીય અને નાણાકીય નીતિઓમાં મોટા ફેરફારો થાય છે તો તે વિશ્વભરમાં નાણાંના પ્રભાવ અને ડોલરની મજબૂતાઈને અસર કરી શકે છે. યુએસ ફેડરલ રિઝર્વે તેના અનુમાનમાં સુધારો કર્યા પછી અને વ્યાજદરમાં ઘટાડાની ગતિ ધીમી પાડ્યા પછી વૈશ્વિક સ્તરે બોન્ડ યીલ્ડમાં વધારો થયો. જોકે ઘણા લોકો ફેડને પોતાનું વલણ બદલવા માટે હાકલ કરી રહ્યા નથી, પરંતુ યુએસમાં ટેરિફમાં વધારો અને ઢીલી રાજકોષીય નીતિ ફેડને તેના વલણ પર પુનર્વિચાર કરવા દબાણ કરશે. જો દરમાં વધારાની શક્યતા હોય તો વૈશ્વિક નાણાકીય બજારોમાં ભારે ઉથલપાથલ થઈ શકે છે. ભારતીય નીતિ નિર્માતાઓ સામે હવે પડકાર એ છે કે નાણાકીય સ્થિરતા જાળવી રાખવી અને વૈશ્વિક સ્તરે નબળા વલણો વચ્ચે દેશની વૃદ્ધિની સંભાવનાઓને વેગ આપવાનો પ્રયાસ કરવો. છેલ્લા કેટલાક મહિનાઓથી ચલણ બજારની પ્રવૃત્તિઓ સમાચારમાં છે અને તેના પર ઘણી ચર્ચાઓ થઈ રહી છે. ઉદાહરણ તરીકે, રિઝર્વ બેંકે નવેમ્બરમાં રૂપિયાને સ્થિર કરવા માટે 20 બિલિયન ડોલર ખર્ચ્યા. આજની પરિસ્થિતિમાં, યુએસ નીતિગત પગલાં રૂપિયા પર દબાણ જાળવી રાખી શકે છે. રિઝર્વ બેંકે ચલણને ઘસારો થવા દેવો જોઈએ અને પ્રક્રિયાને સરળ બનાવવા માટે જ દરમિયાનગીરી કરવી જોઈએ.

**NEWS BRIEF**

## સથવારા વિસ્તારના સેવાર્થીઓ દ્વારા શ્વાનો માટે 5 મણ લોટના લાડુ બનાવી શ્વાનોને લાડુનું જમણ કરાયું



નીતિન ઠાકર | ચાણસ્મા

ખાસ કરીને શિયાળા માં ઉતરાણ આજુબાજુ સેવાભાવી લોકો દ્વારા ગાયો ને લીલી ચાર શ્વાનો ને શિરો કે લાડુ ખવડાવી પુણ્ય નું ભગીરથ કાર્ય કરતા હોવા ની લોક પરમ્પરા જાળવતા હોય છૅ ત્યારે ચાણસ્મા ના સથવારા વિસ્તાર ના સેવા ભાવી સેવાર્થી ઓં દ્વારા લોક ફાળો કરી 5 મણ આટા ના અંદાજે 10મણ લાડુ બનાવી ચાણસ્મા ના વિવિધ વિસ્તાર ના શ્વાનો ને લાડુ નું જમણ કરાવી સેવા ની ભગીરથ કાર્ય કરી ધન્યતા અનુભવી હતી જયારે સેવાળા ના સીતાબેન દેસાઈ પરિવાર દ્વારા તેમના પતિ દિવંગત કિર્વિન ભાઈ ની દ્વિતીય પુણ્ય તિથિ નિમિતે 15બાજરા ના લોટ ના રોટલા જાતે બનાવી શ્વાનો ને ખવડાવી પુણ્ય નું સેવા કાર્ય કરી કૃતાર્થ થયા હતાં.

## લગ્નનો ખર્ચ આપીને તારા ઘરે જજે, તેવું સાસુ એ કહેતા પુત્રવધૂએ ઝેરી દવા ગટગટાવી

ભરત શાહ | નર્મદા

રાજપીપળાના ટેકરા ફળીયા વિસ્તાર માં સાસુ અને પુત્રવધૂ ને નજીવી બાબતે બોલચાલ થતા સાસુ એ કહેલ વાત મનમાં લાગી આવતા પુત્રવધૂ એ ઝેરી દવા પી લીધી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ભોગ બનનાર સોનલબેન W/O રાકેશભાઇ મધુભાઇ વસાવા ઉ.વ.૧૯ રહે. ટેકરા ફળીયા રાજપીપળા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ તેમણે પોતાની સાસુ શાંતાબેન મધુભાઈ વસાવા નાઓને પોતાના ઘરે બિતાડા ગામે જાઉં છું તેમ કહેતા તેમની સાસુએ કહેલ કે, લગનનો ખર્ચો આપીને તારા ઘરે જજે તેમ કહેતા ભોગ બનનારને મનમાં લાગી આવતા પોતાની જાતે ઘરના ધાબા ઉપર જઈને તુવેરમાં છાંટવાની ઝેરી દવા એકાદ ઘૂંટ પી ગયેલ હોય રાજપીપળા પોલીસે આ માટે નોંધ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## ARTO કચેરી લુણાવાડા ખાતે અરજદારોને શેરી નાટક દ્વારા રોડ સેફ્ટી વિશે સમજ અપાઇ



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજનાર છે જેમાં આરટીઓ તથા પોલીસ દ્વારા વિવિધ અવેરનેસ કાર્યક્રમ જેવા કે શાળા કોલેજોમાં સેમિનાર, ચિત્ર સ્પર્ધા, રોડ સેફ્ટી સ્લોગન સાથે પતંગ વિતરણ તથા વિવિધ તાલુકાઓમાં રોડ સેફ્ટી ડ્રાઈવ, ભારે વાહનોમાં રેડિયમ રેડિયમ રિફ્લેક્ટર, શેરી નાટકો રોડ, રોડ સેફ્ટી પેમ્પ્લેટ વિતરણ, એન્જિનિયરિંગમાં જરૂરી સુધારાઓ જેવા પ્રોગ્રામ કરવામાં આવનાર છે. જે અંતર્ગત આજ રોજ એઆરટીઓ મહિસાગર દ્વારા એઆરટીઓ કચેરી લુણાવાડા ખાતે ડ્રાઈવિંગ ટેસ્ટ, લાયસન્સ તથા વાહનોના કામ માટે આવેલા અરજદારોને શેરી નાટકના અનોખા રમુજી અંદાજમાં રોડ સેફ્ટી વિશે સમજ આપી અને રોડ સેફ્ટી પેમ્પલેટ વિતરણ કર્યું.


### કચ્છમાં 19 વર્ષના જૂના કેસમાં કોર્ટનો ચુકાદો...

# જમીન કૌભાંડમાં પ્રદીપ શર્મા દોષિત

(એજન્સી) ભૂજ | તા.20

કચ્છમાં 19 વર્ષના જૂના કેસમાં જમીન કૌભાંડમાં કોર્ટે પ્રદીપ શર્મા દોષિત જાહેર કર્યો છે. 2003-06 દરમ્યાન પ્રદીપ શર્મા કચ્છના કલેક્ટર હતા. સરકારી જમીન ખાનગી વેચવા મુદ્દે ફરિયાદ થઈ હતી. કલેક્ટર પદે રહેતા ગેરકાયદે જમીનનું વેચાણ કર્યું હતું. CID ક્રાઈમમાં પ્રદીપ શર્મા સહિત 3 સામે ફરિયાદ નોંધાઇ હતી.

મળતી માહિતી મુજબ, કચ્છના પૂર્વ કલેક્ટર અને સસ્પેન્ડેડ IAS પ્રદીપ શર્મા સામે વધુ એક જમીન કૌભાંડ અંગે ભૂજ સીઆઈડી ક્રાઈમ બોર્ડર ઝોન પોલીસ મથકે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ભૂજ શહેરના મામલતદાર કલ્પનાબેન ગોંદિયાએ પૂર્વ કલેક્ટર, તત્કાલિન નિવાસી નાયબ કલેક્ટર અને ભૂજના સંજય છોટાલાલ શાહ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે આજ રોજ જમીન કૌભાંડમાં કોર્ટે પ્રદીપ શર્માને દોષિત જાહેર કર્યો છે.



**19 વર્ષ જૂના કેસમાં ચુકાદો**
- જમીન કૌભાંડમાં પ્રદીપ શર્મા દોષિત જાહેર
- સરકારી જમીન ખાનગી વેચવા મુદ્દે થઇ હતી ફરિયાદ
- 2003 - 06 દરમ્યાન પ્રદીપ શર્મા કચ્છના કલેક્ટર હતા
- કલેક્ટર પદે રહેતા ગેરકાયદે જમીનનું વેચાણ કર્યું હતું
- CID ક્રાઈમમાં પ્રદીપ શર્મા સહિત 3 સામે થઇ હતી ફરિયાદ

**પ્રદીપ શર્મા અને તત્કાલિન નિવાસી** નાયબ કલેક્ટરે ભૂજની સરકારી ખરાબાની કરોડોની જમીન ગેરકાયદેસર ખાનગી પાર્ટીને વેચ્યાનો આરોપ હતો. સરકાર સાથે વિશ્વાસઘાત કરી સરકારને આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાના આરોપ સબબ ઈપીકો કલમ ૪૦૯, ૨૧૭, ૧૨૦-બી, ૧૧૪ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૭ (સી) હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## ગટરના ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરવા પારસી ટેકરા દેડીયાપાડાના સ્થાનિકો આવેદન આપ્યું



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા ના પારસી ટેકરા માં ગટર ના ગંદા પાણી ના નિકાલ માટે સ્થાનિક રહીશો એ આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ પારસી ટેકરા દેડીયાપાડાના રહેવાસીઓની રજૂઆત મુજબ આખા દેડીયાપાડા ગામની ગટરલાઈનના ગંદા પાણીના નિકાલ માટેનો શોષખાડો પારસી ટેકરાની ૧૫૦ મીટરની અંદર બનાવવામાં આવેલ છે.જેમાંથી આખા ગામનું ગંદુ પાણી નદીમાં જાય છે. જેને કારણે આ પાણી જમીનમાં ઉતરવાના કારણે આખા પારસી ટેકરાના બોર/કૂવાઓનું પાણી પીવાલાયક તેમજ થર વપરાશને યોગ્ય રહયું નથી. પાણી ગંદુ, કલરવાળું તેમજ વાસ મારતું આવે છે.જેને કારણે આખા વિસ્તારમાં પાણીજન્ય રોગો જેવા કે, કોલેરા, મેલેરીયા તેમજ ચામડીના રોગો થવાની શક્યતા રહેલ છે.



**આખા પારસી ટેકરાના બોર/કૂવાઓનું પાણી પીવા લાયક તેમજ ઘર વપરાશને યોગ્ય રહયું નથી. પાણી ગંદુ, કલરવાળું તેમજ વાસ મારતું આવતા રોગચાળા નો ખતરો**

આ બાબતે અમો એ અગાઉ પણ રજૂઆત કરેલ હતી. પરંતુ આ બાબતને ધ્યાને લઈ નિકાલ કરવામાં આવેલ નથી. કારણ કે આ બાબતે હાલ પણ બંગલા ફળીયું દેડીયાપાડાના રહેવાસી રાજેશભાઈ નરસિંહભાઈ તડવી, નવલભાઈ કરમાભાઈ વસાવા, જિજ્ઞેશભાઈ સુમનભાઈ વસાવા આ ત્રણેય વ્યકિતઓ આ બાબતનો નિકાલ કરવા બાબતે વિરોધ દર્શાવે છે.જે બાબત એમને કોઈપણ રીતે સ્પર્શતી નથી.કારણ કે તેઓ પારસી ટેકરા વિસ્તારના રહેવાસી પણ નથી.જો આ બાબતે પારસી ટેકરા વિસ્તારના લોકોના આરોગ્ય પર કોઈપણ જાતની અસર થશે તેની સંપૂર્ણ જવાબદારી આ ત્રણેય વ્યકિતઓની રહેશે.આ વ્યક્તિઓ પર કાયદેસરની કાર્યવાહી કરી આ બાબતે અમોને યોગ્ય ન્યાય આપવા આપ રજૂઆત ક્વમાવાવી છે.

## કચ્છ જિલ્લા સોના ચાંદી મહામંડળ દ્વારા કોટડા જડોદરના લૂંટ બાબતે ઈનામ જાહેર

મહેશ એલ.સોની | નખત્રાણા

એક સમયે શાંત ગણાતા ગુજરાતના કચ્છ જિલ્લામાં ક્રાઈમનો દર દિવસેને દિવસે વધતો જાય છે. કચ્છના ગામડા ઓમાં પણ હવે લૂંટના બનાવો અવારનવાર બની રહ્યા છે. નખત્રાણા પંથકના નેત્રા રવાપર, કોટડા- જ. જેવા નાના ગામોમાં પણ સોની વેપારીને લૂંટવાના તેમજ સોનીની દુકાનમાં ચોરીના બનાવો અવારનવાર બની રહ્યા છે. બે દિવસ પૂર્વે પણ કોટડા જ ગામમાં એક સોની વેપારીને આંતરી છરીના ઘા મારી સોના ચાંદીના દાગીના લૂંટી હુમલાખોરો પલાયન થઈ ગયા હતા. બનાવને બે દિવસ થયા હોવા છતાં પણ લૂંટારૂઓ પોલીસ પકડથી બહાર છે.

આ બનાવની વિગત એવી છે કે ગત તા.૧૮ ના રોજ નખત્રાણા તાલુકાના કોટડા જડોદર ગામે નિલકંઠ જ્વેલર્સ નામની બસ સ્ટેશન નજીક સોનીની દુકાન ધરાવતા નિલેશ રમેશ ભાઈ સોની સાંજે લગભગ સવા આઠ વાગ્યાની આસપાસ પોતાની દુકાન વધાવી એક્ટિવા પર ઘર તરફ જતા હતા ત્યારે તેમનાં

ઘર નજીક નંબર પ્લેટ વગરની એક વ્હાઈટ કલરની સ્વિફ્ટ કારમાંથી ત્રણ અજાણ્યા ઈસમો

માંથી બે જણ કાર નીચે ઉતરી નિલેશભાઈની એક્ટિવાને આંતરી બે થેલામાં રહેલ સોના ચાંદીના દાગીના લુંટવાનો પ્રયાસ કર્યો હતો. નિલેશ ભાઈ એ પ્રતિકાર કરતા ઝપાઝપીમાં તેમને હાથમાં

ચાકુ ના ઉંડા ઘા મારી બે થેલા પૈકી એક થેલો લઈ નાસી છૂટયા હતા. જ્યારે એક થેલો બચી જવા પામ્યો હતો.

## ધનસેરા ચેકપોસ્ટ પરથી બોલેરો ફોર વ્હીલ ગાડીમાંથી પોલીસે બિયરની ચાર બોટલ પકડી

ભરત શાહ | નર્મદા

સાગબારા તાલુકાની ધનસેરા ચેકપોસ્ટ પરથી પોલીસે વાહન ચેકીંગ દરમિયાન બોલેરો ગાડી માંથી બિયરની ચાર બોટલ પકડી ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી અનુસાર સાગબારા પોલીસ વાહન ચેકીંગ માં હતી એ સમયે કલ્પેશ બામણ રાવતાલે રહે.રાણીપુર તા.શાહદા જી.નંદુરબાર મહારાષ્ટ્ર નાઓએ પોતાના કબ્જામાંની મહિન્દ્રા બોલેરો ફોર વ્હીલ ગાડીમા ગે.કા. વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ કાચની બીયર બોટલ નંગ ચાર કિ.રૂ. ૬૦૪ નો મુદ્દામાલ તથા મહિન્દ્રા બોલેરો ફોર વ્હીલ ગાડી આશરે કિ.રૂ. ૩.૫૦.૦૦૦ મળી કુલ રૂ. ૩.૫૦.૬૦૪ ના મુદ્દામાલ સાથે ઘનશેરા ચેક પોસ્ટ ખાતે થી સાગબારા પોલીસે ચેકીંગ દરમ્યાન ઝડપી કાયદેસર કાર્યવાહી કરી છે.

## "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લા ખાતે સમિતિની રચના અને નિમણૂક કરવામાં આવી

ભરત શાહ | નર્મદા



પર્યાવરણ અને વન જળવાયું પરિવર્તન પરિષદ ભારત અને ગુજરાત રાજ્ય સંઘ પ્રદેશ દિવ દમણ, દાદર નગર હવેલી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લામાં સાગબારા અને ડેડીયાપાડા ખાતે સમિતિની રચના અને નિમણૂક કરવામાં આવી જેમાં સાગબારા તાલુકા ખાતે પ્રમુખ તરીકે અતુલભાઈ વસાવા ગામ પાટી , નાદોદ તાલુકા પ્રમુખ માં ગોવિંદભાઈ વસાવા ગામ નાની ચીખલી, ડેડીયાપાડા ખાતે અશ્વિનભાઈ વસાવા ગામ કંકાલા નાઓ ની કરાઈ છે.

જ્યારે નર્મદા જિલ્લા પ્રમુખ તરીકે જયપાલસિંહ માત્રોજા ને સુકાન સોંપાયું છે. આ સંસ્થા દ્વારા એક પેડ મા કે નામ દ્વારા જિલ્લાની કામગીરી દ્વારા સમિતિની રચના કરવામાં આવી હતી એમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે વંદનાબેન પાડવી ને જળ પર્યાવરણ અને જલ ગ્રામ્ય સમિતિની રચના કરીને પ્રેસિડેન્ટ તરીકે નિમાયા હતા જ્યારે જયપાલ સિંહ મત્રોજા દ્વારા નિમણૂક સાથે સાગબારા ડેડીયાપાડા અને નાદોદ મંડલ દ્વારા તાલુકા અને ગ્રામ્ય સમિતિની રચના કરવામાં આવી હતી.

## પટેલ ફળિયા વગૅ ચૈડીયા પ્રાથમિક શાળામાં બાળકોને કપડાંનું વિતરણ કરાયું



દિપક રાવલ | દાહોદ લીમખેડા

આજ રોજ લીમખેડા તાલુકાની અંતરીયાળ વિસ્તારમાં આવેલી પટેલ ફળિયા વગૅ ચૈડીયા પ્રાથમિક શાળામાં નાના ભૂલકાઓ અને જરૂરીયાતમંદ બાળકોને કપડાં વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.સી.આર.સી. અગારા(ઉ)માં આવેલી પટેલ ફળિયા વગૅ ચૈડીયા પ્રાથમિક શાળામાં સેવા પરિવાર બારની સેવાકીય પ્રવૃતિઓથી પ્રેરણા પ્રાપ્ત કરીને જેમાં બાલવાટિકા થી ધોરણ 08ના કુમાર અને કન્યા 70 જેટલા જરૂરિયાતમંદ બાળકોને લીમખેડા તાલુકામાં આવેલી અંધારી મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી અનિલભાઈ આર પટેલ દ્વારા ફ્રોક,પેન્ટ, શટૅ,અને ટી-શટૅનું વિતરણ કરવામાં આવ્યું. શાળાના આચાર્યશ્રી બારીયા સુભાષચંદ્ર નાનુસિંહ, એસ.એમ.સી તથા શિક્ષકગણ દ્વારા અનિલભાઈ પટેલનું શાળા પરિવાર તરફથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## નેત્રંગ વન વિભાગે ખેર ના લાકડાનો રૂ.૪,૫૦ લાખના મુદ્દામાલ સાથે ટ્રક કબ્જે કરી



ભરત શાહ | નર્મદા

પ્રાપ્ત માહિત મુજબ નેત્રંગ વનવિભાગના આરએફઓ એમ.એફ દિવાન અને વનકર્મીઓ દ્વારા જંગલ વિસ્તારમાં થતું નુકસાન અટકાવવા રાત-દિવસ નાઈટ પેટ્રોલિંગ અને ફેરણું કરવામાં આવે છે.જેમાં આરએફઓ ને રાજકોટ પાસિંગની ટ્રકમાં ગેરકાયદેસર ખેરના લાકડાના જથ્થાની હેરાફેરી થવાની બાતમી મળતા છેલ્લા ત્રણ દિવસથી વન વિભાગ ની ટીમ રાત-દિવસ નેત્રંગ વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતી. બાતમીના આધારે આ ટ્રક પસાર થતાં નેત્રંગ-અંકલેશ્વર રોડ ઉપર આવેલ મોરીયાણા નસૅરી પાસે થી ટ્રકને પકડી પાડી હતી.જેમાં ખેરના લાકડાનો જથ્થો ૦૯ ટન જેની કિંમત ૪,૫૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે રૂ.૧૦ લાખની ટ્રક કબ્જે કરી નેત્રંગ વન વિભાગમાં લઈ જવામાં આવી હતી.જ્યારે અંધકારનો લાભ ઉઠાવી ડ્રાઈવર-કંડક્ટર ટ્રક મુકીને ફરાર થઈ ગયા હતા.વન વિભાગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

દિપક રાવલ | દાહોદ



**IQAC અને Indian Air Force દ્વારા આયોજન કરાયું**

નવજીવન સાયન્સ કૉલેજ દાહોદ IQAC અને Indian Air Force દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન મોટાભાગના વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિંગ કમાન્ડર મેકમિલન જી.જી. દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય વાયુ સેના અને તેમાં કારકિર્દી વિશે વિસ્તાર પૂર્વક માર્ગદર્શન આપ્યું હતુ. વિંગ કમાન્ડરની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને Induction Publicity Exhibition Vehicle બસ બતાવીને તે માટેની સમગ્ર સમજણ આપી હતી. જેમાં વિવિધ ફાઈટર એરક્રાફ્ટ, એરક્રાફ્ટ સ્ટીમયુલેટર હેલિકોપ્ટર વગેરે મોડલની સમજ આપી હતી. આ કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. ગૌરાંગ ખરાદીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

# સંતરામપુર ખાતે શિક્ષણ મંત્રીના અધ્યક્ષ સ્થાને મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્રની ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો, બેટી પઢાવો સૂત્ર આપી અનેકવિધ યોજના થકી દીકરીઓને પગભર કર્યા છે - શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર. મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર અને સોસાયટી ફોર વીમેન્સ એકશન એન્ડ ટ્રેનિંગ ઈનિશિએટિવ - સ્વાતિના સંયુક્ત ઉપક્રમે સંતરામપુર ટાઉન હોલ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્રની ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાયો. મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્ર થકી કાનૂની સલાહ, સહાયતા, યોજનાઓ, તાલીમ અને અન્ય સેવાઓમાં મદદ આપવામાં આવશે.



આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, મહિલા, કિશોરી શિક્ષિત બને, સ્વસ્થ બને,સશક્ત બને તે માટે મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્ર ખૂબ ઉપયોગી નીવડશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો, બેટી પઢાવો સૂત્ર આપી અનેકવિધ યોજના થકી દીકરીઓને પગભર કર્યા છે. મહિલાઓને જમીન અને મકાન આપવાનું કામ વધપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ધાત્રીમાતા, સગર્ભા માતા, પોષણયુક્ત આહાર, નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજના સહાય આપી મહિલાઓનું જીવનધોરણ ઊંચું આવ્યું છે સાથે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી થકી ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહિલાઓના ઉત્થાન માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક યોજનાઓ અમલમાં મૂકી છે અને મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે સાથે દરેક મહિલાઓ યોજનાનો લાભ લઈ સરકારશ્રીની વિવિધ લોકકલ્યાણકારી યોજનાનો લાભ લેવા અપીલ કરી હતી. શિક્ષણ મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્હાલી દીકરી યોજના અંતર્ગત મંજૂરી હુકમ પત્રો એનાયત કરાયા હતા.

# 30 જાન્યુ. સુધીમાં જિલ્લા રોજગાર કચેરી, છોટાઉદેપુરને રોજગારી રીટર્ન અને વેકેન્સીની વિગત મોકલવા તાકીદ

કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના ખાનગી અને સરકારી એકમોને તા.૩૦-૦૧-૨૦૨૫ સુધીમાં જિલ્લા રોજગાર કચેરી,છોટાઉદેપુરને રોજગારીના ત્રિ-માસીક અને છ-માસીક રીટર્ન અને ખાલી જગ્યાની વિગત મોકલવા તાકીદ કરવામાં આવે છે. છોટાઉદેપુર જિલ્લાની હદમાં આવેલ જાહેર(સરકારી) અને ખાનગી સંસ્થાઓને રોજગાર વિનિમય કચેરી (સી.એન.વી.) એક્ટ-૧૯૫૯ અને નિયમ ૧૯૬૦નું પાલન કરવું ફરજીયાત છે. જે અંતર્ગત છોટાઉદેપુર શહેર-તાલુકા-જિલ્લામાં આવેલા જાહેરક્ષેત્રની તમામ તેમજ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કચેરીઓ તેમજ બોર્ડ,નિગમ, કંપની તેમજ ખાનગીક્ષેત્રનાં એકમો-સસ્થા જેવા કે કારખાના, ઓફીસ, શાળા-કોલેજો, હોસ્પિટલ, હોટેલ, પેટ્રોલપંપો અને કોન્ટ્રાક્ટર એજન્સીઓએ ત્રિમાસિક ઈ.આર.-૧ રીટર્ન ૩૦ દિવસમાં તેમજ માત્ર ઉત્પાદન લક્ષી એકમોએ જ છ-માસિક ૮૫%નું (સ્થાનિક-બિનસ્થાનિક) રીટર્ન ૩૦ દિવસમાં જિલ્લા રોજગાર કચેરી છોટાઉદેપુરને મોકલવુ ફરજીયાત છે. તા.૩૦/૦૧/૨૦૨૫ અંતીત ઈ.આર-1 અને 85% સ્થાનીક રોજગારી રીટર્ન રોજગાર કચેરીને મોકલવાની છેલ્લી તા.૩૦/૦૧/૨૦૨૫ છે .તેમજ કોઈપણ ખાલી જગ્યા ભરવા ૧૫ દિવસ પહેલા રોજગાર કચેરીને અથવા અનુબંધમ પોર્ટલ અને એનસીએસ પોર્ટલ પર ખાલી જગ્યાની જાણ વેકેન્સી (જોબ) પોસ્ટ નોટીફીકેશન કરાવવું ફરજીયાત છે. રોજગાર કચેરીની ઓનલાઈન સેવા લેવા માટે ગુજરાત સરકારનું અનુબંધમ પોર્ટલ (https://anubandham.gujarat.gov.in) અને ભારત સરકારનુ (NCS.GOV.IN) પોર્ટલ કાર્યરત છે. અનુબંધમ પોર્ટલ પર કોઈપણ એકમ, સંસ્થા કે કચેરી જોબ પોસ્ટ કરીને જોબસિકર સર્ચ કરીને યોગ્ય ઉમેદવારને રોજગારીની તકો પૂરી પાડી શકે છે. સી એન વી એકટ અન્વયે સ્કુલો, કોલેજો તેમજ બેંકો અને ટ્રસ્ટ દ્વારા ઈ.આર- ૧ અને વેકન્સી અંગેની માહીતી સમયસર મોકલવામા આવતી નથી જે સમયસર મોકલવા તમામ એકમ, કચેરી ,સંસ્થાઓએ નોંધ લેવા રોજગાર અધિકારીએ અપીલ કરેલ છે. કાયદાની સમજ મેળવવા તેમજ રોજગારલક્ષી સેવા અને અનુબંધમ પોર્ટલ અને એનસીએસ પોર્ટલ અંગે વધુ માર્ગદર્શન મેળવવા જિલ્લા રોજગાર, સેક્રેટરીએટ બીલ્ડીંગ સામે ,કોર્ટ કંપાઉન્ડ છોટાઉદેપુરનો સંપર્ક કરવા રોજગાર અધિકારી છોટાઉદેપુરની યાદીમાં જણાવ્યું છે.

# પૂજા, લગ્ન અને તહેવારો દરમિયાન સ્ત્રીઓ પગમાં મહાવર (અલ્તા) કેમ લગાવે છે? ક્યારે અલ્તા ન લગાવવો





કેનેડામાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની લાઈફસ્ટાઈલ સંપૂર્ણ રીતે બદલાઈ જવાની છે. એ લોકો પણ એવી આશા સેવી રહ્યા છે કે તેઓ પણ સારા પગારવાળી નોકરી કરે અને મોંઘી ગાડીઓમાં ફરે. કેનેડામાં ચાર લાખથી વધારે ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહે છે. અંહિયાથી ડિગ્રી મેળવીને તેમને લાગે છે કે તેમની જિંદગી બદલાઈ જશે. વિદેશમાં ભણવા જતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ એવું માને છે કે વિદેશમાં ભંવથી તેમને સારા પગારની નોકરી મલાઈ જશે. ચમક દમક વાળી એ લાઈફની કલ્પનાથી સાચી દુનિયા ઘણી અલગ છે. અંહિયા વિદ્યાર્થીઓનું જીવન ખૂબ મુશ્કેલ છે. એક ભારતીય વિદ્યાર્થીએ કેનેડામાં અભ્યાસ કરવાનો તેનો અનુભવ શેર કર્યો છે જે હાલ વાયરલ થઈ રહ્યો છે. કેનેડા સ્થિત કન્સલ્ટિંગ ફર્મના ભારતીય મૂળના સ્થાપક દેવ મિત્રાએ તાજેતરમાં એક પોડકાસ્ટમાં કેનેડામાં અભ્યાસ કરવાના તેમના અનુભવ વિશે વાત કરી. દેવે કહ્યું કે તે ભારતમાં ૧૪ લાખ રૂપિયાની નોકરી છોડીને વિદેશ ભણવા ગયો હતો. પરંતુ પોતાના ખર્ચાઓ પૂરા કરવા માટે તેને ત્યાં વેઈટર તરીકે કામ કરવું પડ્યું. છ વર્ષથી કેનેડામાં રહેલા દેવ મિત્રાએ સમજાવ્યું કે કેવી રીતે તેઓ શિક્ષણ લોનના દબાણ હેઠળ અભ્યાસ કરી રહ્યા હતા અને આ સમય દરમિયાન તેમને પોતાનું ગુજરાન ચલાવવા માટે કામ પણ કરવું પડ્યું.પોડકાસ્ટમાં, દેવ મિત્રાએ કહ્યું કે કેનેડામાં પરિસ્થિતિ સ્વીકારવી મુશ્કેલ દેવ મિત્રાએ વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનો એક વર્ગ એવો છે જે દબાણથી ઘેરાયેલો છે.

# મુકેશ અંબાણી શપથ ગ્રહણ પહેલા ટ્રમ્પને મળ્યા

## રિલાયન્સ ફાઉન્ડેશને આ મીટિંગનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો

(એજન્સી)વોશિંગ્ટન તા 20

ભારતના સૌથી ધનાઢ્ય વ્યક્તિ મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણી રવિવારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પને રાષ્ટ્રપતિ તરીકેના બીજા કાર્યકાળ પહેલા અભિનંદન આપવા માટે મળ્યા હતા. આવતીકાલે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. ટ્રમ્પ આ પહેલા 2016થી 2020 સુધી અમેરિકાના રાષ્ટ્રપતિ રહ્યા હતા. રિલાયન્સ ફાઉન્ડેશને આ મીટિંગનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો નીતા અને મુકેશ અંબાણીને આશા છે કે ટ્રમ્પ સરકાર દરમિયાન ભારત-અમેરિકાના સંબંધો વધુ મજબૂત થશે. આ સાથે તેમણે ટ્રમ્પને તેમના નવા પરિવર્તનકારી કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવી હતી.

મુકેશ અંબાણી અને નીતા અંબાણીએ આજે એક ખાનગી કાર્યક્રમમાં ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા હતા. ભારત તરફથી વિદેશ મંત્રી એસ જયશંકર ઉપરાંત QUAD દેશોના વિદેશ મંત્રીઓ પણ હાજર રહેશે. ઈલોન મસ્ક ઉપરાંત અમેરિકન ઉદ્યોગપતિઓમાં જેફ બેઝોસ, માર્ક ઝકરબર્ગ અને સેમ ઓલ્ટમેન હાજર રહી શકે છે.



### શપથ ગ્રહણમાં અંબાણી દંપતીને મહત્વની બેઠક મળશે

અહેવાલ મુજબ શપથ ગ્રહણ સમારોહમાં અંબાણી દંપતીને મહત્વની બેઠક મળશે. તે ટ્રમ્પ કેબિનેટના નામાંકિત સભ્યો અને ચૂંટાયેલા અધિકારીઓ સાથે બેસશે. આ સિવાય કેબિનેટ સ્વાગત સમારોહ અને ઉપરાષ્ટ્રપતિનું ડિનર પણ હશે, જેમાં અંબાણી પરિવાર હાજરી આપશે. શપથ ગ્રહણમાં 3 પૂર્વ રાષ્ટ્રપતિ હાજર રહેશે, મિશેલ ઓબામા નહીં આપે હાજરી.

### પ્રથમ વખત વિદેશી મહેમાનોને આમંત્રણ, જયશંકર ભારતથી જશે

અમેરિકાના ઈતિહાસમાં આ પહેલીવાર છે જ્યારે રાષ્ટ્રપતિના શપથ ગ્રહણ સમારોહમાં વિદેશી નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. અહેવાલો અનુસાર, ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની, અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ નાયબ બુકેલે, હંગેરીના વિક્ટર ઓર્બાન, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી હાજર રહેશે.ટ્રમ્પની ગેરહાજરીમાં રાષ્ટ્રપતિની જવાબદારી તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સે નિભાવી હતી.

**ટ્રમ્પના શપથ ગ્રહણ સમયે રેકોર્ડ દાન :** શપથ ગ્રહણ સમારોહ માટે ટ્રમ્પની ટીમને રેકોર્ડ દાન મળ્યું છે. ઉદ્યોગપતિઓ ટ્રમ્પ સાથે વધુ સારા સંબંધો બનાવવા માટે ભારે ભંડોળ આપી રહ્યા છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, અત્યાર સુધીમાં 170 મિલિયન ડોલર (લગભગ 1.5 હજાર કરોડ રૂપિયા) આવી ચૂક્યા છે. આ આંકડો $200 મિલિયન સુધી પણ પહોંચી શકે છે.

## રસ્તા પર રખડતાં 30 લાખ શ્વાનને મારી નાખશે આ દેશ,બર્બરતા સામે દુનિયાભરમાં ગુસ્સો

(એજન્સી) મોરોક્કો તા 20

મોરોક્કો 2030 માં યોજાનાર FIFA વર્લ્ડ કપની તૈયારીઓમાં વ્યસ્ત છે, આ માટે શહેરને સાફ કરવા માટે એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, આવી સ્થિતિમાં 30 લાખ કૂતરાઓનું બલિદાન આપવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. આ સમાચાર આવતાની સાથે જ દુનિયાભરના લોકો ખૂબ ગુસ્સે છે. ફિફા વર્લ્ડ કપ 2024 ઉઝબેકિસ્તાનમાં યોજાયો હતો, તેના વિશે દર્શકોમાં ભારે ઉત્સાહ હતો. હવે 2030 માં તેનું આયોજન મોરોક્કો, સ્પેન અને પોર્ટુગલમાં થશે. આ પહેલા તેનાથી સંબંધિત એક ચોંકાવનારી માહિતી સામે આવી છે. આ વર્લ્ડ કપના આયોજન માટે આફ્રિકન દેશો તેમના શહેરોને સાફ કરવાની યોજના બનાવી રહ્યા છે, જેમાં 30 લાખ કૂતરાઓનું બલિદાન આપવામાં આવશે. આ અંગે વિશ્વભરના 2030 મોરોક્કો, સ્પેન અને પોર્ટુગલમાં આયોજિત થશે. આ ઈવેન્ટ માટે આ દેશો તેમના શહેરોને સાફ કરવાની યોજના બનાવી રહ્યા છે. આ માટે, 30 લાખ કૂતરાઓને મારવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

# યુક્રેન સાથેના યુદ્ધમાં 12 ભારતીયો ગુમાવી ચૂક્યાં છે જીવ

(એજન્સી) રશિયા તા 20

રશિયા-યુક્રેન યુદ્ધને લઈ એક મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયન સેનામાં ફરજ બજાવતા 12 ભારતીયોના મોત થયા છે. વિદેશ મંત્રાલયે આ વાતની પુષ્ટિ કરી છે. MEAના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, કુલ 126 ભારતીયો રશિયન આર્મીમાં જોડાયા હોવાનું જાણવા મળે છે. તેમાંથી 96 લોકો તેમની સેવા પૂરી કરીને ભારત પરત ફર્યા છે, જ્યારે 12 લોકોના મોત થયા છે. વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે, 18 ભારતીયો હજુ પણ રશિયન સેનામાં સેવા આપી રહ્યા છે, જેમાંથી 16 ભારતીયો ગુમ છે અને તેમને શોધવાના પ્રયાસો ચાલુ છે. રણધીર જયસ્વાલે કહ્યું, અમે ગુમ થયેલા ભારતીય નાગરિકોના ઠેકાણા શોધવા અને બચી ગયેલાઓની વહેલી મુક્તિ અને સ્વદેશ પરત લાવવા માટે રશિયન સત્તાવાળાઓના સંપર્કમાં છીએ.વિદેશ મંત્રાલયે કેરળના ત્રિશૂર જિલ્લાના ભારતીય નાગરિક બિનિલ ટીબીની તાજેતરના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે. રણધીર જયસ્વાલે બિનલના મૃત્યુને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યું હતું જેને સૌપ્રથમવાર સોમવારે એક સંબંધીએ જાણ કરી હતી. બિનિલના મૃતદેહને ભારત પરત લાવવાના પ્રયાસો ચાલુ છે. મોસ્કોમાં ભારતીય દૂતાવાસ રશિયન અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યું છે.આ સિવાય રશિયામાં ઘાયલ થયેલા કેરળના અન્ય એક રહેવાસીની હાલ મોસ્કોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જયસ્વાલે કહ્યું, 'દૂતાવાસ તેમની તબિયતને લઈને તેમના અને રશિયન અધિકારીઓના સંપર્કમાં છે અને અમને આશા છે કે તેઓ તેમની સારવાર બાદ પરત ફરશે.' વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે, 18 ભારતીયો હજુ પણ રશિયન સેનામાં સેવા આપી રહ્યા છે, જેમાંથી 16 ચાલુ છે. રણધીર જયસ્વાલે કહ્યું, અમે ગુમ થયેલા ભારતીય નાગરિકોના ઠેકાણા શોધવા અને બચી ગયેલાઓની વહેલી મુક્તિ અને સ્વદેશ પરત લાવવા માટે રશિયન સત્તાવાળાઓના સંપર્કમાં છીએ.

## પ્રોટીન પાવડર પીનારા સાવધાન! 6000થી વધુ ટબ્સમાં મળી ખતરનાક વસ્તુ


(એજન્સી)યુએસએ તા 20

પ્રોટીન પાવડરમાં જોખમી પદાર્થોની હાજરીને લઈ મોટો નિર્ણય, આ ઉત્પાદનોનો ઉપયોગ મોટાભાગે જીમમાં જનારાઓ અને ફિટનેસ ઉત્સાહીઓ દ્વારા કરવામાં આવે છે

યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ તાજેતરમાં બજારમાંથી 6000 થી વધુ પ્રોટીન પાઉડર ટબને પાછા બોલાવવાનો આદેશ આપ્યો છે. વાસ્તવમાં આ રિકોલ કરવાનું કારણ આ પ્રોટીન પાવડરમાં જોખમી પદાર્થોની હાજરી છે, જે સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો બની શકે છે. આ રિકોલ ઉચ્ચ જોખમ સ્તરનું છે, જેનો અર્થ છે કે આ ઉત્પાદનોનો ઉપયોગ ગ્રાહકો માટે સંભવિત ઘાતક બની શકે છે. FDAના રિપોર્ટ અનુસાર આ પ્રોટીન પાઉડરના ટબમાં એવા ઘટકો મળી આવ્યા છે જે પાચન તંત્ર અને શરીરના અન્ય ભાગોને નુકસાન પહોંચાડી શકે છે. તે અમુક પ્રકારની હાજરી સૂચવે છે. આ ઉત્પાદનોનો ઉપયોગ મોટાભાગે જીમમાં જનારાઓ અને ફિટનેસ ઉત્સાહીઓ દ્વારા કરવામાં આવે છે.

### યુએસમાં TikTokને મંજૂરી આપશુ

## નહીં થવા દઉં ત્રીજું વિશ્વ યુદ્ધ', શપથ ગ્રહણ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પના મોટા એલાન



(એજન્સી) અમેરિકા તા 20

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેતા પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે મેક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA) વિજય રેલીને સંબોધિત કરીને કહ્યુ, હું ત્રીજું વિશ્વ યુદ્ધ નહીં થવા દઉં. આજે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ તરીકે શપથગ્રહણ કરનારા છે. આ તરફ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે મેક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA) વિજય રેલીને સંબોધિત કરી હતી.

### સક્રિય ગેરકાયદેસર વિદેશી ગેંગને હાંકી કાઢશે: ટ્રમ્પ

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, આ પહેલા કોઈ ખુલ્લી બોર્ડર, જેલ, માનસિક સંસ્થાઓ, ટ્રાન્સજેન્ડર વિશે વિચારી પણ ન શકે. અમે ખૂબ જ ટૂંક સમયમાં અમેરિકન ઈતિહાસમાં દેશનિકાલની સૌથી મોટી કવાયત શરૂ કરીશું. તેમણે કહ્યું કે, અમે જલ્દી જ અમારા સાર્વભૌમ ક્ષેત્ર અને સરહદો પર નિયંત્રણ સ્થાપિત કરીશું. અમે અમેરિકાની ધરતી પર કાર્યરત દરેક ગેરકાયદેસર એલિયન ગેંગના સભ્ય અને ઈમિગ્રન્ટ ગુનેગારને બહાર કાઢીશું.

**ત્રીજા વિશ્વયુદ્ધને થતા અટકાવીશ.**

ડોનાલ્ડ ટ્રમ્પે કેપિટલ વન એરેના ખાતે MAGA વિજય રેલીને સંબોધિત કરી અને કહ્યું હું યુક્રેનમાં યુદ્ધનો અંત લાવીશ. હું મધ્ય પૂર્વમાં અરાજકતા અટકાવીશ અને ત્રીજા વિશ્વયુદ્ધને થતા અટકાવીશ. તમને ખ્યાલ નથી કે આપણે ત્રીજા વિશ્વ યુદ્ધની કેટલી નજીક છીએ. તેમણે કહ્યું કે, અમે એલન મસ્કની અધ્યક્ષતામાં એક નવો સરકારી વિભાગ બનાવીશું. એલન મસ્કે કહ્યું કે, અમે ઘણા ફેરફારો કરવા આતુર છીએ. આ વિજય શરૂઆત છે. જે બાબતો આગળ વધી રહી છે, નોંધપાત્ર ફેરફારો કરી રહી છે અને આવનારી સદીઓ સુધી અમેરિકાને મજબૂત બનાવવાનો પાયો નાખે છે.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમે મધ્ય પૂર્વમાં સ્થાયી શાંતિની દિશામાં પહેલું પગલું ભરીને યુદ્ધવિરામ કરાર હાંસલ કર્યો છે. નવેમ્બરમાં અમારી ઐતિહાસિક જીતના પરિણામે જ આ કરાર પ્રાપ્ત થઈ શક્યો હોત. પ્રથમ બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે.

## સૈફ અલી ખાન હુમલા કેસમાં કૂદયું પાકિસ્તાન

(એજન્સી) પાકિસ્તાન તા 20

પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રધાન ફવાદ ચૌધરીએ દાવો કર્યો છે કે ભારતમાં મુસ્લિમ સમુદાયના કલાકારો ગંભીર જીવલેણ જોખમોનો સામનો કરી રહ્યા છે. ચૌધરીએ આને હિન્દુ મહાસભાના ઉદય સાથે જોડી દીધું છે. સાથે જ પાકિસ્તાનને ભારતીય મુસ્લિમોના અધિકારો માટે ઉભા રહેવાની અપીલ કરી હતી. બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર થયેલ જીવલેણ હુમલો દરેકના હોઠ પર છે. આ હાઈપ્રોફાઈલ કેસની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. હવે આ મામલે પાકિસ્તાન પણ કૂદી પડ્યું છે. પાકિસ્તાનના વરિષ્ઠ નેતા ફવાદ ચૌધરીએ આ મામલાને ધાર્મિક રંગ આપવાનો પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રધાન ફવાદ ચૌધરીએ દાવો કર્યો છે કે ભારતમાં મુસ્લિમ સમુદાયના કલાકારો ગંભીર જીવલેણ જોખમોનો સામનો કરી રહ્યા છે. ચૌધરીએ આને હિન્દુ મહાસભાના ઉદય સાથે જોડી દીધું છે. સાથે જ પાકિસ્તાનને ભારતીય મુસ્લિમોના અધિકારો માટે ઉભા રહેવાની અપીલ કરી હતી. પાકિસ્તાનના પૂર્વ મંત્રી અને ઈમરાન ખાનના નજીકના ફવાદ ચૌધરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, 'હિંદુ મહાસભાના ઉદયથી, મુસ્લિમ કલાકારો ગંભીર જીવલેણ જોખમોનો સામનો કરી રહ્યા છે. પાકિસ્તાને ભારતીય મુસ્લિમોના અધિકારો માટે ઊભા રહેવું જોઈએ. જ્યારે એક યુઝરે ચૌધરીને પૂછ્યું કે શું તેમણે સૈફ અલી ખાનને પાકિસ્તાનમાં સ્થાયી થવામાં મદદ કરવી જોઈએ.

### પહેલા જ દિવસે આટલી ફાઈલો પર કરશે સિગ્નેચર , મચી શકે છે હાહાકાર!

# શપથ લેતા જ અમેરિકામાં થશે નવાજૂની!

(એજન્સી) અમેરિકા તા 20

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બનતાની સાથે જ બબાલ ઉભી કરવાના છે. રાષ્ટ્રપતિની ખુરશી પર બેસતાની સાથે જ તેઓ લગભગ 100 ફાઈલો પર સહી કરશે. આ તેમના દ્વારા જારી કરાયેલા કાર્યકારી ઓર્ડર હશે. આ આદેશો જારી કર્યા પછી ફક્ત અમેરિકામાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી જશે. ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે બપોરે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવાના છે. આ પહેલા પણ તેમની ટીમે કાર્યોની લાંબી યાદી તૈયાર કરી છે. સત્તામાં આવ્યા પછી તરત જ તેઓ ઓછામાં ઓછી 100 એવી ફાઈલો પર હસ્તાક્ષર કરશે જે ફક્ત અમેરિકામાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી શકે છે. શપથ ગ્રહણ પછી તરત જ તેઓ વ્હાઈટ હાઉસમાં પ્રવેશ કરશે. તેમના ઓવલ ઓફિસ ડેસ્ક પર 100 થી વધુ એક્ઝિક્યુટિવ ઓર્ડર તેમની રાહ જોતા હશે, જે તેમની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે જેથી તેઓ સમય બગાડ્યા વિના તેમનો બીજો કાર્યકાળ શરૂ કરી શકે. તેઓ 20 જાન્યુઆરીએ યુનાઈટેડ સ્ટેટ્સના 47મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.આ કાર્યકારી આદેશ મુખ્યત્વે તેમના ચૂંટણી વચનોને પૂર્ણ કરવાના હેતુથી છે. એક મીડિયા સાથેની મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું કે તેઓ તેમના પહેલા દિવસે રેકોર્ડ સંખ્યામાં કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કરવાની યોજના બનાવી રહ્યા છે.



### નજીકના લોકોને માફી આપી શકે છે

તેમના નજીકના સહાયક સ્ટીફન મિલરે એક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું કે આ મુખ્યત્વે પાંચ વિષયોની આસપાસ ફરશે. આમાં દક્ષિણ સરહદ સીલ કરવી, મોટા પાયે નિર્વાસન, ટ્રાન્સજેન્ડર લોકોને મહિલા રમતો રમવાથી પ્રતિબંધિત કરવા, ઊર્જા સંશોધન પરના પ્રતિબંધો હટાવવા અને સરકારી કાર્યક્ષમતામાં સુધારો કરવાનો સમાવેશ થાય છે. તેમના કાર્યકારી આદેશમાંથી એક તેમના સમર્થકોને માફી આપવાની અપેક્ષા રાખે છે જેમને ચાર વર્ષ પહેલાં 6 જાન્યુઆરીએ યુએસ કેપિટોલ પર થયેલા હુમલામાં તેમની ભૂમિકા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

### રાષ્ટ્રપતિના શપથગ્રહણ બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવવાની તૈયારીમાં!

૭૮ વર્ષીય ટ્રમ્પ વિદાય લેતા રાષ્ટ્રપતિ જો બિડેનના કેટલાક કાર્યકારી આદેશો અને પગલાંને ઉલટાવી શકે તેવી પણ અપેક્ષા છે. આમાં મુખ્ય મુદ્દાઓમાં પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ, જીવાશ્ય ઈંધણ ઉત્પાદન પરના નિયંત્રણો હટાવવા અને ઘરેલૂ તેલ ડ્રિલિંગનો વિસ્તાર કરવાનો સમાવેશ થાય છે.કાર્યકારી આદેશએ રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાયેલ એકપક્ષીય આદેશ હોય છે જે કાયદાનું બળ ધરાવે છે. કાયદાકીય આદેશોથી વિપરીત કાર્યકારી આદેશને કોંગ્રેસની મંજૂરીની જરૂર નથી હોતી. કોંગ્રેસ તેને પલટી શકતી નથી, પરંતુ તેને કોર્ટમાં પડકારી શકાય છે. ટ્રમ્પે કહ્યું કે અમારી પાસે રેકોર્ડ-સેટિંગ સંખ્યામાં દસ્તાવેજો છે જેના પર હું આ (શપથ ગ્રહણ) ભાષણ પછી તરત જ સહી કરીશ.

## ભારતથી કેનેડા ભણવા ગયેલા 20 હજાર વિદ્યાર્થીઓ છૂમંતર

(એજન્સી) કેનેડા તા 20

એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કેનેડા પહોંચેલા લગભગ 20 હજાર ભારતીય વિદ્યાર્થીઓ કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી 'ગુમ' છે. પોતાના બાળકોના સારા ભવિષ્ય માટે માતા-પિતા તેમને વિદેશ ભણતર માટે મોકલતા હોય છે. ઘણા એવા મા-બાપ છે જેઓ પોતાના બાળક માટે રાત-દિવસ એક કરી દેતા હોય છે જેથી તેઓ ત્યાં સારું ભણતર મેળવી શકે , પણ એ જ માતા-પિતાને જો એવા સમાચાર મળે કે તેમનો બાળક ગુમ થઈ ગયો છે તો? જો કે આવી કોઈ ઘટના બની નથી પરંતુ આવા જ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે.સૌ કોઈ જાણે છે કે હાલ અત્યારે ભારત-કેનેડા વચ્ચે તણાવનો માહોલ છે, એવામાં 'ઈમિગ્રેશન, રેફ્યુજી એન્ડ સિટીઝનશિપ કેનેડા' (IRCC)એ એક રિપોર્ટ રજૂ કર્યો છે જે ચોંકાવનારો છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કેનેડા પહોંચેલા લગભગ 20 હજાર ભારતીય વિદ્યાર્થીઓ કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી 'ગુમ' છે. તેઓને તેમની કોલેજો અથવા યુનિવર્સિટીઓમાં એ કે તે ત્યાં લાંબા સમયથી જોવા મળ્યો ન હતો. હવે સવાલ અહીંયા એ થાય છે કે આ વિદ્યાર્થીઓ ક્યાં ગયા? કેનેડામાં 2014માં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ કમ્પ્લાયન્સ રેજીમ લાગુ કરવામાં આવી હતી, જેનો હેતુ નકલી વિદ્યાર્થીઓને ઓળખવાનો અને શંકાસ્પદ શાળાઓને ઓળખવાનો હતો.

## દિલ્હી રમખાણોના આરોપીઓની જામીન પર આવતીકાલે થશે સુનાવણી

# જેલમાંથી ચૂંટણી લડવા પર પ્રતિબંધ હોવો જોઈએ: સુપ્રીમ કોર્ટ



(એજન્સી) નવી દિલ્હી । તા. 20

દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે, જેલમાં બંધ તમામ લોકોને ચૂંટણી લડવા પર રોક લગાવવી જોઈએ. સોમવારે જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાની બેંચ સમક્ષ કેસની યાદી હતી, પરંતુ સુનાવણી થઈ શકી ન હતી. તાહિર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ અગ્રવાલે મંગળવારે સુનાવણી માટે વિનંતી કરી હતી. તેના પર જસ્ટિસ મિત્તલે કહ્યું- તેના પર તાહિરના વકીલે કહ્યું કે, તાહિરનું નામાંકન સ્વીકારી લેવામાં આવ્યું છે. આના પર કોર્ટે મંગળવારે કેસની સુનાવણી કરી હતી. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટી (AAP)ના ભૂતપૂર્વ કાઉન્સિલર તાહિરને અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM દ્વારા મુસ્તફાબાદ બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે.

### નામાંકન માટે હાઈકોર્ટે કસ્ટડી પેરોલ આપી હતી

તાહિર પર 25 ફેબ્રુઆરી, 2020ના રોજ દિલ્હી રમખાણો દરમિયાન IB અધિકારી અંકિત શર્માની હત્યા કરવાનો આરોપ છે. તાહિરે 14 જાન્યુઆરીથી 9 ફેબ્રુઆરી સુધી ચૂંટણી પ્રચાર માટે હાઈકોર્ટ પાસે વચગાળાના જામીન માંગ્યા હતા. 13 જાન્યુઆરીએ હાઈકોર્ટે કહ્યું હતું કે, જેલમાંથી પણ નોમિનેશન ફાઈલ કરી શકાય છે. તેના પર તાહિરના વકીલ તારા નરુલાએ દલીલ કરી હતી કે ઈજનેર રાશિદને ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. તેની સામે ટેરર ફંડિંગનો કેસ પણ ચાલી રહ્યો છે. તાહિરને એક રાષ્ટ્રીય પાર્ટીએ ઉમેદવાર બનાવ્યો છે. તેઓ તેમની તમામ સંપત્તિની વિગતો આપવા તૈયાર છે. તેણે પોતાના માટે પ્રસ્તાવક પણ શોધવો પડશે અને દિલ્હીમાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.



### રમખાણોમાં પિસ્તોલનો ઉપયોગ કરવાનો આરોપ

દિલ્હી રમખાણોના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે કરકરડૂમા કોર્ટમાં બે ચાર્જશીટ દાખલ કરી હતી. પહેલો કેસ ચાંદ બાગ હિંસા અને બીજો કેસ જાફરાબાદ રમખાણો સાથે સંબંધિત હતો. પોલીસે તાહિર હુસૈનને ચાંદ બાગ હિંસા કેસનો માસ્ટરમાઈન્ડ ગણાવ્યો હતો. તાહિર ઉપરાંત તેના ભાઈ શાહઆલમ સહિત 15 લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. ચાર્જશીટમાં દિલ્હી પોલીસે કહ્યું હતું કે હિંસા સમયે તાહિર હુસૈન તેના ઘરની ટેરેસ પર હતો અને તેના કારણે જ હિંસા ફાટી નીકળી હતી. તાહિરે રમખાણોમાં તેની લાઈસન્સવાળી પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, રમખાણોના એક દિવસ પહેલા જ હુસૈને ખજુરી ખાસ પોલીસ સ્ટેશનમાં સંગ્રહિત તેની પિસ્તોલ કાઢી લીધી હતી.

# આ વખતનો 'પ્રજાસત્તાક દિવસ' ખૂબ જ ખાસ



નવી દિલ્હી । પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા લોકોને સંબોધિત કર્યા. કાર્યક્રમના 118મા એપિસોડમાં, પીએમ મોદીએ લોકો સાથે ઘણી મહત્વપૂર્ણ બાબતો વિશે વાત કરી. પીએમ મોદીએ બાબાસાહેબ ભીમરાવ આંબેડકર અને શ્યામા પ્રસાદ મુખર્જીના જૂના ભાષણોમાંથી કેટલાક મહત્વપૂર્ણ અંશો પણ સંભળાવ્યા.

### આ વખતનો 'પ્રજાસત્તાક દિવસ' ખૂબ જ ખાસ-પીએમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા લોકોને સંબોધિત કર્યા. કાર્યક્રમના 118મા એપિસોડમાં, પીએમ મોદીએ લોકો સાથે ઘણી મહત્વપૂર્ણ બાબતો વિશે વાત કરી. પીએમ મોદીએ બાબાસાહેબ ભીમરાવ આંબેડકર અને શ્યામા પ્રસાદ મુખર્જીના જૂના ભાષણોમાંથી કેટલાક મહત્વપૂર્ણ અંશો પણ સંભળાવ્યા.

### ત્રીજા રવિવારે મન કી બાત કેમ?

વર્ષ 2025 ની પહેલી 'મન કી બાત' માં પીએમ મોદીએ કહ્યું કે આજે 2025 ની પહેલી 'મન કી બાત' થઈ રહી છે. તમે એક વાત તો નોંધી હશે કે દર વખતે મન કી બાત મહિનાના છેલ્લા રવિવારે થાય છે, પરંતુ આ વખતે આપણે ચોથા રવિવારને બદલે ત્રીજા રવિવારે એક અઠવાડિયા વહેલા મળી રહ્યા છીએ, કારણ કે પ્રજાસત્તાક દિવસ આવતા રવિવારે છે. હું મારા બધા દેશવાસીઓને પ્રજાસત્તાક દિવસની અગાઉથી શુભેચ્છા પાઠવું છું. તેમણે કહ્યું કે આ વખતનો 'પ્રજાસત્તાક દિવસ' ખૂબ જ ખાસ છે. આ ભારતીય પ્રજાસત્તાકની 75મી વર્ષગાંઠ છે. આ વર્ષે બંધારણ અમલમાં આવ્યાને 75 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. હું બંધારણ સભાના તમામ મહાનુભાવોને સલામ કરું છું જેમણે આપણને આપણું પવિત્ર બંધારણ આપ્યું.

### મહાકુંભ એકતાને પ્રોત્સાહન આપે છે- પીએમ મોદી

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે હજારો વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં ક્યાંય પણ ભેદભાવ કે જાતિવાદ નથી. આમાં ભારતના દક્ષિણમાંથી લોકો આવે છે, ભારતના પૂર્વ અને પશ્ચિમમાંથી લોકો આવે છે. કુંભમાં, અમીર અને ગરીબ બધા એક થઈ જાય છે. કુંભ મેળો પ્રયાગરાજ, ઉજ્જૈન, નાસિક અને હરિદ્વારમાં ઉજવવામાં આવે છે, જ્યારે દક્ષિણ ભાગમાં પુષ્કરમ ગોદાવરી, કૃષ્ણા, નર્મદા અને કાવેરી નદીઓના કિનારે ઉજવવામાં આવે છે. કુંભકોણમથી તિરુક્કડ-યુર સુધી, કુડાવાસલથી તિરુચેરાઈ સુધી, ઘણા મંદિરો છે જેમની પરંપરાઓ કુંભ સાથે જોડાયેલી છે. 'કુંભ', 'પુષ્કરમ' અને 'ગંગા સાગર મેળો' - આપણા આ તહેવારો આપણી સામાજિક ક્રિયાપ્રતિક્રિયા, સંવાદિતા અને એકતાને પ્રોત્સાહન આપે છે.

### રામમંદિરને લઈને શું બોલ્યા પીએમ મોદી?

'મન કી બાત' માં પીએમ મોદીએ કહ્યું કે ગયા વર્ષે અયોધ્યામાં યોજાયેલી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પર બોલતા તેમણે કહ્યું કે પ્રાણ પ્રતિષ્ઠાની આ દ્વાદશી ભારતની સાંસ્કૃતિક ચેતનાના પુનઃસ્થાપનની દ્વાદશી છે. તેથી, પોષ શુક્લ દ્વાદશીનો આ દિવસ એક રીતે પ્રતિષ્ઠા દ્વાદશીનો દિવસ પણ બની ગયો છે.

### ડ્રાઈવરની સમજદારીને કારણે અકસ્માત ટળી ગયો

# આગરા-લખનઉ એક્સપ્રેસ હાઈવે પર અગનગોળો બની બસ, 50 મુસાફરોએ બારીમાંથી કૂદી જીવ બચાવ્યાં

(એજન્સી) કન્નૌજ તા. 20

ઉત્તર પ્રદેશના કન્નૌજમાં આગરા-લખનઉ એક્સપ્રેસ વે પર શનિવારે એક ભયાનક અકસ્માત લગભગ ટળી ગયો હતો. લખનઉથી દિલ્હી જઈ રહેલી મુસાફરોથી ભરેલી બસમાં અચાનક આગ લાગી હતી. આ બનાવથી બસમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, આગ લાગ્યા બાદ બસની અંદર ધુમાડો ભરાવા લાગ્યો હતો અને મુસાફરો ડરી ગયા હતા. પરિસ્થિતિ વણસતી



જોઈને ડ્રાઈવરે તરત જ બસને રોડની કિનારે રોકી દીધી. આગનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટની આશંકા છે.ઘટના દરમિયાન મુસાફરોએ શાણપણ દાખવ્યું હતું અને બારી-દરવાજામાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. સદનસીબે, તમામ મુસાફરો સમયસર બસમાંથી બહાર નીકળી ગયા હતા અને કોઈને ગંભીર ઈજા થઈ હોવાના અહેવાલ નથી. ફાયર વિભાગને જાણ કર્યા બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં બસ સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. સ્થાનિક પ્રશાસન અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મામલાની તપાસ શરૂ કરી દીધી છે.

### જાન પહેલાં અર્થી ઊઠી...

# મધ્યપ્રદેશના પન્ના જિલ્લા ઈટોરી ગામ પાસે ખાતે ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના 3ના મોત

(એજન્સી) પન્ના તા. 20

મધ્યપ્રદેશના પન્ના ખાતે એક મોટો અકસ્માત થયો જ્યારે આંધ્રપ્રદેશ નંબર સાથેની વેગેનાર કાર પાછળથી એક અજાણ્યા મોટા વાહન સાથે અથડાઈ હતી. આ ઘટનામાં કાર પલ્ટી મારી ગઈ હતી અને કારમાં મુસાફરી કરી રહેલા એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા હતા જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમજ 15 દિવસમાં જે યુવકના લગ્ન થવાના હતા તે પણ સામેલ છે.

આ અકસ્માત પન્ના જિલ્લા ઈટોરી ગામ પાસે થયો હતો. આંધ્રપ્રદેશની આ મારુતિ વેગેનાર કરકટનીથી પન્ના તરફ જઈ રહી હતી. તે જ સમયે એક અજાણ્યા મોટા વાહન સાથે કાર અથડાઈ હતી, જેના કારણે કારમાં સવાર બે મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અને આ ઘટનામાં બે લોકો ગંભીર રીતે ઘવાયા હોવાનું પણ જાણવા મળે છે.ઘટના અંગે વધુ માહિતી મળી છે કે ઘાયલ થયેલા લોકો ઉત્તર પ્રદેશના ઝાંસી શહેર પાસેના સમથર ગામના રહેવાસી છે, જેઓ તેલંગાણામાં પાણીપુરી વેચતા હતા. મૃતકોમાં એક યુવક ચંદ્રશેખર પાલ હતો, જેના 6 ફેબ્રુઆરીના રોજ લગ્ન થવાના હતા. પરિવારમાં તેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હતી. પરિવારના સભ્યો લગ્નની તૈયારીઓ માટે તેમના ગામ આવી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. ધુમ્મસભર્યા વાતાવરણને કારણે તાત્કાલિક કોઈને આ ઘટનાની જાણ થઈ ન હતી. જે વાહન સાથે ટક્કર થઈ તે વાહન ચાલક પણ ફરાર છે. અહીંથી પસાર થતા લોકોએ પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. તમામ ઘાયલ અને મૃતકોને વાહનમાંથી બહાર કાઢીને સામુદાયિક આરોગ્ય કેન્દ્ર અમનગંજમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

### હિમાચલમાં સક્રિય થતું નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ઠંડી વધશે

હિમાચલ : રાજ્યોમાં વરસાદને કારણે સ્થિતિ વણસી ચૂકી છે ત્યારે હવામાન વિભાગના જણાવ્યાનુસાર આવનારા દિવસોમાં પણ વરસાદ થઈ શકે છે. દિલ્હી-એનસીઆરમાં રવિવારે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું, જેના કારણે વાહનચાલકોને ભારે તકલીફ પડી હતી. શનિવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન સામાન્યથી એક ડિગ્રી વધુ 27.7 ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન સામાન્યથી 2.6 ડિગ્રી વધુ 10.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હિમાચલ પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાથી હવામાનમાં પલટાની સંભાવના છે.

### કામકોટીના દાવાની સોશિયલ મીડિયા પર ભારે ટિકા

# ગૌમુત્રથી રોગોની સારવાર શક્ય IIT મદ્રાસના ડાયરેક્ટરનો વીડિયો વાયરલ

(એજન્સી) ચેન્નાઇ । તા.20

દેશની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સ્થાન ધરાવતા આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર વી કામકોટીએ એક વિચિત્ર દાવો કર્યો હતો, તેમણે કહ્યું હતું કે મારા જાણીતા



એક સન્યાસીને ખુબ તાવ આવ્યો હતો, તેમણે ગૌમૂત્રનો ઉપયોગ કર્યો ને તેમનો તાવ ઉતરી ગયો, ગૌમૂત્રનો ઉપયોગ સારવાર માટે શક્ય છે. આઈઆઈટી ડાયરેક્ટરના આ નિવેદનની સોશિયલ મીડિયા પર ભારે ટિકા થઈ હતી. ચેન્નઈમાં ગાય પર આધારીત એક કાર્યક્રમને સંબોધતા આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર કામકોટીએ કહ્યું હતું કે ગૌમૂત્રમાં એન્ટી-બેક્ટીરિયલ અને એન્ટી-ફંગલ ગુણો હોય છે. ગૌમુત્રથી પાચનતંત્ર સારુ રહે છે અને ઈરિટેબલ બાઉલ સિન્ડ્રોમ જેવી પાચન સાથે સંકળાયેલી સમસ્યાઓની સારવાર કરી આપે છે. એક સન્યાસીએ તાવની સારવાર માટે ગૌમુત્રનો ઉપયોગ કર્યો હતો. જોકે આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટરના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને લોકોએ ગૌમુત્રથી સારવાર શક્ય છે તેવા દાવાનો પુરાવો માગ્યો હતો.

આઈઆઈટી એન્જિનિયરિંગ સંસ્થા છે. પેરિયાર દ્રવિડર કઝગામના નેતા કે રામાક્રિષ્ને કહ્યું હતું કે કામકોટીએ ગૌમુત્રથી સારવાર શક્ય છે તેવા જે દાવા કર્યા છે તેના પુરાવા આપે નહીં તો માફી માગે.

### IIT બાબાની જૂના અખાડામાંથી હકાલપટ્ટી કરાઈ

(એજન્સી) પ્રયાગરાજ । તા.20

ગુરુ મહંત સોમેશ્વર પુરી વિરૂદ્ધ અપમાનજનક ભાષાના પ્રયોગ બાદ નિર્ણય લેવામાં આવ્યો હતો. અખાડાએ જણાવ્યું કે, પોતાના ગુરુ પ્રત્યે માન અને આદર સંન્યાસનો પાયો છે. તે દરેક સંન્યાસી માટે જરૂરી છે. આઈઆઈટી બાબાને ગુરુ સાથે બોલાચાલી થઈ હોવાની ઘટના સામે આવી હતી. એન્જિનિયરમાંથી સંન્સાયી બનેલા અભય સિંહને સોશિયલ મીડિયામાં સારો પ્રતિસાદ મળ્યો હતો.



વિજ્ઞાનને રોજબરોજના જીવન સાથે જોડનારી તેમની વાતો વાયરલ થઈ હતી. આ ઘટના બાદ તેમણે કુંભમેળો છોડવાની વાત પાયા વિનાની ગણાવીને કહ્યું કે, તેને કેમ્પમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ, તેણે બીજા સાધુની છાવણીમાં આશરો લીધો હતો. આ પહેલા જૂના અખાડાએ જાન્યુઆરી ૧૧ના રોજ આગ્રાની ૧૩ વર્ષની રાખી સિંહ અને તેના ગુરુ મહંત કૌશલ ગીરીને અખાડામાંથી બહાર કરીને મહિલાઓ માટે સંન્યાસ લેવાની ઉંમર ૨૨ વર્ષ કરવાનો નિર્ણય લીધો હતો.

### સેલ્ફી માટે 100 રૂપિયા વસૂલવા લાગી વિદેશી મહિલા, જબરદસ્ત કમાણી થવા લાગી




(એજન્સી) પ્રયાગરાજ । તા.20

આપણે ઘણી વાર જોઈએ છીએ કે, લોકો વિદેશી પ્રવાસીઓ સાથે ફોટો ક્લિક કરવા માટે ખૂબ જ આતુર હોય છે. પરંતુ ઘણી વખત ફોટોની વધુ ડિમાન્ડના કારણે પ્રવાસીઓ પરેશાન પણ થઈ જતા હોઈ છે. ત્યારે હવે તાજેતરમાં ફોટોની વધુ ડિમાન્ડના કારણે એક વિદેશી મહિલા ટુરિસ્ટે એક એવી તરકીબ શોધી કાઢી કે તેનાથી તેને જબરદસ્ત કમાણી પણ થવા લાગી. હકીકતમાં આ વિદેશી મહિલાએ પોતાની સાથે સેલ્ફી લેવા માટે 100 રૂપિયાનો ચાર્જ વસૂલવાનું શરૂ કર્યું. સેલ્ફીનો ચાર્જ લેવા માટે પહેલા તો મહિલાએ એક બોર્ડ બનાવ્યું. આ બોર્ડ પર લખ્યું હતું- '1 સેલ્ફી 100 રૂપિયા.'. આ બોર્ડને જોતા જ લોકો તેની સાથે સેલ્ફી લેવા પહોંચી ગયા. હવે આ વિદેશી મહિલાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

# મહારાષ્ટ્રના કલ્યાણમાં પોલીસે દરોડા પાડ્યા, ગેરકાયદેસર રીતે રહેતી 3 બાંગ્લાદેશી મહિલાની ધરપકડ

**મહારાષ્ટ્રના કલ્યાણ-ડોંબિવલી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે રહેતી ત્રણ બાંગ્લાદેશી મહિલાઓની પોલીસે ધરપકડ કરી છે. આ ત્રણેય મહિલાઓ ઘણા વર્ષોથી ભારતમાં ગેરકાયદેસર રીતે રહી રહી હતી. દરમિયાન, મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાટે કહ્યું છે કે છત્રપતિ શિવાજીનગરમાં પણ સર્વે કરવામાં આવશે.**

મુંબઈ: મહારાષ્ટ્રમાં બાંગ્લાદેશી નાગરિકોની ગેરકાયદેસર ઘૂસણખોરીનો મુદ્દો જોર પકડી રહ્યો છે. દરમિયાન, પોલીસ થાણે જિલ્લાના કલ્યાણ-ડોંબિવલી વિસ્તારમાં સતત દરોડા પાડી રહી છે. સોમવારે કલ્યાણની મહાત્મા ફુલે પોલીસે ત્રણ બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલી મહિલાઓના નામ પરવીન શેખ, ખાદીજા શેખ અને રીમા સરદાર છે. કહેવામાં આવી રહ્યું છે કે આ મહિલાઓ છેલ્લા ઘણા વર્ષોથી આ વિસ્તારમાં રહેતી હતી.મહાત્મા ફૂલે પોલીસને આ મહિલાઓના રહેઠાણ વિશે માહિતી મળી હતી. આ માહિતીના આધારે, પોલીસે તે સ્થળે દરોડો પાડ્યો અને ત્રણેય મહિલાઓને કસ્ટડીમાં લીધી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ત્રણેય મહિલાઓ ઘણા વર્ષોથી ભારતમાં ગેરકાયદેસર રીતે રહી રહી હતી. તેમની સામે ભારતીય દંડ સંહિતા અને વિદેશી નાગરિકતા અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમિયાન, મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાટે કહ્યું છે કે છત્રપતિ શિવાજીનગરમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને ઓળખવા માટે એક સર્વે કરવામાં આવશે. તેઓ ગેરકાયદેસર રીતે કેવી રીતે પ્રવેશ્યા? પોલીસ તપાસમાં લાગી



મહાત્મા ફૂલે પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર વિકાસ મડકેએ જણાવ્યું હતું કે પોલીસ ધરપકડ કરાયેલી બાંગ્લાદેશી મહિલાઓના કેસની તપાસ કરી રહી છે. શું આમાં મહિલાઓ સાથે બીજું કોઈ છે? તેમને કોણ લાવ્યું અને તેઓ ગેરકાયદેસર રીતે કેવી રીતે પ્રવેશ્યા? પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે. ઉપરાંત, તેના બધા દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. આ કારણે, પોલીસ તપાસમાં આગળ શું બહાર આવે છે તે જોવું મહત્વપૂર્ણ રહેશે. દરમિયાન, મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાતે સોમવારે જણાવ્યું હતું કે છત્રપતિ શિવાજી નગરમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને શોધવા માટે જિલ્લા, મ્યુનિસિપલ અધિકારીઓ અને પોલીસની મદદથી એક સર્વે હાથ ધરવામાં આવશે. તેમણે કહ્યું કે અધિકારીઓ એવા બાંગ્લાદેશીઓને શોધી કાઢશે જેમણે ગેરકાયદેસર રીતે આધાર કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ અને અન્ય દસ્તાવેજો મેળવ્યા છે. સંજય શિરસાટે કહ્યું, 'આવતા અઠવાડિયે પોલીસ કમિશનર, પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે બેઠક થશે.' આવા (બાંગ્લાદેશી) લોકોની ઓળખ કરવા માટે એક સર્વે કરવામાં આવશે. તેમણે કહ્યું કે અધિકારીઓ તે બાંગ્લાદેશીઓને શોધી કાઢશે અને તેમની સામે કાર્યવાહી કરશે.

### દેશનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ તૈયાર, ચીનની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવામાં મળશે મદદ



(એજન્સી) નવી દિલ્હી । તા. 20

દેશનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ ફરી એકવાર પરિવહન માટે તૈયાર થઈ ચૂક્યો છે. ભારતના પવિત્ર તીર્થ સ્થળ રામેશ્વરમને ટ્રેન મારફત જોડતો પંબન બ્રિજનું રિકંસ્ટ્રક્શન પૂર્ણ થયું છે. આ સાથે ભારત ચીનની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી શકશે. શ્રીલંકાના હંબનટોટામાં ચીન અમુક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યું છે. જેથી પંબન બ્રિજ તૈયાર થઈ જતાં હવે હંબનટોટા પર ચીનની ગતિવિધિઓની નજર રાખી શકાશે. બ્રિટિશ કાર્યકાળ દરમિયાન 1914માં પંબન બ્રિજનું નિર્માણ થયું હતું. પરંતુ તેનો અમુક ભાગ જર્જરિત થતાં અને ખામી સર્જાતાં 2022માં આ ટ્રેન બ્રિજને સમારકામ અર્થે બંધ કરવામાં આવ્યો હતો. હવે તેનું સમારકામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

# રાજ્યોએ મોટર વાહન કાયદાની જોગવાઈઓ પર ટૂંક સમયમાં અહેવાલ દાખલ કરવો જોઈએ

નવી દિલ્હી : મોટર વાહન અધિનિયમમાં એક નવો વિભાગ ઉમેરવામાં આવ્યો છે. તે હાઈ-સ્પીડ વાહનોનું ઈલેક્ટ્રોનિક મોનિટરિંગ જેવી અનેક તકનીકોને મંજૂરી આપે છે. તે જ સમયે, સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કાયદાની જોગવાઈઓ અંગે રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સોમવારે 23 રાજ્યો અને સાત કેન્દ્રશાસિત પ્રદેશોને મોટર વાહન કાયદાની જોગવાઈઓ પર અહેવાલ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે મોટર વાહન કાયદાની તાજેતરની જોગવાઈઓના અમલીકરણ ઉપરાંત ઈલેક્ટ્રોનિક દેખરેખ અને માર્ગ સલામતીના પગલાંના નિયમોનું પાલન કરવાનો અહેવાલ માંગ્યો છે. તે જ સમયે, પાંચ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશે આ સંદર્ભમાં રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યો છે.ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુઇયાની બેન્ચે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક, કેરળ અને દિલ્હીએ તેમના પાલન અહેવાલો દાખલ કર્યા છે.


**પશ્ચિમ રેલવે**
**એન્જિનિયરિંગ કામ**

વરિષ્ઠ DEN (દક્ષિણ) મુંબઈ સેન્ટ્રલ આમંત્રિત કરે છે ટેન્ડર નોટિસ નંબર:- BCT/24-25/262, તારીખ:- 17-01-2025. કાર્ય અને સ્થાન:- ચર્ચગેટ - વિરાર વિભાગ - TSR(P) - 129.062 કિલોમીટર TRT (ટ્રેક રિલેઈંગ ટ્રેન) દ્વારા વરિષ્ઠ DEN(s) વિભાગ હેઠળ. કાર્યનું અંદાજીત ખર્ચ:- રૂ. 13,61,08,593.97., ઈએમડી:- રૂ. 8,30,600.00., સબમિશન કરવાની તારીખ અને સમય :- 11-02-2025 એ 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય :- 11-02-2025 એ 15:30 કલાક. વધારાની માહિતી માટે કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો 0985

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**
**વિવિધ સામગ્રી પરવઠો**

ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર:- S/05/2025 તારીખ:- 17-01-2025

| ક્ર.નં | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | ટીઓડી |
|---|---|---|---|
| 34 | બ્રેક કેલિપરનો સમૂહ. | 16 સેટ | 10 ફેબ્રુઆરી 2025 |
| 35 | બે વસ્તુઓનો સમાવેશ સાથે બ્રેક કેલિપર યુનિટનો સેટ | 16 સેટ | 11 ફેબ્રુઆરી 2025 |
| 36 | સિલિકોન રેક્ટિફાયર માટે બ્લોઅર. | 160 સેટ | 17 ફેબ્રુઆરી 2025 |
| 37 | 60 કિલો રેલ માટે જોગલ્ડ ફિશ પ્લેટ. | 29150 સેટ | 18 ફેબ્રુઆરી 2025 |
| 38 | વિશાળ સ્લીપર માટે ઉચ્ચ ચીકણું નાયલોન (HVN)-66 ઈન્સ્યુલેટીંગ લાઈનર્સ. | 288600 સેટ | 19 ફેબ્રુઆરી 2025 |
| 39 | ઉચ્ચ ચીકણું નાયલોન (HVN)-66 ઈન્સ્યુલેટીંગ લાઈનર્સ ERC MK-III સાથે 52 kg રેલ સાથે 52 kg કોંક્રીટ સ્લીપર પર વાપરવા માટે. | 300000 નંગ | 24 ફેબ્રુઆરી 2025 |

વિગતવાર સૂચના, EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો.

અમને લાઈક કરો facebook.com/WesternRly • અમને ફોલો કરો x.com/WesternRly 0984

**નિયુક્ત અધિકારી, ખાણ મંત્રાલય, ભારત સરકાર.**

રૂમ નં. : 310 - 'ડી' વિંગ, ત્રીજો માળ, શાસ્ત્રી ભવન, નવી દિલ્હી, 110001, 011-23384334.

**"ક્રિટીકલ અને વ્યૂહાત્મક ખનીજની ખનીજ છૂટ આપવા માટે પાંચમા તબક્કા માટે બિડનું આમંત્રણ"**

ખાણો અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ 1957ની કલમ 11(ડી) દ્વારા કેન્દ્ર સરકારને આપવામાં આવેલી હરાજીની સત્તાનો ઉપયોગ કરીને પ્રથમ શેડ્યૂલના ભાગ Dમાં ઉલ્લેખિત ખનિજો માટે ખનિજ છૂટ આપવા માટે અને તે અનુસાર ખનિજ (હરાજી) નિયમો 2015 સમયાંતરે સુધારેલા તે હેઠળ ભારત સરકારે સૂચના આપી છે નિર્ણાયક અને વ્યૂહાત્મક ખનિજોની હરાજીના પાંચમા તબક્કામાં 15 બ્લોકની હરાજી હાથ ધરવા ખાણ મંત્રાલયના નિયુક્ત અધિકારી. , MSTC ઈ-ઓક્શન પોર્ટલ અને ખાણ મંત્રાલયની વેબસાઈટ પર ટેન્ડરને આમંત્રણ આપતી નોટિસ (NIT) પ્રકાશિત કરવામાં આવી છે. ટેન્ડર દસ્તાવેજોના વેચાણની શરૂઆત સોમવાર 27 જાન્યુઆરી, 2025 ના રોજથી શરૂ થશે.ટેન્ડર દસ્તાવેજો અને અન્ય વિગતો (https://www.mstcecommerce.com/auctionhome/mlcln/) પર ઍક્સેસ કરી શકાય છે.

CBC 26101/11/0010/2425

સિટી એક્સપ્રેસ
TUESDAY 21 JANUARY-2025
AHMEDABAD

## વાસણામાં મિત્રો વચ્ચે થઈ બબાલ,યુવકની કરાઈ હત્યા

અમદાવાદ : અમદાવાદમાં ફરી એક વખત હત્યાનો બનાવ સામે આવ્યો છે. શહેરના વાસણા વિસ્તારમાં હત્યાનો બનાવ બન્યો છે. મળતી માહિતી મુજબ મૃતક અને તેના મિત્રો વચ્ચે કોઈ વાતને લઈને બબાલ થઈ હતી અને બબાલની ઘટના હત્યા સુધી પહોંચી ગઈ હતી. વાસણા વિસ્તારમાં હત્યાની ઘટના બનવાને લઈને આસપાસના વિસ્તારમાં અને લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને ચારે બાજુ ચકચાર મચી જવા પામી છે. તમને જણાવી દઈએ મૃતક ચેન સ્નેચરના ગુનામાં સંડોવાયેલો હતો. આ સમગ્ર ઘટના મામલે વાસણા પોલીસ તપાસ હાથ ધરી છે.

## ચાંદખેડામાં સાકાર સ્કૂલને દ્વારા FRCના ભંગ બદલ નોટીસ

અમદાવાદ : અમદાવાદના ચાંદખેડામાં સાકાર સ્કૂલ દ્વારા FRC એ નક્કી કરેલ ફી કરતા વધુ વસૂલતા સ્કૂલને નોટિસ ફટકારવામાં આવી છે. સ્કૂલની ફી 30,800 રૂપિયા હોવા છતાં સ્કૂલ દ્વારા 39,000 રૂપિયા ફી વસૂલવા આવી રહી હતી, જેને લઈને વાલીએ DEOને ફરિયાદ કરી હતી. DEO દ્વારા સ્કૂલને નોટિસ ફટકારવામાં આવી છે. સ્કૂલના પ્રિન્સિપાલને રૂબરૂ હાજર રહી ખુલાસો કરવા આદેશ કર્યો છે. જે સંદર્ભે 10 જેટલા વાલીઓ દ્વારા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. જેના આધારે કચેરી દ્વારા તપાસ કરવામાં આવતા શાળા દ્વારા વધુ ફી લીધી હોવાની હકીકત સામે આવી છે.



### 19 ફેબ્રુઆરીથી વિધાનસભાનું બજેટ સત્ર, જંત્રી દરમાં રાહત મળવાની સંભાવના

# 20 ફેબ્રુઆરીએ રજૂ થશે ગુજરાતનું બજેટ-2025-26

(એજન્સી) ગાંધીનગર | તા.20



ગુજરાત વિધાનસભાનું આગામી 19મી ફેબ્રુઆરીથી બજેટ સત્ર શરુ થશે. નાણામંત્રી કનુ દેસાઇ દ્વારા 20મી ફેબ્રુઆરીના રોજ રાજય સરકારનું વર્ષ 2025-26નું બજેટ રજૂ કરવામાં આવશે. 40 દિવસ સુધી ચાલનારા બજેટ સત્રમાં અડધોડઝન વિધેયક અથવા સુધારા વિધેયક પ્રસાર કરવામાં આવશે. બજેટ સત્ર પૂર્ણ થયા બાદ રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવે તેવી સંભાવના છે. ઉલ્લેખનીય છે કે, નાણામંત્રી કનુ દેસાઈએ વર્ષ 2024-25 માટે ગુજરાત સરકારનું ત્રણ લાખ 32 હજાર 465 કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેમાં મહિલાઓ, કિશોરીઓ, બાળકો, કુપોષણ, શિક્ષણ જેવાં અનેક ક્ષેત્રો માટે જાહેરાતો કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી બજેટ સત્ર દરમિયાન આખર થયેલા જંત્રી દરની જાહેરાત કરવામાં આવશે. જમીનની માર્કેટ વેલ્યુ તથા ડિમાન્ડને આધારે જંત્રીના દરોમાં યોગ્ય ફેરફાર આવશે. ગુજરાત સરકારે થોડાં સમય પહેલા જંત્રીના દરમાં વધારો સૂચવ્યો હતો, જેમાં ઘણી જગ્યાઓએ આ દરમાં બમણાથી લઈને 9 થી 10 ગણા જેટલો વધારો ઝીંકી દેવાયો હતો. અચાનક જંત્રી દરોમાં આવેલા ઉછાળાને કારણે બિલ્ડર લોબી અને મકાન કે જમીન ખરીદવા માંગતા લોકોના વર્ગમાં ઉચાટ જોવા મળ્યો હતો.

### ગુજરાત યુનિવર્સિટીના 4 કરોડની ઉપાચત

# સંબંધીઓનાં ખાતાંમાં પૈસા ટ્રાન્સફર કર્યાની પ્રોફેસરની કબૂલાત

(એજન્સી) અમદાવાદ | તા.20

યુનિવર્સિટીના પ્રોફેસર કમલજિત લખતરિયા સામે યુનિવર્સિટીના 4.09 કરોડ રૂપિયાની ઉચાપત કર્યાની ફરિયાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ હતી. આ ઉપરાંત 16 કરોડ રૂપિયાના ખર્ચ થયેલો છે, એનો કોઈ હિસાબ આપવામાં આવ્યો નથી. કમલજિત લખતરિયાની તપાસમાં નોલેજ પાર્ટનરને 70 ટકા રકમ આપવાની હતી, એનાથી વધુ રકમ આપી હોવાનું સામે આવ્યું છે, જેથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા 60 નોલેજ પાર્ટનર સામે પણ તપાસ કરવામાં આવશે. તપાસમાં નોલેજ પાર્ટનરે વધુ પૈસા લીધા હશે તો તેમને પણ આરોપી બનાવવામાં આવશે.




#### પ્રોફેસરને ગેરરીતિ બદલ ફરજ મોકૂફ કરાયા

આ અંગે યુનિવર્સિટી દ્વારા નાણાકીય વ્યવહારની તપાસ માટે સીએની નિમણૂક કરવામાં આવી હતી. આ દરમિયાન કમલજિત લખતરિયાને નાણાકીય ગેરરીતિ બદલ ફરજ મોકૂફ કરવામાં આવ્યા હતા. નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજની અધ્યક્ષતામાં ઈન્કવાયરી કરવામાં આવી હતી.

#### ઉપાચતની પોલીસ સમક્ષ કબૂલાત


કમલજી લખતરિયાએ ઈન્કવાયરી દરમિયાન સ્વીકાર પણ કર્યો હતો કે સરતચૂકથી પૈસા ટ્રાન્સફર કરી દીધા છે, જે પૈકી 67.32 લાખ ટુકડે-ટુકડે પરત જમા કરાવ્યા હતા, પરંતુ યુનિવર્સિટીને લેવાના 30 ટકા લેખેના 4.09 કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા ન હતા અને યુનિવર્સિટી સાથે વિશ્વાસઘાત કરીને નાણાંની ઉચાપત કરી હતી.

**એનિમેશન વિભાગના વ્યવહારોની તપાસમાં ગેરરીતિ |** ગત 16 જાન્યુઆરી, 2025ના રોજ ગુજરાતી યુનિવર્સિટીના અધિકારી અજય દાસે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે કે ગુજરાત યુનિવર્સિટીમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા કમલજિત લખતરિયા વર્ષ 2015થી એનિમેશન ડિપાર્ટમેન્ટમાં કો-ઓર્ડિનેટર તરીકેનો ચાર્જ સંભાળતા હતા. એનિમેશન ડિપાર્ટમેન્ટમાં ખાનગી કંપનીઓ સાથે MOU થયા હતા. ખાનગી કંપનીઓ નોલેજ પાર્ટનર તરીકે રોકવામાં આવી હતી. એનિમેશન વિભાગમાં ફીની આવકના 30 ટકા ગુજરાત યુનિવર્સિટીને આપવાના હતા અને 70% એનિમેશન વિભાગને લેવાના હતા. યુનિવર્સિટીનાં નાણાં સમયસર આપવાની જવાબદારી કો-ઓર્ડિનેટરની હતી. વર્ષ 2023માં કાર્યકારી ચીફ એકાઉન્ટન્ટ કનૈયા ઠાકરે તપાસ કરી ત્યારે એનિમેશન વિભાગના વ્યવહારોમાં ગેરરીતિ થઈ હોવાની જાણ થઈ હતી.

# બેંક અધિકારીએ બેંકનું જ કરી નાખ્યું!....લગાવ્યો કરોડોનો ચૂનો

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદમાં બેંકના અધિકારીએ પોતાની જ બેંક સાથે છેતરપિંડી કરી. બેંક અધિકારીને શેરબજારમાં મોટું નુકસાન થયું હતું. આથી કર્મચારીએ જે બેંકમાં નોકરી કરતાં હતા તેમાંથી જ નાણાંની ઉચાપત કરી અને તે રૂપિયાનું ફરી શેરબજારમાં રોકાણ કર્યું.અને ફરી શેરબજારમાં મોટું નુકસાન થયાનું સામે આવતાં ભાંડો ફૂટયો. બેંકના અન્ય એક કર્મચારીએ ફરિયાદ કરતાં પોલીસે આરોપીની ધરપકડ કરી.



#### મેનેજરે પોતાની બેંક સાથે કર્યું ફ્રોડ

શહેરની અમરનાથ કો-ઓપરેટીવ બેંક લિમિટેડના મેનેજરે ફ્રોડ કર્યાની ઘટના સામે આવી.અમરનાથ કો.ઓપ.બેંકમાં સિનિયર એક્ઝિક્યુટિવ મેનેજર તરીકે ફરજ બજાવનાર કર્મચારીએ પોતાની જ બેંક સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી. સિનીયર મેનેજર વિપુલ પટેલ શેરબજારમાં રોકાણ કરવાના ભારે શોખીન છે. વિપુલ પટેલ શેરબજારમાં મોટી રકમનું રોકાણ કરતો હોય છે. જો કે થોડા સમય પહેલાં બેંકના સિનીયર મેનેજર વિપુલને શેરબજારમાં મોટું નુકસાન થયું.

#### મેનેજરે પોતાની બેંક સાથે કર્યું ફ્રોડ

શહેરની અમરનાથ કો-ઓપરેટીવ બેંક લિમિટેડના મેનેજરે ફ્રોડ કર્યાની ઘટના સામે આવી.અમરનાથ કો.ઓપ.બેંકમાં સિનિયર એક્ઝિક્યુટિવ મેનેજર તરીકે ફરજ બજાવનાર કર્મચારીએ પોતાની જ બેંક સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી. સિનીયર મેનેજર વિપુલ પટેલ શેરબજારમાં રોકાણ કરવાના ભારે શોખીન છે. વિપુલ પટેલ શેરબજારમાં મોટી રકમનું રોકાણ કરતો હોય છે. જો કે થોડા સમય પહેલાં બેંકના સિનીયર મેનેજર વિપુલને શેરબજારમાં મોટું નુકસાન થયું.

## અમદવાદમાં 69 વર્ષીય મહિલાને HMPV પોઝિટિવ

અમદવાદ : અમદવાદમાં વધુ એક HMPVનો કેસ નોંધાયો છે. 69 વર્ષીય મહિલાને HMPV પોઝિટિવ આવ્યો છે. દર્દી મહેસાણાનાં વિજાપુરના વતની હોવાનું સામે આવ્યું છે. મહિલાને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ અગાઉ HMPV વાયરસના 5 પોઝિટિવ કેસ નોંધાયા હતા.કોરોના વાઈરસ બાદ HMP વાઈરસે ભારે હાલાકી મચાવી છે. એવામાં અમદવાદમાં વધુ એક HMPVનો કેસ નોંધાયો છે. ત્યાં બીજી તરફ વાઈરલ અને પાણી જન્ય રોગચાળો ફાટી નિકળતા લોકો વાઈરલ રોગચાળાનો શિકાર બની રહ્યા છે. AMC સંચાલિત 86 અર્બન હેલ્થ સેન્ટરોમાં પાણીજન્ય રોગચાળાને લઈને પ્રતિદિન 600 જેટલા કેસ નોંધાયા છે.

### 10 વર્ષમાં એવું શું થયું?

# અમદાવાદમાં 55605 બાળકો ખાનગી સ્કૂલ છોડી સરકારી શાળામાં જોડાયા

(એજન્સી) અમદાવાદ | તા.20

દેશમાં વધતી જતી મોંઘવારી સામે આવકમાં વધારો થઇ રહ્યો નથી જેના લીધે ઘર પરિવારનું ગુજરાન ચલાવવું એક મોટો પડકાર બની ગયો છે. જેમાં ખાસ કરીને શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ મોંઘીદાટ બની ગઇ છે. ત્યારે વાલીઓનો ખાનગી શાળા પ્રત્યેનો મોહભંગ થઇ રહ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓમાં દસ વર્ષના સમયમાં ખાનગી શાળા છોડીને 55,605 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. તો બીજી તરફ વિવિધ વોર્ડમાં આવેલી 129 જેટલી મ્યુનિસિપલ શાળાઓને આ સમય દરમિયાન સ્માર્ટ શાળા બનાવવામાં આવી છે.

#### ખાનગી શાળા છોડીને 55 હજાર વિદ્યાર્થીનો મ્યુનિ.શાળામાં પ્રવેશ

વર્ષ 2025-26માં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 24 નવી શાળા બનાવવામાં આવશે. વર્ષ 2025-26ના રૂપિયા 1143 કરોડના ડ્રાફ્ટ બજેટ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ માત્ર રૂપિયા 77.50 કરોડ જ ખર્ચ કરાશે. મ્યુનિસિપલ સ્કૂલબોર્ડનું વર્ષ 2025-26 માટેનું રૂપિયા 1143 કરોડનું ડ્રાફ્ટ બજેટ શાસનાધિકારી ડૉકટર લગધીર દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.



#### શહેરના વિવિધ વોર્ડમાં 129 જેટલી સ્માર્ટ શાળા બનાવવામાં આવી

જો કે રૂપિયા 1042.5 કરોડ તો માત્ર પગાર અને પેન્શનની ચૂકવણી પાછળ જ ખર્ચ કરવામાં આવશે. શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ રૂપિયા 77.50 કરોડ ખર્ચ કરવામાં આવશે. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓ માટે રાજ્ય સરકાર ગ્રાન્ટેબલ ખર્ચના રૂપિયા 808 કરોડ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન રૂપિયા 131 કરોડ આપશે. વર્ષ 2025 નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું શતાબ્દી વર્ષ છે.

# રાજભવન સ્ટાફના આવાસીય પરિસરમાં સરસ્વતી સદનમ્ અને 'એશ્વર્યમ્'માં 32 આવાસનું લોકાર્પણ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરમાં રાજભવનના કર્મચારીઓ-અધિકારીઓ માટેના આવાસીય પરિસરમાં સરસ્વતી સદનમ્ અને 'એશ્વર્યમ્'માં 32 આવાસનું લોકાર્પણ કર્યું હતું. શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન સ્ટાફ પરિવારને દિવ્ય-ભવ્ય આવાસ અર્પણ કરતાં આ દરમિયાન સૌનું જીવન સુખમય, શાંતિમય અને સંપૂર્ણ સ્વસ્થ રહે એવી શુભકામનાઓ પાઠવી હતી. શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિવારના સૌ સભ્યો અને તેમના પરિવારજનોને સંપીને-એક પરિવારની જેમ રહેવા, આવાસીય પરિસરમાં સ્વચ્છતા જાળવવા અને બાળકોના વિકાસ માટે સારું શિક્ષણ અને સંસ્કારી વાતાવરણ આપવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, રાજભવન આવાસીય પરિસરની સ્વચ્છતા અને સુંદરતા જાળવવાની જવાબદારી અહીં વસતા પરિવારોની



છે. આ પરિસરને એવું આદર્શ અને આખા રાજ્ય માટે ઉદાહરણીય બનાવો કે બહારના લોકોને આ પરિસરની મુલાકાત લેવાનું અને પ્રેરણા લેવાનું મન થાય.રાજભવન આવાસીય પરિસરમાં રૂપિયા 48.04 કરોડના ખર્ચે છ-ટાઈપના 96 આવાસ અને ઘ-ટાઈપના 32 આવાસનું નિર્માણ કરાયું છે. 300 લોકોની ક્ષમતાવાળા કોમ્યુનિટી હૉલ-સરસ્વતી સદનમ્ નું પણ નિર્માણ કરાયું છે. આ પરિસરમાં અદ્યતન દવાખાનું પણ કાર્યરત છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જર્જરીત થઈ ગયેલા સ્ટાફ ક્વાર્ટર્સના પુનનિર્માણ કાર્યનું વર્ષ 2022 માં ભૂમિ પૂજન કર્યું હતું. તેમણે અંગત રસ લઈને કામની ઝડપ અને કામની ગુણવત્તા બંને માટે વિશેષ કાળજી લીધી હતી. વર્ષ 2023 માં 17મી સપ્ટેમ્બરે પ્રથમ તબક્કાના કામનું સમાપન થતાં કર્મચારીઓને નવા આવાસો મળ્યા હતા.

### રોબોફેસ્ટ ગુજરાત 4.0

## 21 થી 24 જાન્યુઆરી, 2025 દરમિયાન સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાશે




(એજન્સી) અમદાવાદ | તા.20

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા આયોજિત ભારતની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા, ROBOFEST-GUJARAT 4.0, તેનો ગ્રાન્ડ ફિનાલેનો કાર્યક્રમ 21 થી 24 જાન્યુઆરી, 2025 દરમિયાન ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાશે. આ પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક કાર્યક્રમનું ઉદઘાટન શ્રીમતી મોના ખંધાર, IAS, અગ્ર સચિવશ્રી, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમનાં ઉદ્ઘાટન સમારંભ દરમિયાન શ્રી નિલેશ એમ. દેસાઈ, ડાયરેક્ટર, સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC - ISRO) અને ડો. રાજુલ ગજ્જર, વાઇસ ચાન્સેલર, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને ટેકનિકલ સલાહકાર સમિતિ- રોબોફેસ્ટના સભ્યો અતિથિ-વિશેષ તરીકે હાજરી આપશે. આ રાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટ નવીનતા, ટેકનોલોજી અને સર્જનાત્મકતાની ઉજવણી છે.

# 'મારો ન્યાય મારી ભાષામાં' ઝુંબેશ હેઠળ ગુજરાતીને વડી અદાલતમાં સત્તાવાર ભાષા બનાવવા માગ

*ગુજરાતી ભાષાને હવે આગામી સમયમાં વડી અદાલતમાં અધિકૃત ભાષા તરીકે સ્વીકૃતિ મળે તે માટેની નીતિ ઘડવાના પ્રયાસો હાથ ધરવાનું શરુ કરવામાં આવ્યું છે*



અમદાવાદ : ગુજરાતી ભાષાને હવે આગામી સમયમાં વડી અદાલતમાં અધિકૃત ભાષા તરીકે સ્વીકૃતિ મળે તે માટેની નીતિ ઘડવાના પ્રયાસો હાથ ધરવાનું શરુ કરવામાં આવ્યું છે. 'મારો ન્યાય મારી ભાષામાં'ના મુદ્દે અમદાવાદના પ્રબુદ્ધ નાગરિકોની હાજરીમાં એક બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ નિર્ણય લેવામાં આવ્યા હતા. આ અંગે સિનિયર એડ્વોકેટ અસીમ પંડ્યાએ જણાવ્યું હતું કે, 'ગુજરાત રાજ્ય ઉચ્ચ ન્યાયાલય ભાષા સમિતિની રચના કરાશે. આ સમિતિમાં વિવિધ જિલ્લાના એક-એક પ્રતિનિધિનો સમાવેશ કરીને ગુજરાતી ભાષાને વડી અદાલતમાં અધિકૃત ભાષા તરીકે સ્વીકૃતિ મળે તે માટેની નીતિ ઘડાશે અને 21મી ફેબ્રુઆરીના વિશ્વ માતૃભાષા દિવસે અને પછી ગુજરાત સ્થાપના દિન પહેલી મે એ કાર્યક્રમો યોજવાનું આયોજન કરાયું છે.' અસીમ પંડ્યાએ જણાવ્યું કે, 'ગુજરાતની વડી અદાલતમાં ગુજરાતી ભાષાની સ્વીકૃતિ મેળવવા વડાપ્રધાન, કાયદામંત્રી, ગુજરાતના રાજ્યપાલ, મુખ્યમંત્રીને આ મુદ્દા બાબતે વિગતવાર રજૂઆત કરાશે. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગૂજરાત વિદ્યાપીઠ, તાબાની અદાલતના વકીલ મંડળો વગેરે સંસ્થાઓને આ ઝુંબેશમાં જોડીને તેમનું સમર્થન આપતાં ઠરાવો મેળવાશે.'

# કુંભમેળા | સ્પાઇસ જેટ બાદ ઈન્ડિગો અને અકાસા એરની ફ્લાઈટ ઉડાન ભરશે

(એજન્સી) અમદાવાદ | તા.20

પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભમેળામાં સામેલ થવા માટે દેશ-વિદેશથી ભક્તોનો પ્રવાહ પ્રયાગરાજ તરફ આવી રહ્યો છે. ગુજરાતીઓ પણ મોટી




સંખ્યામાં કુંભમેળામાં સ્નાન માટે પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. મહાકુંભ મેળામાં જવા માટે ભક્તોની સંખ્યામાં વધારો થતાં અમદાવાદથી પ્રયાગરાજની વધુ બે ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. 28મી તારીખથી અમદાવાદથી પ્રયાગરાજ અને પ્રયાગરાજથી અમદાવાદ વચ્ચે ઈન્ડિગો અને અકાસા એરની ખાસ ફ્લાઈટનો પ્રારંભ કરાશે. સ્પાઈસ જેટ બાદ ઈન્ડિગો અને અકાસાની ફ્લાઈટ મળશે હાલ સ્પાઈસ જેટ દ્વારા અમદાવાદથી પ્રયાગરાજ અને પ્રયાગરાજથી અમદાવાદ માટે દરરોજ બે ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવી રહી છે, જેના ભાડાંમાં તોતિંગ વધારો થયો છે. અમદાવાદથી પ્રયાગરાજ અને પ્રયાગરાજથી અમદાવાદની રાઉન્ડ ટ્રિપનું ભાડું હાલમાં 35,000 જેટલું થયું છે. ત્યારે હવે સ્પાઈજેટ એરલાઈન્સ બાદ ઈન્ડિગો અને અકાસા એરલાઈન્સ દ્વારા પણ કેટલાક દિવસો માટે ખાસ ફ્લાઈટની શરૂઆત કરવામાં આવી છે.

### સુરતના રત્નકલાકારોની અદ્ભૂત કારીગરી

# ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિકૃતિવાળો ડાયમંડ બનાવ્યો



**4.30 કેરેટના ડાયમંડમાંથી ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિકૃતિ તૈયાર કરી**

(એજન્સી) સુરત | તા.20

અત્યાર સુધીમાં ડોનાલ્ડ ટ્રમ્પની અનેક પ્રતિકૃતિ અને તસવીરો લોકોએ જોઈ હશે, પરંતુ સુરતના ડાયમંડ ઉદ્યોગપતિ દ્વારા લેબગ્રોન ડાયમંડમાં ડોનાલ્ડ ટ્રમ્પની આબેહૂબ પ્રતિકૃતિ બનાવવામાં આવી છે. આજે (20 જાન્યુઆરી) ડોનાલ્ડ ટ્રમ્પ શપથ લઈ અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ બનશે. ત્યારે માત્ર અમેરિકા જ નહીં, પરંતુ ભારતમાં પણ તેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. 60 દિવસની મહેનત સાથે સુરતના અનુભવી પાંચ રત્નકલાકારે 4.30 કેરેટના લેબગ્રોન ડાયમંડમાં બનાવેલી છબી ડોનાલ્ડ ટ્રમ્પને ભેટમાં આપવા ઉદ્યોગપતિએ તૈયારી બતાવી છે. સુરતના પાંચ રત્નકલાકારે 4.30 કેરેટના ડાયમંડમાંથી અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિકૃતિ તૈયાર કરી છે, જે ટ્રમ્પને ભેટમાં આપવામાં આવશે. આ ડાયમંડ તૈયાર કરવા માટે રત્નકલાકારોને 60 દિવસ સમય લાગ્યો હતો. આ ડાયમંડ ડોનાલ્ડ ટ્રમ્પને ભેટમાં આપવા ઉદ્યોગપતિએ તૈયારી બતાવી છે. ડાયમંડ તૈયાર કરાવનાર ઉદ્યોગપતિ સ્મિત પટેલે કહ્યું કે, 'સુરત હંમેશા કંઈક નવું કરવા માટે જાણીતું છે. આ ડાયમંડ અમારા સુરતના કારીગરો દ્વારા ખાસ ડોનાલ્ડ ટ્રમ્પ માટે બનાવવામાં આવ્યો છે.

### AMCના 9 ફાયર અધિકારીને ટર્મિનેટ કરવાનો કેસ

# હાઈકોર્ટે તમામને કાયમી કરવાનો કર્યો હુકમ



(એજન્સી) અમદાવાદ | તા.20

AMCના 9 ફાયર અધિકારીઓને ટર્મિનેટ કરવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. તમામ 9 અધિકારીને બુધવારથી કાયમી કરી દેવાનો આદેશ આપ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકાએ તમામ 9 અધિકારીને ટર્મિનેટ કરતા તેમણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા, જેમાં કોર્ટ આ હુકમ કર્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ખાતામાં ફરજ બજાવતાં 9 અધિકારીઓ સામે ફરિયાદ મળી હતી કે, તેમણે દ્વારા બિનઅધિકૃત/ખોટી સ્પોન્સરશીપ દ્વારા N.F.S.C, નાગપુર ખાતે ખોટી રીતે પ્રવેશ મેળવીને શૈક્ષણિક લાયકાત મેળવી હતી. તેના આધારે વિજીલન્સ તપાસ તથા ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની ખાતાકીય તપાસમાં ગુનો સાબિત થતાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા ટર્મિનેટ કેમ ન કરવા? તે અંગે ફાઈનલ શોકોઝ નોટીસ ઈશ્યુ કરવામાં આવી હતી.

**કયા અધિકારીઓને કરાયા હતા** ઓમ જાડેજા, આસિફ શેખ, સુધીર ગઢવી, શુભમ ખડિયા, અભિજિત ગઢવી, મેહુલ ગઢવી, અનિરુદ્ધ ગઢવી, કૈઝાદ દસ્તુર, ઈનાયત શેખ સહીત 9 અધિકારીઓને ટર્મિનેટ કરાયા હતા, જેઓ હાઈકોર્ટમાં કેસ જીતી જતા તેમને કાયમી કરવાનો હુકમ કરાયો છે.